રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

યુગેન રિઅલ્ટી

FOLLOW US !

SUBSCRIBE

ફાઉન્ડર, પ્રકાશક અને પ્રમુખ તંત્રી - મનીષ તોમર

RNI : APPLIED

વર્ષ - 02 । અંક - 07 । સળંગ અંક - 19 । ઓગસ્ટ 2025 ☎ +91 878 008 9449 ✉ yugenrealty@gmail.com 🌐 www.yugenrealty.com

BEST PLATFORM TO PROMOTE REAL ESTATE PROJECTS - PRODUCTS - SERVICES

Advertise - PR Launch Events ▶ યુગેન રિઅલ્ટી મન્થલી ન્યૂઝપેપર | YUGEN Realty DIGITAL MONTHLY NEWSPAPER | Realty News Web Portal yugenrealty.com | Digital Mediums @yugenrealty

MITSUBISHI ELECTRIC INDIA PVT. LTD.

Customer Care Toll Free No.: **1800 102 2626** I Website: **www.MitsubishiElectric.in**

Branch Office: 401, 4th Floor, Royal Trade Centre, Opp. Star Bazar, Near Old Pal Jakat Naka, Adajan-Pal Road, Surat-395009. Phone: 0261-4003111

For more details, please contact: **For RAC & PAC: 93715 95655 & For VRF: 84600 67404**

Consumer Finance Available | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES | IDFC FIRST Bank | EMI Option Available | pine labs PAY LATER

*For E-waste Collection & Disposal process: Customer can get complete details of company process on collection, disposal of e-waste product (i.e. 'Mitsubishi Electric' make Air Conditioner) and incentive / exchange scheme for returning of e-waste on **Company website** (www.MitsubishiElectric.in) or by calling on **Toll free number 1800 102 2626.**

BMW
MASTER EVERY MOMENT.
DRIVE HOME AT AN INTRODUCTORY
PRICE OF ₹75,80,000*.
THE ALL-NEW
X3
THE X3
Dynamically longer and wider, the new X3 is primed for versatile activity. Explore new worlds with its sporty spirit, as you uplift your passion for adventure. Its stunning design featuring a glowing grille, and digital integration that facilitates connected control, drives you to embrace a lifetime in every moving moment.
Longest Car in the Segment.
Adaptive Suspension.
Unique Glowing Grille.
Head-up Display.
Driving Assistant Plus.
BMW Eminent Cars
Surat
Tel.: +91 90819 58777
www.bmw-eminentcars.in
Vadodara
Tel.: +91 63560 40000
*Ex-showroom price. Terms and conditions apply. The model, equipment and possible vehicle configurations illustrated in this advertisement may differ from the vehicles supplied in the Indian market.
KNOW MORE.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

યુગેન રિઅલ્ટી

મન્થલી ન્યૂઝપેપર

FOLLOW US !

SUBSCRIBE

ફાઉન્ડર, પ્રકાશક અને પ્રમુખ તંત્રી - મનીષ તોમર

RNI : APPLIED

વર્ષ - 02 । અંક - 07 । સળંગ અંક - 19 । ઓગસ્ટ 2025 ☎ +91 878 008 9449 ✉ yugenrealty@gmail.com 🌐 www.yugenrealty.com

હાઈલાઈટ્સ...

ડિઝાઈન વેનગાર્ડ
આર્કિટેક્ટ ઈશ્વર ગેહી

ધ ડિઝાઈનર્સ વર્લ્ડ
ઈન્ટીરીઅર ડિઝાઈનર વિશાલ ખેરડીયા

દર્શ માંગુકિયા - આદર્શ પટેલ
હુરુન ઈન્ડિયા એવોર્ડ્સ

ધ ડીલ મેકર
હરેશ સુરાણી, હેલીસ રિઅલ્ટર

યંગ વિઝનરી
અંકુર રૂંગટા, રૂંગટા ડેવલપર્સ

શ્રીપદ ગ્રુપ ન્યૂ કોર્પોરેટ ઓફિસ
સમીપ માલાણી - ચેરમેન, શ્રીપદ ગ્રુપ

IGBC સુરતની ગ્રીન સંવાદ પહેલ



Ar. રાજીવ કથપાલિયા સાથે પ્રેરણાદાયી સાંજ

alt. DRX 14

ભારતનું પ્રથમ ટોકનાઈઝ્ડ રિઅલ એસ્ટેટ માર્કેટપ્લેસ

ક્રેડાઈ વુમન્સ વિન્ગ દ્વારા લેબર જાગૃતિ કાર્યક્રમ

દક્ષિણ ગુજરાતમાં HVAC&R ક્ષેત્રે ISHRAE

AREAS રિઅલ એસ્ટેટ અજેન્ટ્સ એસો. નું લોન્ચિંગ

SGRA મીટ એન્ડ ગ્રીટ 2025

SISMA નવા પ્રમુખ અને લીડરશીપ ટીમ

SEBA SURAT EAST BUILDERS ASSOCIATION 37

શામ-એ-સેબા : પ્રથમ વર્ષગાંઠની ઉજવણી



Better Surfaces, Smarter Spaces

Expressive on-site finishes...FreeForm by VYARA delivers the complete surface solutions

FREEFORM® ARCHITECTURAL PREMIXES
BY VYARA

Cementitious & Epoxy Floors | Wall Finishes | Base Materials | Sealers

GreenPro Certified

Connect with us to explore how FreeForm can enhance your next project

Vyara Tiles Limited 903-904 Rajhans Montessa, Dumas Road, Surat 395007 Gujarat
9374001415 | 9327447469 | info@vyaratiles.in | www.freeformbyvyara.in

freeformbyvyara.in

RIGHT
SIZE,
STRENGTH &
FOUNDATION
PATEL
AGGREGATES
Your project deserves aggregates that match its ambition
PM GROUP
CONTACT PATEL AGGREGATES, WHERE EVERY TYPE OF COARSE AGGREGATE IS SUPPORTED BY 3QS
QUALITY
QUANTITY
QUICKNESS
810, Rajhans Montessa, Dumas Road, Magdalla Surat
+91 9727078922
enquiry@pmgroup.co

એડિટર્સ મેસેજ

મનીષ તોમર
એડિટર-ઇન-ચીફ અને પ્રકાશક
યુગેન રિઅલ્ટી - માસિક અખબાર
+91 878 008 9449
manish@yugenrealty.com

> **યુગેન એટલે કે યોર ગેઇન - આપનો ફાયદો. તમને એવી માહિતી- એવું પ્લેટફોર્મ મળે જે તમને જાણકાર નિર્ણયો લેવા અને આગળ વધારવા માટે સશક્ત બનાવે.**

સુરત રિઅલ એસ્ટેટનો નવો દોર : એવોર્ડ્સ થી વિઝન અને સંગઠન થી વિકાસ તરફ

ભારતના રિઅલ એસ્ટેટ ઉદ્યોગની સતત બદલાતી સફરમાં ક્યારેક એવો સમય આવે છે જ્યારે પ્રગતિની સાથે આગળ વધવાનો રસ્તો પણ બદલાય છે. ગયા મહિને સુરત, ગુજરાત અને ભારત માટે એવો જ સમય આવ્યો હતો. જ્યાં સન્માન, નવીન વિચારો અને એક સાથે સંગઠનમાં કામ કરવાની ઇચ્છા — આ બધું મળીને આપણા દેશના પ્રોપર્ટી ઉદ્યોગ માટે એક હિંમતભર્યું અને ટકાઉ ભવિષ્ય બનાવી રહ્યા છે.

વિઝન, મેરિટ - કાર્યક્ષમતા અને ઉચ્ચ માપદંડોની ઉજવણી

હુરુન ઇન્ડિયા રિઅલ એસ્ટેટ એક્સેલન્સ એવોર્ડ્સ – ગુજરાતના પ્રથમ સંસ્કરણમાં આપણા રાજ્યની ટોચની પ્રતિભાને યોગ્ય સન્માન મળ્યું. ગુજરાતના 35 ડેવલપર્સને આ પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો, જેમાં સુરતના સંગિની, પ્રમુખ, પિરામિડ, રૂંગટા અને રામેશ્વરમ ગ્રુપનો સમાવેશ થાય છે. આ બધાએ સાબિત કર્યું કે તેઓ ફક્ત ભારતના અર્બન ડેવલપમેન્ટના ભાગીદાર નથી, પરંતુ તેને ભવિષ્ય માટે આકાર આપનારા છે. આદર્શ પટેલ અને દર્શ માંગુકિયાએ સુરતને આવતા દાયકામાં કેવી રીતે આગળ વધારવું તે અંગે સ્પષ્ટ વિઝન આ કાર્યક્રમના પેનલ ડિસ્કશનમાં રજુ કર્યું.

વિખ્યાત ડેવલપર શ્રીપદ ગ્રુપનું નવું કોર્પોરેટ હાઉસ ફ્યુચરિસ્ટિક ડિઝાઈન, ટકાઉપણું અને વારસાનું સરસ કોમ્બિનેશન છે. ચેરમેન સમીપ માલાણીએ કહ્યું કે આ એક એવું એપિસેન્ટર છે જ્યાં શહેરની સ્કાયલાઈનને સુંદર આકાર આપતા મોટા પ્રોજેક્ટ્સનું પ્લાનિંગ અને અમલીકરણ થશે. અમારી લોકપ્રિય કોલમ 'યંગ વિઝનરીઝ'માં અંકુર રૂંગટા, MD, રૂંગટા ડેવલપર્સને ફીચર કર્યા છે. ઉદ્યોગની સમજ અને ભવિષ્યનું વિઝન પ્રેરણાદાયક છે — તેઓ નૈતિક મૂલ્યો, નવી ટેક્નોલોજી અપનાવવાની તૈયારી અને સમાજ પ્રત્યેની જવાબદારી વચ્ચેનું સંતુલન જાળવીને ઉદ્યોગના આવનારા નેતૃત્વનું ઉદાહરણ છે.

સમાવેશીતા અને ટકાઉપણું

CREDAI સુરત વુમન્સ વિન્ગે કન્સ્ટ્રક્શન લેબર્સ માટે સ્વચ્છતા અને સલામતી કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જે ખરેખર સરાહનીય છે. ગુજરાત CREDAI મીટિંગ અને IGBCના નેટ-ઝીરો વ્યૂહરચના પર ગ્રીન સંવાદ સુધી, ઉદ્યોગ સાબિત કરી રહ્યું છે કે સમાવેશીતા અને પર્યાવરણીય સંભાળ એ સાઈડ પ્રોજેક્ટ્સ નથી - તે આપણે કેવી રીતે નિર્માણ કરીએ છીએ તેના કેન્દ્રમાં છે.

ઉદ્યોગ એકતા અને સંગઠન દ્વારા ભવિષ્યને આકાર આપવામાં અગ્રણી સંસ્થાઓ

સુરત ઇસ્ટ બિલ્ડર્સ એસોસિયેશન (SEBA) ઇન્ડસ્ટ્રી સ્ટેકહોલ્ડર્સ અને નીતિ નિર્માતાઓ માટે એક આગવી ઓળખ બની રહ્યું છે, તેમની રચનાની પ્રથમ વર્ષગાંઠ સંગીતમય રીતે ઉજવી. વિવિધ ક્ષેત્રોમાં, ઉદ્યોગની સંસ્થાઓ પ્રગતિને આગળ ધપાવી રહી છે અને ભવિષ્યને સુંદર આકાર આપી રહી છે. એસોસિયેશન ઓફ રિઅલ એસ્ટેટ એજન્ટ્સ સુરત (AREAS) પ્રોપર્ટી પ્રોફેશનલ્સને એક કરે છે - તેનું ઔપચારિક લોન્ચ થયું જેને એજન્ટ્સ અને ડેવલપર્સ બંને તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે; ઇન્ડિયન સોસાયટી ઓફ હીટિંગ, એરકન્ડીશનીગ અને રેફ્રિજરેશન એન્જિનિયર્સ (ISHARE) HVAC&R કુશળતાને આગળ વધારતાં નોલેજ અને કાર્યક્ષમતા વધારતાં કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે, સધર્ન ગુજરાત આયર્ન એન્ડ સ્ટીલ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (SISMA) સ્ટીલ વેપારને મજબૂત બનાવે છે, 38 વર્ષ જૂની આ સંસ્થા ઉદ્યોગના પ્રશ્નો અને નિરાકરણ માટે પ્રયત્નશીલ છે; સાઉથ ગુજરાત ગુજરાત રેડી-મિક્સ કોન્ક્રીટ એસોસિયેશન (SGRA) RMC ક્ષેત્રને સુવ્યવસ્થિત અને કરે છે પરિવર્તનોને વાચા આપે છે; રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર્સ એસોસિયેશન તેના સભ્યોને સશક્ત અને જાગૃત બનાવે છે. સુરત હાર્ડવેર અને બિલ્ડિંગ મટિરિઅલ્સ મર્ચન્ટ્સ એસોસિયેશન (SHABMMA)એ તાજેતરમાં તેમના સભ્યો માટે ઉદયપુર ટ્રિપનું આયોજન કર્યું હતું. સિવિલ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સ એસોસિયેશન ICEA સુરત પણ આવા જ નોલેજ સિરિઝ કાર્યક્રમો દ્વારા મેમ્બર એન્જીનિયર્સને સતત જાણકાર રાખે છે. સુરત સાથે મળીને, આ સંગઠનો સાબિત કરે છે કે એક સંગઠન ઉદ્યોગ નીતિને પ્રભાવિત કરી શકે છે, વિશ્વાસને પ્રોત્સાહન આપી શકે છે અને ગુણવત્તાના ધોરણો વધારી શકે છે અને પરિવર્તનને લાવી શકે છે. સભ્યોમાં જાગૃતિ, નોલેજ અને સમજ વધારીને તેઓ એક મજબૂત, ભવિષ્ય માટે તૈયાર રિઅલ એસ્ટેટ ઇકોસિસ્ટમને આકાર આપી રહ્યા છે.

ડિઝાઈનિંગ ફ્યુચર

સુરતની ડિઝાઈન કમ્યુનિટી થનગનતી અને ઉત્સસાહી છે, જે વિઝનરી અને કાર્યક્ષમ પ્રોફેશનલ દ્વારા સંચાલિત છે જે સર્જનાત્મકતા, ટકાઉપણું અને માનવ જોડાણને એકીકૃત કરે છે. IIA SC અને IIID SRC દ્વારા આયોજિત નોલેજ સિરિઝ કાર્યક્રમમાં આર્કિટેક્ટ રાજીવ કઠપાલિયાએ તેમના માનવ-કેન્દ્રિત, ઇકો-ફ્રેન્ડલી અને સામાજિક રીતે સમાવિષ્ટ ફિલસૂફીથી સ્થાનિક વ્યાવસાયિકોને પ્રેરણા આપી.

અમારી લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઈન વેનગાર્ડ'માં, IGA ઇન્ડિયાના આર્કિટેક્ટ ઇશ્વર ગેહીને ફીચર કરવામાં આવ્યા છે, તેમની ડિઝાઈન્સ નેચર ઇન્સ્પાયર્ડ હોય છે અને તેઓ નેચરને તેમના "ગુરુ" મને છે. તેમને એસ્થેટિક્સ અને કાર્યક્ષમતાને સંતુલિત કરવામાં મને છે જ્યારે અવરોધોને શક્તિઓમાં ફેરવે છે. 'ડિઝાઈનર્સ વર્લ્ડ' કોલમમાં, વિશાલ ખેરડિયા, ત્રણ દાયકાથી વધુ અને 3,000+ પ્રોજેક્ટ્સ સાથે, વૈશ્વિક સંવેદનશીલતાઓ સાથે વ્યવસાયીક કુશળતાનું મિશ્રણ કરીને રિટેલ સ્પેસ ડિઝાઇનને રી-ડિફાઈન કરે છે, આધુનિક સુપરમાર્કેટ ડિઝાઇન માટે નવા બેન્ચમાર્ક સ્થાપિત કર્યા છે. ટેક્નોલોજીકલ ધાર ઉમેરીને, વ્હાઇટલાયનનું ધ સ્ટેન્ઝા સુરતમાં ઇન્ટરેક્ટિવ સ્માર્ટ લિવિંગ સોલ્યુશન્સ લાવે છે.

એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા - ICEA સુરત નોલેજ સિરિઝ

ICEA સુરતના નોલેજ સિરિઝ સેશન્સમાં કોન્ક્રીટ પર બે એક્સપર્ટ ટોક્સનું આયોજન થયું હતું. કોન્ક્રીટ એક્સપર્ટ્સ ડો. રિયાઝ પટેલએ જણાવ્યું હતું કે રેકોર્ડ-સેટિંગ રાફ્ટ પોર, સ્કેલ અને ચોકસાઇ પર ધ્યાન આપવાથી જેવી વિશેષ સિદ્ધિઓ શક્ય બને છે. અને કોન્ક્રીટ નિષ્ણાત ડો. શિવાંગ જયસ્વાલ દ્વારા UHPC થી 3D પ્રિન્ટિંગ સુધી - આપણા ઉદ્યોગને આકાર આપતી ટેક્નોલોજિકલ પ્રગતિને પ્રકાશિત કરે છે. કોન્ક્રીટ નિષ્ણાત ડો. શિવાંગ જયસ્વાલ દ્વારા સમર્થિત રિયાઝ પટેલના રેકોર્ડ-સેટિંગ રાફ્ટ પોર જેવા પરાક્રમો દર્શાવે છે કે જ્યારે સ્કેલ ચોકસાઇને પૂર્ણ કરે છે ત્યારે શું શક્ય છે. બાંધકામ ટેકનોલોજી નિષ્ણાત રિકુંજ મોરડિયા ચેતવણી આપે છે તેમ, સિવિલ એન્જિનિયરોમાં વધતી જતી કુશળતાની ખાઇ આ ઉદ્યોગની ગતિને ધીમી પાડી શકે છે - આ પડકાર ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે મજબૂત સહયોગની માંગ કરે છે.

નીતિ, ઇકોનોમી અને ઇન્ટરકનેક્ટેડ ગ્રોથ

સુરતમાં ગુજરાત CREDAI બોર્ડની સૌપ્રથમ બેઠકમાં મહેસૂલ નિયમો, મ્યુનિસિપલ પ્રક્રિયાઓ અને ઉદ્યોગ એકતા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. દરમિયાન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની ₹2,000 કરોડની અર્બન ચેલેન્જ ફંડ પાઇપલાઇન - જે તાપી રિવરફ્રન્ટથી ગ્રીન બોન્ડ સુધી ફેલાયેલી છે - તે નાણાકીય શિસ્ત દ્વારા સમર્થિત મ્યુનિસિપલ વિઝનને દર્શાવે છે.

જોકે, ખનીજ - રો મટિરિઅલની વધતી કિંમતોનું ચેન રી-એક્શનના કારણે RMC દરોમાં પણ વૃદ્ધિ થઇ છે પરિણામ ફુલ કન્સ્ટ્રક્શનની કિંમતોમાં પણ વધારો થવાની ભીતિ છે. અફોર્ડેબલ હાઉસિંગની કિંમતોને સુરક્ષિત રાખવા માટે તાત્કાલિક સરકાર-ઉદ્યોગ સંવાદની જરૂર પડે છે. સુરતની રિઅલ એસ્ટેટ આપણા અર્થતંત્રને શક્તિ આપતા ઉદ્યોગો સાથે ઊંડે સુધી જોડાયેલી છે.

આ મહિનાની સ્ટોરીજ ઉજાગર કરે છે જે નોલેજ, જાગૃતિ અને સંગઠન થકી ઉદ્યોગની કહાની નવેસરથી લખ રહી છે. ટેકેનોલોજીને નવીનતા તરીકે નહીં, પરંતુ ઉકેલ તરીકે સ્વીકારવી; સમાવેશકતાને પ્રોત્સાહન આપતી વખતે આઇકોન બનાવવા; અને પ્રણાલીગત પડકારોનો સીધો સામનો કરતી વખતે સંગઠનોને મજબૂત બનાવવું. સુરત હવે મહાનગરો બનાવની રાહમાં નવા બેન્ચમાર્ક સ્થાપિત કરી રહ્યું છે.

ઉદ્યોગના દરેક સ્ટેકહોલ્ડર્સ ઉદ્યોગની પ્રગતિમાં વધુ ને વધુ સક્રિય યોગદાન આપે તો ભવિષ્ય ઉજળું છે, પડકારો તો છે જ પરંતુ તેને અવસરો પણ અપને જ બદલી શકીએ. ઉદ્યોગની પ્રગતિમાં અને પડકારોને પડકારવામાં યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર હંમેશા ઉદ્યોગની સાથે જ એક જવાબદાર સાથીની જેમ ઊભું છે.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ
યુગેન રિઅલ્ટી
મન્થલી ન્યૂઝપેપર
વર્ષ - 02 | અંક - 07 | સળંગ અંક - 19 | ઓગષ્ટ 2025
RNI : APPLIED
મનીષ તોમર (પ્રમુખ તંત્રી, સીઈઓ અને પ્રકાશક)
મીનેશ જૈન (મેનેજિંગ પાર્ટનર)

યુગેન ઇન્ફોમીડિયા દ્વારા પ્રકાશિત યુગેન રિઅલ્ટી માસિક ન્યૂઝપેપરમાં જાહેરાતકર્તાઓ દ્વારા પ્રોડક્ટ્સ અને સર્વિસીસ બાબતે કરવામાં આવેલા કોઈપણ દાવા માટે સમર્થન આપતું નથી. જાહેરાતકર્તાઓ દ્વારા આવા દાવાઓનું સન્માન કરવામાં ન આવે તેવી સ્થિતિમાં પ્રિન્ટર, પ્રકાશક કે પ્રમુખ તંત્રી કોઈપણ પરિણામ માટે જવાબદાર રહેશે નહીં. જાહેરાતની પ્રોડક્ટ્સ કે અન્ય વિગતો અંગે વાચકે પોતાની સૂઝબૂઝ પ્રમાણે કામ લેવું. મનીષ તોમર દ્વારા મુદ્રિત અને પ્રકાશિત. સમાચાર પસંદગી માટે PRB. એક્ટ હેઠળ જવાબદાર. યુગેન ઇન્ફોમીડિયા દ્વારા પ્રકાશિત આ પ્રકાશન કે આયોજિત થતી અન્ય પ્રવૃત્તિઓને લગતા કાનૂની વિવાદ માટે ન્યાયાલય ક્ષેત્ર સુરત રહેશે.

યુગેન ઇન્ફોમીડિયા
132, નિશાલ આર્કેડ, નિશાલ સર્કલ પાલ, અડાજણ, સુરત (ગુજ.)
+91 261 31 23 189 / +91 87800 89449
www.yugenrealty.com yugenrealty@gmail.com

સેલ્સ & માર્કેટીંગ માટે સંપર્ક :
PR & માર્કેટીંગ મેનેજર
હિના સોનવણે : +91 78740 76058
માર્કેટીંગ મેનેજર
રવિ સરવૈયા : +91 97124 33259
ભરત લાખાણી : +91 93776 68842
સેલ્સ એક્ઝિક્યુટીવ
વિનય પાટડિયા : +91 88661 65664
એડમીન : હિરેન કંટારીયા
IT, ડિઝાઇન & વેબ : ઉમેશ તોમર

લવાજમ
1 વર્ષ - 12 અંક | રૂ. 1,200
2 વર્ષ - 24 અંક | રૂ. 2,200
3 વર્ષ - 36 અંક | રૂ. 3,200

કોન્ટેક્ટ :
+91 87800 89949
Follow us on @yugenrealty

શ્રી હરિ પ્લમ્બીંગ કોન્ટ્રાક્ટર
S.M.C માન્ય લાયસન્સ પ્લમ્બર
સુરત મ્યુનિસિપાલિટી સુવિધાઓ
પાણી અને ડ્રેનેજ (ગટર)

- સુરતના તમામ ઝોન વિસ્તારમાં પાણી / ગટરના નવા જોડાણ કનેક્શન
- બાંધકામના તમામ નવા પ્રોજેક્ટ માટે ટેમ્પરરી ગટર જોડાણ મંજુર કરી આપીશું.
- ટેમ્પરરી ગટર જોડાણને પરમેનેન્ટ, કાયમી, રેગ્યુલર કરી આપીશું.
- જો આપનું પાણી અને ગટર જોડાણ ચાલુ/હયાત હોય તો તેને કાયદેસર કરીશું.

ખુલ્લા પ્લોટના પ્રોજેક્ટમાં SMC માન્ય DI પાણીના પાઈપ તેમજ ગટર નેટવર્ક કામ કરી આપીશું.

તમામ રેસીડેન્ટ સોસાયટીઓમાં, એપાર્ટમેન્ટ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, ઈન્ડસ્ટ્રીઅલ, સ્કુલ, મોલ, હોસ્પિટલ, રેસ્ટોરન્ટ, ફાર્મ - પાર્ટીપ્લોટ, પતરાના શેડ, કેમ્પસ, માટે પાણી/ગટરના નવા જોડાણ માટે મળો.

Suresh Virani
+91 98797 55141
+91 99250 62079

S.M.C માન્ય લાયસન્સ ધરાવનાર વોટર & ડ્રેનેજ પ્લમ્બર કોન્ટ્રાક્ટર

M. G. CONSTRUCTION
Mansing (Civil Engg.)
99047 57548 | 98251 53821
Dipak
98254 53821
Specialist:
Under Reamed Pile
& Touch Piling All
Kind of Piling Works

131, Nishal Arcade, Near Nisha Circle, Pal Road, Surat.
E-mail : manasgirasrecivil2@gmail.com

વ્હાઇટલાયન સિસ્ટમ્સ દ્વારા સુરતમાં સૌથી આધુનિક હોમ ઓટોમેશન એક્સપિરિયન્સ સેન્ટર 'The Stánza'નું ઉદઘાટન

'The Stánza' સુરતમાં પહેલું અને ભારતમાં ત્રીજું સેન્ટર છે, જે અગાઉ બેંગલુરુ અને જયપુરમાં સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી ચૂક્યું છે. આ સેન્ટર માત્ર એક શોરૂમ નથી – અહીંયા એક જીવંત અનુભવ મળે છે, જ્યાં લોકોને સ્માર્ટ હોમ કેવી રીતે કામ કરે છે, તેનો અનુભવ સીધો થાય છે.

ડાબેથી Ar. મયુર માંગુકીયા, વિશાલ કુકડીયા, પ્રિતેશ પટેલ, આયુષ ઉંધાડ, Ar. બંકિમ દવે, હર્ષલ દેસાઇ, દર્શિત ઓઝા

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત આજે ભારતના સૌથી ઝડપી વિકાસ પામતા શહેરોમાંથી એક તરીકે ઓળખાય છે, ત્યાં હવે સ્માર્ટ હોમ ટેક્નોલોજીનો એક નવો અધ્યાય શરૂ થયો છે. ભારતની અગ્રણી હોમ ઓટોમેશન કંપની, વ્હાઇટલાયન સિસ્ટમ્સ દ્વારા 'The Stánza' હોમ ઓટોમેશન એક્સપિરિયન્સ સેન્ટરનું લોન્ચિંગ થયું છે.

'The Stánza' સુરતમાં પહેલું અને ભારતમાં ત્રીજું સેન્ટર છે, જે અગાઉ બેંગલુરુ અને જયપુરમાં સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી ચૂક્યું છે. આ સેન્ટર માત્ર એક શોરૂમ નથી – અહીંયા એક જીવંત અનુભવ મળે છે, જ્યાં લોકોને સ્માર્ટ હોમ કેવી રીતે કામ કરે છે, તેનો અનુભવ સીધો થાય છે.

આવતીકાલનું જીવન – આજે જ અનુભવો

The Stanza' એ એક સંપૂર્ણ રીતે ડિઝાઇન કરેલું ઇન્ટરેક્ટિવ ઝોન છે, જ્યાં તમે AirGlass અને AirTouch જેવા સ્માર્ટ ટચ પેનલ્સ, વોઇસ કમાન્ડ્સ, ઇન્ટિગ્રેટેડ લાઇટિંગ, પરદાઓ માટેના AirCurtain મોટર્સ, ડોર માટેનું AirLock અને બીજા અનેક સ્માર્ટ સોલ્યુશન્સનો અનુભવ મેળવી શકો છો.

અહીં દરેક વિભાગ એ રીતે બનાવાયો છે કે તમે તમારી જિંદગીમાં, ઘરમાં, ઓફિસમાં હોમ ઓટોમેશન કેવી રીતે કામ કરશે, એ જાતે જોઈ, અનુભવી અને સમજી શકો છો. હોમ ઓનર્સ હોય, આર્કિટેક્ટ હોય કે અનુભવી ઇન્ટીરીઅર ડિઝાઈનર્સ - આ એક્સપિરિયન્સ સેન્ટર દરેક માટે ઊંડો પ્રભાવ છોડે તેવું છે.

ઉદ્દઘાટન સમારંભ

આ ભવ્ય ઉદ્દઘાટનમાં સુરતના અનેક અગ્રણીઓ અને આર્કિટેક્ટ્સ ઉપસ્થિત રહ્યા. મુખ્ય મહેમાનોમાં આયુષ ઉંધાડ (ડિરેક્ટર, અવધ ગ્રુપ) અને પ્રિતેશ પટેલ (ડિરેક્ટર, સંગિની ગ્રુપ)નો સમાવેશ થયો હતો. સાથે જ આર્કિટેક્ટ બંકિમ દવે (Bankim Dave Architects) અને આર્કિટેક્ટ મયૂર માંગુકિયા (Studio 17) દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.

વ્હાઇટલાયનના ડિરેક્ટર વિશાલ કુકડિયાએ ઉદ્ઘાટન પ્રસંગે યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "The Stánza એ માત્ર પ્રોડક્ટ્સ વેચવા માટે નથી. અમારું ધ્યેય એ છે કે લોકો વધુ સ્માર્ટ, વધુ સેફ અને વધુ કમ્ફર્ટેબલ લાઈફ જીવી શકે. અહીં ઓટોમેશન એ ફીચર નથી – એ ઘરનો જીવંત અંગ છે."

આ સુરત કેન્દ્રનું સંચાલન દર્શિત ઓઝા અને હર્ષલ દેસાઇ જેવા ઉદ્યોગસાહસિકો દ્વારા થાય છે, જેમની સ્થાનિક બજાર પર ઊંડી પકડ અને સમજ છે.

વ્હાઇટલાયન : મેક ઈન ઇન્ડિયાનું ગર્વ

સુરતમાં સ્થપાયેલી વ્હાઇટલાયન કંપની ઇન્ડિજીનીયસ - સંપૂર્ણપણે દેશના ટેલેન્ટ અને ટેક્નોલોજી પર આધારિત છે. દરેક પ્રોડક્ટ ભારતમાં જ ડિઝાઇન, ડેવલપ અને મેન્યુફેક્ચર કરવામાં આવે છે - જે ભારતીય ઘરો માટે સર્વોત્તમ કસ્ટમાઇઝેશન અને સર્વિસ સુનિશ્ચિત કરે છે.

વિશાલ કુકડિયાએ આગળ કહ્યું કે, "સુરતની ઊર્જા અને ઉદ્યોગસાહસિકતા અમને હંમેશા પ્રેરણા આપે છે. અહીં 'The Stánza' લાવવો એ જાણે અમારી જ સિટીને એક ભેટ આપવી જેવી છે."

જીવંત અનુભવ, માત્ર કાગળ કે સ્ક્રીન પર નહીં

The Stánzaની વિશેષતા એ છે કે અહીં દરેક મહેમાન રિઅલ ટાઇમમાં ઓટોમેશનનો અનુભવ કરી શકે છે. તમે જોઇ શકો કે તમારું સવારે ઉઠવાનું રૂટિન કેવી રીતે ઓટોમેટ થઇ શકે, તમારા ઘરના સિક્યોરિટી ફીચર્સ કેવી રીતે રિઅલ ટાઇમમાં કામ કરે છે, અને એટમોસફિયર કેવું એક ટચથી બદલાઇ શકે છે.

વિશાલ કુકડિયા
- ડિરેક્ટર, વ્હાઇટલાયન

આર્કિટેક્ટ્સ અને ઇન્ટીરીઅર ડિઝાઇનર્સ માટે, અહીં એક સહકારાત્મક પ્લેટફોર્મ છે. જ્યાં તેઓ પોતાના ક્લાયન્ટ માટે પર્સનલાઇઝ્ડ સોલ્યુશન્સ ડેવલપ કરી શકે છે.

સ્થાનિક ભાવનાઓ, રાષ્ટ્રીય વિઝન

સુરતનું આ સેન્ટર માત્ર શરૂઆત છે. વ્હાઇટલાયનનું ધ્યેય છે કે ભારતમાં અનેક શહેરોમાં આવાં સેન્ટર્સ ખોલીને સ્માર્ટ હોમ એક્સપિરિયન્સને લોકલ લેવલે સરળ બનાવે. આ સાથે તેઓએ શરૂ કર્યું Design Beyond Walls નામનું યુટ્યુબ પોડકાસ્ટ (youtube.com/@designbeyond-walls). જેમાં જાણીતા આર્કિટેક્ટ્સ પોતાના વિચારો અને અનુભવ શેર કરે છે.

આવો 'The Stánza' – અને તમારું ભવિષ્ય આજે અનુભવો

The Stánzaની મુલાકાત માટે તમે www.whitelion.in પરથી તમારી વિઝિટ માટે ઓનલાઇન બુકિંગ કરી શકો છો.

સુરતમાં The Stánzaની શરૂઆત સાથે, વ્હાઇટલાયન હવે ટેક્નોલોજી બતાવી નથી રહ્યું – પણ એ ટેક્નોલોજીને અનુભવવા લાયક અને સૌ માટે એક્સેસિબલ બનાવી રહ્યું છે.

The Stanza by Whitelion
(હોમ ઓટોમેશન એક્સપિરિયન્સ સેન્ટર)
B-34-35, 1st Floor Shop, Chandramani Society, Udhana - Magdalla Rd, Udhna, Althan, Surat - 395017. Gujarat

BEST QUALITY 100% PREMIUM GUARANTEED

Vardhman Timber Mart
Surat | Bhavnagar | Gandhidham



TEAK / SYP - SPF PINE / SAL / WHITE ASH / RED OAK WOOD WHOLESALE SUPPLIER

19-21, Navsarjan Ind. Society, Navjivan Cirlce, Udhna Magdalla Road, Surat - 395007 | www.vardhmantimber.com
990 990 5494 0261 - 2 63 64 65

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ
યુગેન રિઅલ્ટી



ઈશ્વર ગેહી
- પ્રિન્સીપલ આર્કિટેક્ટ, IGA ઈન્ડિયા

નેચર ઈન્સ્પાયર્ડ ડિઝાઈનના આર્કિટેક્ટ

ઈશ્વર ગેહી

અમે યુગેન રિઅલ્ટીની લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઈન વેનગાર્ડ'ની આ આવૃત્તિમાં, ઈશ્વર ગેહીની સર્જનાત્મક દુનિયાની ઝાંખી મેળવીયે અને જાણીએ આપણા શહેર, ઘર અને વર્ક સ્પેસને સુંદર બનાવતા ડિઝાઈનની દુનિયાના આ કીમિયાગર વિશે.

યુગેન રિઅલ્ટી, સુરત.

ઈશ્વર ગેહી, IGA ઇન્ડિયાના પ્રિન્સીપલ આર્કિટેક્ટ છે જેમની ડિઝાઈનમાં પ્રકૃતિ અને ભારતીય સંસ્કૃતિ ઝલકે છે. ગુજરાતના જૂનાગઢ જિલ્લાના મેંદરડા ગામમાં જન્મેલાં, MS યુનિવર્સિટી, વડોદરામાંથી આર્કિટેક્ચરના સ્નાતક, JK આર્કિટેક્ટ ઓફ ધ યર એવોર્ડ વિજેતા ગેહીએ 1995માં રાજકોટમાં પોતાની પ્રેક્ટિસ શરૂ કરી. સુરત, રાજકોટ, જામનગર અને મુંબઈમાં તેમના પ્રોજેક્ટ્સ એસ્થેટિક્સ અને ફંક્શનાલીટીનું અનોખું સંગમ દર્શાવે છે. "મધર નેચર મારા ગુરુ છે," એમ માનતા ગેહીની ડિઝાઈન સમાજને શ્રેષ્ઠ આપવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

અમે **યુગેન રિઅલ્ટીની લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઈન વેનગાર્ડ'**ની આ આવૃત્તિમાં, **ઈશ્વર ગેહી**ની સર્જનાત્મક દુનિયાની ઝાંખી મેળવીયે અને જાણીએ આપણા શહેર, ઘર અને વર્ક સ્પેસને સુંદર બનાવતા ડિઝાઈનની દુનિયાના આ કીમિયાગર વિશે.

તમે આર્કિટેક્ટ કે ઇન્ટિરીઅર ડિઝાઈનર તરીકે તમારું કોલિંગ કેવી રીતે જાણ્યું? શું તે જીવનભરનું સ્વપ્ન હતું કે આશ્ચર્યજનક શોધ?

ગીરના મેંદરડામાં 10મું અને વલ્લભ વિદ્યાનગરમાં 12મું ભણ્યો. મારા પિતા વેપારી હતા, પણ મારું મન બિલ્ડિંગ લાઇનમાં હતું. આર્કિટેક્ચર વિશે બહુ જાણ ન હતી, પણ MS યુનિવર્સિટીનો લેટર આવ્યો. પડોશી ડોક્ટરે સાહેબે કહ્યું, **"આ તક ઝડપી લે."** એડમિશન અને હોસ્ટેલમાં રહેવા મળ્યું, અને કુદરતે આશ્ચર્યજનક રીતે આર્કિટેક્ચરનો રસ્તો ખોલ્યો. આ યાત્રા અણધારી હતી, પણ સપનાંઓથી વધુ પ્રેરણાદાયી બની.

તમારા વ્યક્તિત્વને એક શબ્દ કે શબ્દસમૂહમાં કેવી રીતે વ્યાખ્યાયિત કરશો - અને તે તમારા ડિઝાઈન અભિગમને કેવી રીતે પ્રભાવિત કરે છે?

"પ્રકૃતિ-પ્રેરિત - નેચર-ઇન્સ્પાયર્ડ" નેચર મારી ડિઝાઈનનો પ્રાણ છે. વૃક્ષો, પ્રકાશ, પાણી જેવા નેચરલ એલિમેન્ટ્સ મારી ડિઝાઈનમાં ગૂંથાયેલા હોય છે. આ અભિગમ સ્પેસીસને જીવંત, શાંત અને સંતુલિત બનાવે છે, જે લોકોના જીવનમાં સુખ, આરામ અને સૌંદર્ય ઉમેરે છે.

તમારા વિશે એવી કઇ આશ્ચર્યજનક હકીકત છે જે તમારી આસપાસના લોકો જાણતા નથી પણ જાણવી રસપ્રદ હશે?

આર્કિટેક્ચરના અંતિમ વર્ષમાં હું નાપાસ થયો, પણ એ વાત કોઈને ન જણાવી. ખંતથી ફરી પરીક્ષા આપી અને પ્રથમ શ્રેણીથી પાસ થયો. રાજકોટના પ્રખ્યાત આર્કિટેક્ટ કિશોર ત્રિવેદી સાથે છ વર્ષમાં આઠ વર્ષનું કામ કર્યું અને મારી નિષ્ફળતાને સફળતાની સીડી બનાવી.

તમે કામ કરેલો સૌથી યાદગાર પ્રોજેક્ટ કયો છે, અને તે કેમ ખાસ છે તમારા માટે?

રાજકોટનું આર્યા ક્લબ મારા હૃદયની નજીક છે, જે મને આર્કિટેક્ટ અને ઉદ્યોગસાહસિક તરીકે રજૂ કરે છે. અનેક પડકારો પછી પણ તે સફળ થયું. ગોલ્ડન પામ સિટી, કોસંબા, ટૂંકા સમયમાં સ્કેચથી વાસ્તવમાં રૂપાંતરિત થયું, જે ઝડપી સર્જનશીલતા અને દ્રઢતાનું પ્રતીક છે. વિશેષરૂપે તેમાં મસ્જિદનું ડિઝાઈનિંગ અને એક્સિક્યૂશન મારા માટે યાદગાર છે.



ડિઝાઈનર તરીકે વર્ષો દરમિયાન તમારી યાત્રામાં તમે શીખેલો સૌથી મહત્ત્વનો પાઠ કયો છે?

પ્રકૃતિને ડિઝાઈનમાં વણી લેવાથી જગ્યાઓ જીવંત બને છે. આર્કિટેક્ચર, ઇન્ટિરિઅર ડિઝાઈન અને લેન્ડસ્કેપિંગનું સંગમ સ્પેસીસના પાવરને વધારે છે. આ ત્રણેયને એકરૂપ કરીને ડિઝાઈન કરવાથી - જોડવાથી એસ્થેટિક્સ અને ફંક્શનાલીટી ખીલે છે, સ્પેસનું પુરે પૂરું પોટેન્શિયલ યુઝ થાય છે અને પ્રોજેક્ટને ઝડપથી અને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં પણ સહયોગી બને છે.

તમે તમારા કામમાં એક એવી વિશિષ્ટ કુશળતા કે સિગ્નેચર સ્ટાઇલ શું લાવો છો જે તમને અલગ પાડે છે?

ડિઝાઈન એ સતત શીખવાની યાત્રા છે. પ્રકૃતિ અને નવીનતાથી પ્રેરાઈને હું નવું શીખું છું. પ્રામાણિકતા, નીતિમત્તા અને સમર્પણથી ડિઝાઈન કરું છું. મારી રચના પહેલાં મને ખુશ કરે, પછી જ ક્લાયન્ટને. ગ્રાહકની જરૂરિયાતોને સમજી, હું શ્રેષ્ઠ સર્જનાત્મક આઉટપુટ આપું છું, જે મારી ઓળખ બનાવે છે.

અમે ગ્રાહકોની જરૂરિયાતોને ઊંડાણપૂર્વક સમજીને તેમને નવીન અને ઇનોવેટિવ ડિઝાઈન સોલ્યુશન્સ આપીએ છીએ. જો પેહલીવારમાં તેઓ ડિઝાઈનને ના સમજે, તો અમે તેમને તેની વિશેષતા, વેલ્યુ અને સેલેબિલિટી સ્પષ્ટ કરીએ છીએ. સમયસર કાબેલિયતપૂર્વક પ્રોજેક્ટ એક્ઝિક્યુટ કરવા અમારી ખાસિયત છે.

તમારા મતે, આજના બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં આર્કિટેક્ટ્સ અને ઇન્ટિરિઅર ડિઝાઈનર્સની સૌથી મહત્ત્વની ભૂમિકા શું છે?

આર્કિટેક્ટ્સની જવાબદારી છે સમાજ માટે અને શહેર માટે એવી જગ્યાઓ બનાવવી જે આનંદ, આરામ અને પ્રેરણા આપે. સારી ડિઝાઈન વાતાવરણનું વાઇબ્રેશન બદલે છે, શહેરોને સુંદર બનાવે છે, લોકોની જીવનશૈલી, આરોગ્ય અને ખુશીને ઉન્નત કરે છે. આર્કિટેક્ટ્સ ભવિષ્યના નિર્માતા છે.

ડિઝાઈનમાં તમારા માટે શું વધુ મહત્ત્વનું છે - ક્રિએટિવિટી કે ફંક્શનાલીટી (સર્જનાત્મકતા કે કાર્યક્ષમતા) અને શા માટે?

સર્જનાત્મકતા અને કાર્યક્ષમતા બંને અભિન્ન છે. ફંક્શનલ ડિઝાઈન વિના સર્જન નિરર્થક છે, અને સૌંદર્ય વિના ફંક્શનલ ડિઝાઈન નીરસ લાગે. બંનેનું સંતુલન જગ્યામાં જીવ લાવે છે, જે લોકોને આકર્ષે અને ઉપયોગી બને.

આગામી દાયકામાં ડિઝાઈન ઉદ્યોગ કેવી રીતે વિકસશે એવું તમને લાગે છે, ખાસ કરીને ટેક્નોલોજી અને સસ્ટેનેબિલિટીના ટ્રેન્ડ્સ સાથે?

ટેકનોલોજી, ખાસ કરીને AI, ડિઝાઈનને ઝડપી અને વૈવિધ્યસભર બનાવશે. સસ્ટેનેબિલિટી પર ધ્યાન વધશે, જે આર્કિટેક્ટ્સને ઇકો-ફ્રેન્ડલી ડિઝાઈન માટે પ્રેરશે. ટેક્નોલોજી નવા પડકારો લાવશે, પણ તેનો ઉપયોગ કરી આર્કિટેક્ટ્સ વધુ સર્જનાત્મક અને કાર્યક્ષમ બનશે.

તમારી કારકિર્દીમાં તમે કઈ એક મોટી મુશ્કેલી કે પડકારનો સામનો કર્યો, અને તેને તમે કેવી રીતે પાર કરી?

આર્કિટેક્ચરના અંતિમ વર્ષમાં નાપાસ થવું મોટો આઘાત હતો. પણ હિંમત ન હારી. ગુપ્ત રીતે ફરીથી તૈયારી કરી અને પ્રથમ શ્રેણીથી પાસ થયો. આ અનુભવે મને નિષ્ફળતાને સફળતામાં બદલવાની શક્તિ શીખવી.

ડિઝાઈનર તરીકે તમારી કારકિર્દી માટેનું બિગ-પિક્ચર કેવું છે? 10 વર્ષમાં તમે તમારી જાતને ક્યાં જુઓ છો?

મારા બંને દીકરા યશ અને મીત લંડનથી આર્કિટેક્ચરમાં અંડર ગ્રેજ્યુએટ અને માસ્ટર્સ સ્ટડી કરીને આવ્યા છે. તેમને કામ કરવાનો આંતરરાષ્ટ્રીય અનુભવ પણ છે, હવે અમે સાથે મળી વધુ મજબૂતીથી આગળ વધીશું. મને લાગે છે મારી તો હવે ખરેખર શરૂઆત થઇ છે. અમે રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત

આર્કિટેક્ટ્સની જવાબદારી છે સમાજ માટે અને શહેર માટે એવી જગ્યાઓ બનાવવી જે આનંદ, આરામ અને પ્રેરણા આપે. સારી ડિઝાઈન વાતાવરણનું વાઈબ્રેશન બદલે છે, શહેરોને સુંદર બનાવે છે, લોકોની જીવનશૈલી, આરોગ્ય અને ખુશીને ઉન્નત કરે છે. આર્કિટેક્ટ્સ ભવિષ્યના નિર્માતા છે.

મજબૂતીથી આગળ વધીશું. મને લાગે છે મારી તો હવે ખરેખર શરૂઆત થઇ છે. અમે રાષ્ટ્રીય સ્તરે સ્થાપિત છીએ, હવે વૈશ્વિક સ્તરે અમારી બ્રાન્ડ ચમકાવીશું. દુબઈ, યુકેમાં પણ કામ શરૂ કરવા જઈ રહ્યા છીએ, અને ભવિષ્યમાં વિશ્વભરમાં ઓળખ બનાવીશું.

12. જો તમે ડિઝાઈન ઉદ્યોગનું એક પાસું રી-ડિઝાઈન કરી શકો, તો તે શું હશે અને શા માટે?

ગવર્નમેન્ટના જૂના બાય-લૉઝને આધુનિક સમય મુજબ બદલવા જોઈએ. ડિઝાઈન અને બાંધકામ પ્રક્રિયા સરળ, ઝડપી અને પારદર્શક બનાવવી જોઈએ. આનાથી ઉદ્યોગની સંભાવનાઓ ખીલશે અને ગ્રોથ પોટેન્શિયલનો પૂરો લાભ લઈ શકાશે.

13. વ્યક્તિગત સ્તરે, કામ સિવાયનો કયો શોખ, સ્વપ્ન કે લક્ષ્ય તમને પ્રેરણા આપે છે?

ગીત ગાવું અને સંગીત મારો શોખ છે. આ મને મનની શાંતિ અને સર્જનાત્મક ઊર્જા આપે છે, જે મારી ડિઝાઈન પ્રક્રિયાને વધુ ખીલવે છે.

14. ડિઝાઈન કરતી વખતે તમારી ક્રિએટિવિટીને શું ઉત્તેજન આપે છે - કોઈ ખાસ પદ્ધતિ, વાતાવરણ કે ટૂલ્સ?

ફ્રી - ઇન્ફોર્મલ એન્વાર્યન્મેન્ટ કામને પ્રોડક્ટિવ બનાવે છે, સર્જનાત્મકતાને ઉજાગર કરે છે. અમે અમારી ઓફિસમાં એવું જ વાતાવરણ પૂરું પાડીએ છીએ. મારો સ્ટાફ આનંદમાં કામ કરે, રમત-મજાક સાથે ડિઝાઈન થાય. વહેલી સવારે 3:00 વાગ્યે એકાંતમાં ડિઝાઈન કરવી મને શ્રેષ્ઠ પરિણામ આપે છે, જ્યાં મન અને પ્રકૃતિ એક થાય.

15. તમારા કામમાં તમને સૌથી વધુ કોણ કે શું પ્રેરણા આપે છે - કોઈ વ્યક્તિ, પ્લેસ કે ફિલસૂફી?

પ્રકૃતિ મારો સૌથી મોટો ગુરુ છે. તેની સરળતા, સંતુલન અને સૌંદર્ય મને શીખવે છે. સાથે, મહાન આર્કિટેક્ટ્સનું કામ - તેમની ડિઝાઈનની ઊંડાઈ અને નવીનતા - મને સતત પ્રેરે છે.

16. કયા પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ, ડિઝાઈનર કે પ્રોજેક્ટે (ભૂતકાળ કે વર્તમાનમાં) તમારી સર્જનાત્મક યાત્રા પર સૌથી મોટી છાપ છોડી છે અને તમને સૌથી વધુ પ્રેરણા આપે છે, અને શા માટે?

ફ્રેન્ક લ્યોડ રાઈટ તેમના સમય કરતા એડ્વાન્સ હતા. મોડર્ન આર્કિટેક્ચરને તેઓ પ્રેરિત કરે છે. ફ્રેન્ક લ્યોડ રાઈટે ડિઝાઈનમાં પર્યાવરણ સાથે સંવાદ શીખવ્યો, જ્યારે ચાર્લ્સ કોરિયાએ ભારતીય સંસ્કૃતિ અને ભૂગોળને આધુનિકતાથી જોડ્યું. બંનેએ આધુનિક આર્કિટેક્ચર કેવું લોકસંસ્કૃતિથી પ્રેરિત અને આધ્યાત્મિક ટચવાળું હોઈ શકે તે બતાવ્યું.

17. તમે પૂર્ણ કરેલા તમામ પ્રોજેક્ટ્સમાંથી, તમને કયા પર સૌથી વધુ ગર્વ છે, અને શા માટે?

રાજકોટના કસ્તુરી પ્રાઇડ, હાઈ સ્ટ્રીટ, આર્યા ક્લબ અને સુરતનું અમારું ઓફિસ બિલ્ડિંગ, જે શહેરનું સૌથી વધુ ફોટોગ્રાફડ બિલ્ડીંગ છે, મને ગર્વ આપે છે. આ પ્રોજેક્ટ્સ મારી સર્જનાત્મકતા, દૃઢતા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમનું પ્રતિબિંબ છે.

18. આર્કિટેક્ટ કે ઇન્ટિરિઅર ડિઝાઈનર બનવાનો તમને સૌથી પસંદનો ભાગ કયો છે - એવું કંઈક જે તમને દરરોજ ઉત્સાહિત રાખે?

ડિઝાઈનને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવાનો આનંદ અનોખો છે. અમે એક્ઝિક્યુશનમાં માસ્ટર છીએ, બિલ્ડર્સ અને કન્સલ્ટન્ટ્સ સાથે મળી, દરેક વિગતને સચોટ રીતે અમલમાં મૂકવું મને ઉત્સાહિત કરે છે. વિચારથી શરૂ થયેલી યાત્રા જ્યારે સુંદર સ્પેસમાં રૂપાંતરિત થઇ જાય, તે અનુભવ અમૂલ્ય છે. અમારી કોઈપણ ડિઝાઈનની લાઈફ લાંબી હોય છે.

19. ઊભરતા આર્કિટેક્ટ્સ કે ઇન્ટિરિઅર ડિઝાઈનર્સને, જેઓ હમણાં શરૂઆત કરી રહ્યા છે, તમે શું સલાહ આપશો?

પ્રામાણિકતા અને નીતિમત્તા તમારો પાયો હોવો જોઈએ. સખત મહેનત કરો અને ટેકનોલોજીનો ઉપયોગ કરો, પણ તમારી સર્જનાત્મકતાને ખીલવા દો. તમારી ડિઝાઈન તમને પોતાને પસંદ હોવી જોઈએ. ક્લાયન્ટને સાચી જાણકારી આપો, ઓછા રોકાણમાં શ્રેષ્ઠ પરિણામ આપવાની જવાબદારી નિભાવો.

20. જો તમે તમારી ડિઝાઈન શૈલીને ફિલ્મની શૈલી કે ગીત તરીકે વર્ણવો, તો તે શું હશે અને શા માટે?

"जिसकी रचना इतनी सुंदर हो, वो स्वयं कितना सुंदर होगा!" મારી ડિઝાઈન એક ગીતની જેમ છે - પ્રકૃતિ, સંસ્કૃતિ અને આધુનિકતાનું મિશ્રણ, જે જગ્યાઓને જીવંત, કાર્યક્ષમ અને હૃદયસ્પર્શી બનાવે છે.

આર્કિટેક્ચર અને ઈન્ટિરિઅર્સમાં વીઝનરી ડિઝાઇનર
વિશાલ ખેરડીયાની પ્રેરક સફર

યુગેન રિઅલ્ટી અખબારના આ સંસ્કરણમાં, અમને અમારા લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઇનર્સ વર્લ્ડ' માં વિખ્યાત આર્કિટેક્ચર, ઇન્ટિરિઅર અને ડિઝાઇન કન્સલ્ટન્સી ફર્મ - વિશાલ ખેરડિયા & એસોસિએટ્સના સ્થાપક અને પ્રિન્સિપલ ડિઝાઇનર વિશાલ ખેરડિયા ફીચર કરતા ગર્વ અનુભવીએ છીએ. ત્રણ દાયકાથી વધુની કારકિર્દી અને રિટેલ, કોમર્શિઅલ, ઈન્ડસ્ટ્રીઅલ, રેસિડેન્શિઅલ, હાઈ રાઈઝ બિલ્ડીંગ્સ અને ઓફિસ સ્પેસીસમાં 3000 થી વધુ પ્રોજેક્ટ્સના પોર્ટફોલિયો સાથે, તેમની યાત્રા સર્જનાત્મકતા, વ્યૂહરચના અને વિઝનનું અનોખું અને આકર્ષક મિશ્રણ છે. વિશાલ ખેરડિયા ફંક્શનાલીટી, ઈકોનોમિક્સ, એસ્થેટિક્સ અને વિચારશીલ ડિઝાઇનના સાચા ચેમ્પિયન તરીકે ઉભરી આવે છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

ડિઝાઇનએ સ્પેસીસ, લોકો અને તેમના સપનાઓને સમજવા અને તેને જમીન પર કંડારવાની કળા છે. આ શબ્દો વિશાલ ખેરડિયાની ફળદાયી યાત્રાના સારને દર્શાવે છે. 3000થી વધુ પ્રોજેક્ટ્સ અને ત્રણ દાયકાથી વધુના અનુભવ સાથે, ખેરડિયા ફક્ત એક ઇન્ટીરીઅર ડિઝાઈનર કે આર્કિટેક્ટ નથી - તે ભારતના કેટલાક સૌથી સફળ રિટેલ સ્પેસ ડિઝાઈન ઈકોસિસ્ટમ પાછળ એક શાંત ફોર્સ છે, જે વૈશ્વિક વિઝન, સ્થાનિક સમજણ અને ઊંડાણપૂર્વક માનવ-કેન્દ્રિત ડિઝાઇનને જીવંત બનાવે છે.

ફંકશનાલિટિ અને એસ્થેટિક્સ બંનેનું સંતુલન જાળવતા, વિશાલે 1991માં પુણેમાં પ્રખ્યાત મરાઠવાડા મિત્ર મંડળની સ્કૂલ ઓફ ઇન્ટીરીઅર ડિઝાઈન (MMSID)માંથી તેમનું ઇન્ટીરીઅર ડિઝાઈન શિક્ષણ પૂર્ણ કર્યું. તેમના શૈક્ષણિક વર્ષો દરમિયાન પણ, તેમણે ફર્નિચર ફેક્ટરીમાં કામ કર્યું અને બેન્જા ડિઝાઈન સેન્ટરમાં પાર્ટ-ટાઇમ ભૂમિકાઓ નિભાવી. આ શરૂઆતની જોબ્સએ તેમને વ્યવહારિકતા, મટિરિઅલને પારખવાની કળા અને ગ્રાહકની અપેક્ષાઓને સમજવાનો એક જબરદસ્ત મોકો આપ્યો.

પુણેમાં આર્કિટેક્ટ ઇકબાલ ચાની, ચાની આર્કિટેક્ટ્સ સાથેની તેમની ઇન્ટર્નશિપ અને સુરતમાં અરુણ માંજરેકર એસોસિએટ્સ સાથેના પ્રારંભિક અનુભવે તેમનો પાયો નાખ્યો. પરંતુ દુબઈમાં છ મહિનાના ટૂંકા બ્રેકે બધું બદલી નાખ્યું. "દુબઈમાં, મેં જોયું કે સુપરમાર્કેટ અને રિટેલ સ્પેસીસના કોન્સેપ્ટ, સંચાલન અને નેવિગેટિંગ કેવી રીતે કરવામાં આવે છે. તેનાથી મને એક નવું વિઝન મળ્યું" તેમણે કહ્યું છે. 1996માં, ધીરજ સન્સે તેમના સુપરમાર્કેટ ડિઝાઈન કરવા માટે તેમનો સંપર્ક કર્યો ત્યારે આ અનુભવ મહત્વપૂર્ણ સાબિત થયો. ડ્રોઇંગ બોર્ડ પર કૂદકો મારવાને બદલે, વિશાલે તે કર્યું જે જૂજ લોકો કરશે - ધીરજ સન્સના માલિકોને ધમધમતી સુપરમાર્કેટ્સ કેવી હોય તો જોવા માટે દુબઈમાં આમંત્રણ આપ્યું.

VISHAL KHERADIA
ARCHITECTURE | INTERIOR | DESIGN CONSULTANCY

આ પ્રોજેક્ટ ફક્ત તેમના માટે જ નહીં, પરંતુ સુરતના રિટેલ લેન્ડસ્કેપ માટે એક વળાંક બન્યો. તેમણે ક્લાયન્ટના જુના સ્ટોરમાં કલાકો - દિવસો વિતાવ્યા, લેઆઉટ સ્કેચ કરતા પહેલા યુઝર્સ-ગ્રાહકોનું વર્તન, લોજિસ્ટિક્સ અને વેરહાઉસિંગનું નિરીક્ષણ કર્યું. પરિણામ? એક બેન્ચમાર્ક-સેટિંગ સુપરમાર્કેટ જેણે આ પ્રદેશમાં આધુનિક રિટેલ ડિઝાઈન માટે સૂર સેટ કર્યો. તેણે સેંકડો વધુ માટે દરવાજા ખોલ્યા - ભગવાનદાસ એન્ડ કંપની, બીરમોર, G3, અને ભારત અને વિદેશમાં તનિષ્ક સહિત અનેક જ્વેલરી શોરૂમ. આજે, વિશાલે રિટેલ, કોમર્શિઅલ, ઇન્ડસ્ટ્રીઅલ, રેસિડેન્શિઅલ, હાઈ રાઇઝ બિલ્ડીંગ્સ અને ઓફિસ સ્પેસીસમાં 3000+થી વધુ સ્પેસીસ સફળતાપૂર્વક ડિઝાઈન કરી છે.

તો તેમની ડિઝાઈન કેવી રીતે અલગ છે? હ્યુમન કમ્ફર્ટ, કાર્ય પદ્ધતિ અને ડેટા એનાલિટિક્સ, તે સરળ રીતે જવાબ આપે છે. ડિઝાઈન સુંદર - આકર્ષક દેખાવાની સાથે તે ફંક્શનલ છે, બજેટમાં બંધબેસે છે, સમયસર તૈયાર થાય તેમ છે અને ક્લાયન્ટની રુચિ - ટેસ્ટ અને આકાંક્ષાઓને ફળીભૂત કરે છે, તો તે સફળ અને અસરકારક ડિઝાઈન છે. તેમનો અભિગમ ઊંડો વિશ્લેષણાત્મક (એનાલિટિકલ) છે - ક્રિએટિવ ઇન્સાઇટ અને વ્યવસાયીક સૂઝનું દુર્લભ સંયોજન. નાણાકીય સમજણ એ ડિઝાઇનના ફોર્મને સમજવા જેટલું જ મહત્વપૂર્ણ છે. જ્યારે તમે સ્ટોર ડિઝાઈન કરી રહ્યા છો, ત્યારે તમે ફક્ત દિવાલો અને શેલ્ફ્સ જ બનાવતા નથી. તમે એક એવી જગ્યા બનાવી રહ્યા છો જે તેના ગ્રાહકો સાથે વાત કરે છે, લોજિસ્ટિક્સનું સંચાલન કરે છે, ફ્રેન્ચાઇઝ વિસ્તરણને સમર્થન આપે છે અને બ્રાન્ડ પોઝિશનિંગ સાથે સંરેખિત થાય છે.

તેઓ કહે છે, "ક્લાયન્ટ સાથેની પહેલી મુલાકાતમાં, હું ફક્ત સાંભળું છું. તે એક આર્કિટેક્ટનું સૌથી મહત્વપૂર્ણ કામ છે - તેમના ગ્રાહકોના સ્વપ્નને કલેક્ટ (એકત્રિત) કરવાં, તેને રિફાઈન (સુધારવું) કરવાં અને તેને ડિઝાઈન (વ્યાખ્યાયિત) કરવાં."

વિશાલ પ્રકૃતિમાંથી પ્રેરણા લે છે. નેચર તેની સર્વિસીસને સુંદર રીતે છુપાવે છે. એક વૃક્ષ તેના પ્લમ્બિંગનો દેખાડતું નથી. તેવી જ રીતે, તેમની ડિઝાઇનમાં, સર્વિસીસ હંમેશા અદ્રશ્ય હોય છે. ફંક્શનાલીટી એસ્થેટિક્સ પાછળ છુપાયેલી હોય છે.

તેમનો પોર્ટફોલિયો વૈવિધ્યસભર છે - જેમાં હોટલ, હોસ્પિટલો, રિસોર્ટ્સ, ઓફિસ બિલ્ડીંગ્સ, ઓફીસ સ્પસેસ, નેપાળમાં CG મોલ જેવા મિક્સ-યુઝ ડેવલપમેન્ટ અને વૈશ્વિક હોટલનો સમાવેશ થાય છે - તેમનું હૃદય રિટેલમાં રહેલું છે. તેમના સૌથી પડકારજનક કાર્યોમાંનું એક નેપાળમાં CG ફાઇનાન્શિયલ પ્રોજેક્ટ હતું, જે મૂળરૂપે તે દેશની સૌથી ઊંચી ઇમારત બનવાનો હતો. નિયમનકારી ફેરફારોને કારણે ફરીથી ડિઝાઈન કરવાની ફરજ પડી, અને છતાં, જગ્યા કે દ્રષ્ટિકોણ સાથે સમાધાન કર્યા વિના પ્રોજેક્ટ પૂર્ણ થયો. "તેણે મને જરૂરિયાતો સાથે અનુકૂલનક્ષમતા અને ફ્લેક્સિબિલિટી શીખવી."

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ડિઝાઈન કરતાં સેલ્સને પ્રાથમિકતા આપતા રિઅલ એસ્ટેટ ડેવલપર્સ માટે શું વિચારે છે, ત્યારે તેમનો જવાબ વ્યવહારુ હતો: "બિલ્ડરો ઝડપથી વેચાતા પ્રોજેક્ટ ઇચ્છે છે. તે સમજી શકાય તેવું છે. પરંતુ શહેરને આકાર આપવામાં આર્કિટેક્ચરની અગત્યની ભૂમિકા હોય છે, અને એવી ડિઝાઈન માટે દબાણ કરવાની જવાબદારી આપણી છે જે કોમર્શિઅલ અને વિઝનરી બંને હોય. તે સરળ નથી, પરંતુ અમે પ્રયાસ કરતા રહીએ છીએ."

> ક્લાયન્ટ સાથેની પહેલી મુલાકાતમાં, હું ફક્ત સાંભળું છું. તે એક આર્કિટેક્ટનું સૌથી મહત્ત્વપૂર્ણ કામ છે - તેમના ગ્રાહકોના સ્વપ્નને કલેક્ટ કરવાં, તેને રિફાઇન કરવાં અને તેને ડિફાઇન કરવાં.
>
> **- વિશાલ ખેરડીયા**

સસ્ટેનેબિલિટીના મજબૂત સમર્થક, વિશાલ માને છે કે ભારતીય ડિઝાઇનર્સ મર્યાદામાં શ્રેષ્ઠ પરિણામ આપવામાં માસ્ટર છે. "અમે મર્યાદિત જગ્યા અને બજેટ હોવા છતાં વિશ્વ-સ્તરીય પ્રોજેક્ટ્સ બનાવીએ છીએ. આંતરરાષ્ટ્રીય ડિઝાઇનર્સ પાસે ઘણીવાર આ મર્યાદાઓ હોતી નથી. પરંતુ અમે કરીને દેખાડીએ છીએ - અને અમે નવીનતા લાવીએ છીએ."

AI થી BIM અને 3D પ્રિન્ટીંગ સુધીની ઇનોવેટિવ ટેકનોલોજીને અવરોધ કરતા સાથી સક્ષમ સાથી તરીકે જુઓ તો તેઓ કહે છે, "ટેક્નોલોજી આપણને ઝડપથી અને ચોકસાઈથી ડિલિવરી કરવામાં મદદ કરે છે. તે કોઈ પડકાર નથી; તે આપણી કુશળતાને પૂરક બનાવે છે."

રિઅલ એસ્ટેટમાં લક્ઝરીની વધતી માંગ અંગેનો તેમનો અભિપ્રાય અવલોકનમાં મૂળ ધરાવે છે: "જેમ જેમ ભારતનું અર્થતંત્ર વિકસે છે, તેમ તેમ ઉત્કૃષ્ટ અને ઉચ્ચ જીવનશૈલી માટેની આકાંક્ષા પણ વધે છે. લોકો અનુભવોમાં રોકાણ કરવા તૈયાર છે - અંતે સ્પેસિસનું લક્ઝરી ડિઝાઇનમાં રૂપાંતરને પ્રાથમિકતા જરૂર મળવાની છે."

યુવાન આર્કિટેક્ટ્સ માટે, તેમની સલાહ સીધી છે: "ધીરજ રાખો. તમારા ગ્રાહકો અને વેન્ડર્સને ધ્યાનથી સાંભળો. ડિઝાઇન અને એક્ઝિક્યુશન બંનેમાં - નાની વિગતો પર ધ્યાન કેન્દ્રિત કરો. ત્યાં જ જાદુ થાય છે."

અને જો તેને ક્યારેય બજેટ કે ક્લાયન્ટની મર્યાદાઓ વિના સંપૂર્ણ સર્જનાત્મક સ્વતંત્રતા મળી હોત તો? તેઓ હસીને કહે છે, "તે સૌથી મુશ્કેલ પ્રોજેક્ટ હશે, જ્યારે કોઈ સીમાઓ ન હોય, ત્યારે તમારે તમારી પોતાની વ્યાખ્યા કરવી પડશે. તે જ વાસ્તવિક કસોટી છે."

આજે, વિશાલ સંપૂર્ણપણે ડિઝાઇન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એક્ઝિક્યુશન માટે બહારના PMCs પ્રોફેશનલ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ દ્વારા સંભાળવામાં આવે છે. "મારું પેશન, મારી કુશળતા ડિઝાઇનિંગમાં છે, આથી મને જે ગમે છે તે હું શ્રેષ્ઠ રીતે કરી શકું છું - ડિઝાઇન - પર ધ્યાન કેન્દ્રિત કરી શકું છું. હવે અમે ક્રિયેટિવિટી સાથે સમાધાન કર્યા વિના 100+ પ્રોજેક્ટ્સ એકી સાથે હેન્ડલ કરી શકીએ છીએ."

પુણેમાં પાર્ટ-ટાઇમ નોકરી કરતા યુવાન ડિઝાઇનરથી લઇને ભારતના અગ્રણી રિટેલ ડિઝાઇન માઇન્ડ્સમાંના એક એસ ડિઝાઇનર બનવા સુધી, વિશાલ ખેરડિયાની સફર દરેક પ્રોજેક્ટ સાથે સાંભળવા, શીખવા અને વિકસિત થવામાં એક માસ્ટરક્લાસ છે. તેમનો વારસો ફક્ત તે બનાવેલી જગ્યાઓ જ નથી - પરંતુ તે દરેક ક્લાયન્ટમાં શાંત આત્મવિશ્વાસ જગાડે છે: કે તેમના સપના, તેમના હાથમાં, યોગ્ય આકાર લેશે.

તેમનો અભિગમ ઊંડો એનાલિટિકલ છે - ક્રિએટિવ ઇન્સાઇટ અને વ્યવસાયિક સૂઝનું દુર્લભ સંયોજન. નાણાકીય સમજણએ ડિઝાઇનના ફોર્મને સમજવા જેટલું જ મહત્વપૂર્ણ છે

General Group Office

SKY ENTERPRISE CORPORATE OFFICE, BHAVNAGAR

PALKI STORE, HOUSTON, US

HOTEL AL BARSHA FIRST, DUBAI

ADESHRA RESIDENCE, JAMSHEDPUR


TANISHQ VADODARA

VAKIL RESIDENSE, SURAT

પુણેમાં પાર્ટ-ટાઇમ નોકરી કરતા યુવાન ડિઝાઇનરથી લઇને ભારતના અગ્રણી રિટેલ ડિઝાઇન માઇન્ડ્સમાંના એક એસ ડિઝાઇનર બનવા સુધી, વિશાલ ખેરડિયાની સફર દરેક પ્રોજેક્ટ સાથે સાંભળવા, શીખવા અને વિકસિત થવામાં એક માસ્ટરક્લાસ છે.

સુરતમાં IGBCની "ગ્રીન સંવાદ" પહેલ – ગ્રીન બિલ્ડિંગ જાગૃતિ માટે સુંદર પ્રયાસ

સિદ્ધાર્થ મહેતા - MD, શૈરુ જેમ્સ સાથે પ્રેરક ચર્ચા

યુગેન રિઅલ્ટી, સુરત.

કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII) હેઠળ કાર્યરત ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) દ્વારા 31 જુલાઇ 2025ના રોજ સુરતમાં ગ્રીન સંવાદનું પહેલું એડિશન સફળતાપૂર્વક યોજાયું. શહેરમાં ગ્રીન બિલ્ડિંગ મૂવમેન્ટને આગળ વધારવા માટે યોજાયેલા આ કાર્યક્રમમાં 60થી વધુ પ્રોફેશનલ્સ અને સ્ટેકહોલ્ડર્સ જોડાયા.

આ IGBCની રીજન-ફોકસ ટોક સિરિઝનો પહેલો પ્રયાસ હતો, જેમાં આર્કિટેક્ટ્સ, ડેવલપર્સ, એન્જિનિયર્સ, પોલિસીમેકર્સ, ઇન્ડસ્ટ્રી લીડર્સ અને વિદ્યાર્થીઓને એક જ મંચ પર વિચારોની આપ-લે, ઇનોવેશન શેર કરવા અને સુરત માટે પ્રેક્ટિકલ સસ્ટેનેબલ સ્ટ્રેટેજી પર ચર્ચા કરવાની તક મળી.

શ્રી નિરજ વિરડિયા, ચેરમેન – IGBC સુરત ચેપ્ટરે સેશનનું સુકાન સંભાળ્યું અને શહેરની સસ્ટેનેબિલિટી ચેલેન્જ તથા સંભાવનાઓ-શક્યતાઓ પર પ્રેરક ચર્ચા કરાવી. તેમણે કહ્યું, "ગ્રીન સંવાદ ફક્ત ચર્ચા નહીં, પરંતુ સ્થાનીક એક્શન માટેનું કેટાલિસ્ટ છે. એ અમને અમારા રીજન માટે યોગ્ય, વ્યવહારુ ગ્રીન સોલ્યુશન્સ શોધવામાં માટે કનેક્ટ કરે છે."

પ્રોગ્રામની શરૂઆત અને સમાપન **પુનીત મિત્તલ, કો-ચેરમેન – IGBC સુરત ચેપ્ટરે** કરી. તેમણે કહ્યું, "આ પ્લેટફોર્મ પ્રોફેશનલ્સ અને યુવા ટેલેન્ટને ગ્રીન બિલ્ડિંગ મૂવમેન્ટનો ભાગ બનવા માટે પ્રેરિત કરે છે અને સુરત માટે હેલ્ધી, ગ્રીન ફ્યુચરનું શેયર્ડ વિઝન બનાવે છે."

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ **સિદ્ધાર્થ મહેતા, મેનેજિંગ ડિરેક્ટર – શૈરુ જેમ્સ પ્રા. લિ.**નું સ્પેશિયલ એડ્રેસ હતું. તેમણે કંપનીના IGBC ગોલ્ડ રેટિંગ અને નેટ ઝીરો સર્ટિફિકેશન સુધીના સફરની વાત કરી. એનર્જી-એફિશિયન્ટ ડિઝાઇન, ઑન-સાઇટ રિન્યુએબલ એનર્જી જનરેશન, વોટર કન્સર્વેશન અને સસ્ટેનેબલ મટિરિઅલ્સના ઉપયોગથી લઇને ગ્રીન કલ્ચર કેવી રીતે કંપનીના ઑપરેશન્સ અને વિઝનમાં શામેલ છે તેની ચર્ચા કરી. "ગ્રીન સંવાદ રિઅલ સ્ટોરીઝ અને રિઅલ ઇમ્પેક્ટ શેર કરવાની તક આપે છે – જેથી ઇન્ડસ્ટ્રી લીડર્સ એકબીજાને પ્રેરણા આપી શકે," એમ તેમણે ઉમેર્યું.

ચર્ચામાં ત્રણ મુખ્ય વિષયો પર ફોકસ રાખવામાં આવ્યો :

- નેટ ઝીરો એનર્જી અને વોટર સ્ટ્રેટેજીસ – સ્રોતોના અસરકારક ઉપયોગ માટે
- સસ્ટેનેબલ અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર – ભવિષ્ય માટે તૈયાર શહેરોની રચના
- ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેશન – માર્કેટમાં વિશ્વાસ અને ડિમાન્ડ પર અસર

સુરતનું ગ્રીન સંવાદ IGBCના મોટા વિઝનનો ભાગ છે – નોલેજ એક્સચેન્જ, સ્ટેકહોલ્ડર કોલોબોરેશન અને રીજનલ લીડરશીપને પ્રોત્સાહન આપવાનું. આજે ભારત પાસે 15,800થી વધુ ગ્રીન બિલ્ડિંગ પ્રોજેક્ટ્સ અને 14 બિલિયન સ્ક્વેર ફૂટનું ગ્રીન ફૂટપ્રિન્ટ છે, જેના કારણે દેશ દુનિયામાં બીજો સૌથી મોટો ગ્રીન બિલ્ડિંગ માર્કેટ છે.

સ્થાનિક ચેમ્પિયન્સને મંચ આપીને, IGBC સુરત અને આસપાસના વિસ્તારોમાં સસ્ટેનેબલ અર્બન ગ્રોથ માટે મજબૂત રોડમેપ તૈયાર કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે – જેથી ચર્ચા કાગળ પર નહીં, પરંતુ હકીકતમાં ફેરફાર લાવે.

ડિઝાઈનિંગ ફ્યુચર્સ : સુરતમાં આર્કિટેક્ટ રાજીવ કથપાલિયા સાથે પ્રેરણાદાયી સાંજ

IIA SC અને IIID SRC નોલેજ સિરીઝથી સુરતની ડિઝાઇન કલ્ચર વધુ સમૃદ્ધ થયું

યુગેન રિઅલ્ટી, સુરત.

26 જુલાઈ 2025ના રોજ સુરતના ડિઝાઈન અને આર્કિટેક્ચર જગતના લોકો સુરત મેરિયટ હોટેલમાં એક અનોખા કાર્યક્રમ માટે ભેગા થયા. પ્રસિદ્ધ, વાસ્તુશિલ્પા સંગાથ LLPના

INDIAN INSTITUTE OF INTERIOR DESIGNERS

મેનેજિંગ પાર્ટનર અને ભારતના અગ્રણી આર્કિટેક્ટ્સમાંના એક — આર્કિટેક્ટ રાજીવ કથપાલિયાના પ્રેઝન્ટેશન માટે શહેરના આર્કિટેક્ટ્સ, ઇન્ટીરીયર ડિઝાઈનર્સ, એન્જિનિયર્સ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા. આ ઇવેન્ટ IIA સુરત સેન્ટર અને IIID સુરત રીજનલ ચેપ્ટર દ્વારા યોજાયો હતો.

26 જુલાઈ 2025ના રોજ, સુરતના ડિઝાઈન અને આર્કિટેક્ચર જાગ્રતના

લોકો સુરત મેરિયટ હોટેલ ખાતે **વિખ્યાત આર્કિટેક્ટ - વાસ્તુ શિલ્પ સંગાથ LLPના મેનેજિંગ પાર્ટનર આર્કિટેક્ટ રાજીવ કથપાલિયા** દ્વારા એક લેન્ડમાર્ક પ્રેઝન્ટેશન માટે એકઠા થયા હતા. IIA SC અને IIID SRC દ્વારા આયોજિત, આ કાર્યક્રમમાં આર્કિટેક્ટ્સ, ઇન્ટીરીયર ડિઝાઈનર્સ, શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓને બૌદ્ધિક અને ભાવનાત્મક રીતે સમૃદ્ધ બનાવતી સાંજ માટે એકત્રિત થયા હતા.

ડિઝાઈન વિથ ડેપ્થ — રાજીવ કથપાલિયાની ડિઝાઈન ફિલોસોફી

આર્કિટેક્ટ કથપાલિયા કામનું મૂળ સૂત્ર છે — જવાબદારીપૂર્ણ, હ્યુમન-સેન્ટ્રિક અને સંદર્ભને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવું. તેમણે પોતાના ગુરુ, પદ્મ ભૂષણ આર્કિટેક્ટ બી.વી. દોશી પાસેથી પ્રેરણા મેળવી છે, પરંતુ પોતાની આગવા વિઝન સાથે કામ કરે છે. તેમના વિચારોના મુખ્ય મુદ્દા :

- **ગૌરવ સાથે કરકસર :** ઓછા ખર્ચે પણ અસરકારક સ્પેસીસ બનાવવી.
- **પર્યાવરણ સાથે તાલમેલ :** બિલ્ડીંગ્સ એવી ડિઝાઈન કરવી કે જે સ્થાનિક આબોહવા, ભૂગોળ અને કુદરત સાથે સુમેળમાં રહે.
- **સામાજિક સમાવેશ :** ડિઝાઈન સૌ માટે સુલભ અને સમુદાયના લાભમાં હોય.
- **સર્વાંગી દૃષ્ટિકોણ :** લેન્ડસ્કેપ, એનેર્જી સિસ્ટમ્સ અને સંસ્કૃતિ સાથે આર્કિટેક્ચરનું મિશ્રણ.

તેમનું માનવું છે કે, આર્કિટેક્ચર માત્ર આજની ઉપયોગીતાની જરૂરિયાતોને માટે જ નથી પરંતુ આવતીકાલની ઇકોલોજીકલ અને સામાજિક જરૂરિયાતોની પણ ધ્યાન રાખે છે. પ્રેઝન્ટેશન દરમિયાનના તેમના શબ્દો તેમના સિદ્ધાંતોને સમાવિષ્ટ કરે છે : **"ડિઝાઈન વિચારો લાદવા વિશે નથી; તે સ્થળની સહજ શક્યતાઓને પ્રગટ કરવા વિશે છે - અને લોકોને તેની સાથે પોતાનું જોડાણ અનુભવે તેના વિશે છે."**

લેન્ડમાર્ક પ્રોજેક્ટ્સ

નાલંદા યુનિવર્સિટી, બિહાર : રાજગીરમાં 455 એકરનું કુશળ રીતે આયોજિત નેટ-ઝીરો કેમ્પસ, જે ભારતના શૈક્ષણિક અને આધ્યાત્મિક વારસામાં મૂળ ધરાવે છે. આ પ્રોજેક્ટ પાણી, લેન્ડસ્કેપ, બ્રિકવર્ક અને પેસિવ ડિઝાઈનનું મિશ્રણ કરે છે - ટકાઉ શૈક્ષણિક માળખાનું એક મોડેલ.

ગોદાવરી ટાવર્સ, અમદાવાદ : હાઈરાઇઝ રેસિડેન્શીઅલ બિલ્ડીંગ, જ્યાં કુદરતી પ્રકાશ, હવા અને અવકાશનો સંતુલન છે.

બનાના લીફ-ઇન્સ્પાયર્ડ સ્કૂલ : કેળાના પાંદડા જેવા આકારના રૂફ સાથે પ્લેફુલ છતાં ગહન શાળા ડિઝાઈન - સ્થાનિક સંવેદનશીલતા, આબોહવા પ્રતિભાવ અને ચાઇલ્ડ-ફ્રેન્ડલી સ્પેસ ડિઝાઈન

સ્મૃતિવન ભૂકંપ સ્મારક, ભુજ : લોકોના ભૂકંપને પડકારભર્યા જુસ્સાને વાચા આપતું આર્કિટેક્ચર ટ્રિબ્યુટ. યુનેસ્કોના વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમમાં સ્થાન પામેલ.

ચારમિનાર પ્રિસિંક્ટ પુનર્વિકાસ, હૈદરાબાદ : એવોર્ડ વિનિંગ અર્બન રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ જે ઇતિહાસ, સમુદાય અને સુલભતાને મર્જ કરે છે.

શૈક્ષણિક કેમ્પસ : IIT હૈદરાબાદ, NIIT યુનિવર્સિટી, TCS થિંક કેમ્પસ — જે રાષ્ટ્રીય નીતિમાં ઉદાહરણરૂપ છે.

સંસ્થાકીય કેમ્પસ - IIT હૈદરાબાદ, NIIT યુનિવર્સિટી, TCS થિંક કેમ્પસ, IIM ઉદયપુર : ઇન્ટીગ્રેટેડ એન્ડ ગ્રીન કેમ્પસીસ જ્યાં શિક્ષણ ખીલે ખીલે છે

ઉદ્યોગના અગ્રણીઓનો પ્રતિભાવ

IIA સુરત સેન્ટરના ચેરમેન આર્કિટેક્ટ વિજય ચૌહાણે યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, **"વિખ્યાત આર્કિટેક્ટ રાજીવ કથપાલિયાની હાજરીએ આપણી ડિઝાઈન વિચારસરણીમાં નવી ઊર્જા ભરી છે. સાચું મૂલ્ય ચમકદાર લેબલમાં નહીં, પરંતુ પ્રામાણિકતા અને અડૉપ્ટીબીલીટીમાં છે તે તેમના કામમાં ઝળકે છે. આવા થોટ પ્રોવોકિંગ કાર્યક્રમો થકી સુરતની ડિઝાઈન કમ્યુનિટી થનગનતી રાખવા માટે અમે કટિબદ્ધ છીએ."**

IIID સુરત રીજનલ ચેપ્ટરના ચેરમેન આર્કિટેક્ટ સોહેલ મન્સુરે કહ્યું — "સારી ડિઝાઈન ફક્ત સ્પેસીસ બનાવવા પૂરતું સીમિત નથી, પરંતુ જીવન, યાદો અને સંભાવનાઓ ઊભી કરવાનું છે. આ નોલેજ સેશન માનવીય આર્કિટેક્ચર પરનું માસ્ટરક્લાસ હતું."

પ્રભાવશાળી હાજરી અને થોટફૂલ ડિસ્કશન

આ કાર્યક્રમમાં **આર્કિટેક્ટ સરોશ વાડિયા (પ્રમુખ - IIID નેશનલ), આર્કિટેક્ટ જીગ્નેશ મોદી** સહિત સુરતના અનેક જાણીતા ડિઝાઈનર્સ હાજર રહ્યા. પ્રેઝન્ટેશન પછી પ્રશ્નોત્તરી સત્રમાં ટકાઉપણું, શહેરી વિકાસ અને ડિઝાઇનની નૈતિકતા પર ચર્ચા થઇ. પછી સભ્યોએ હળવાં નેટવર્કિંગ અને ભોજન દરમિયાન વિચારોની આપલે કરી — જેનાથી સહકાર અને મિત્રતાનો માહોલ મજબૂત થયો.

સાંજનો સાર

IIA સુરત ચેપ્ટરના જોડાયેલા નવા મેમ્બર્સને આવકારવામાં આવ્યા હતા અને મુખ્ય મેહમાન આર્કિટેક્ટ રાજીવ કથપલીયા દ્વારા તેમનું ફેલિસિટેશન કરવામાં આવ્યું હતું.

નેક્સિઓન, ઓલિવ, શિપ્રા, બેલિસા, ડાઇકિન, હેવેલ્સ, યુનિમેપલ અને અન્ય બ્રાન્ડ્સ દ્વારા સપોર્ટેડ આ ઇવેન્ટ ફક્ત એક પ્રેઝન્ટેશન નહીં, પરંતુ આર્કિટેક્ચરની ભૂમિકા પર વિચારવાનું આમંત્રણ હતું. IIA સુરત સેન્ટર અને IIID સુરત રીજનલ ચેપ્ટર આવા જ્ઞાન કાર્યક્રમો દ્વારા પ્રોફેશનલ વિકાસ અને સંવાદની સંસ્કૃતિ આગળ વધારી રહ્યા છે.

જેમ આર્કિટેક્ટ કથપાલિયાએ અંતે કહ્યું, **"સાચું આર્કિટેક્ચર કોઈ સ્મારક નથી, એ અરીસો છે - જે બતાવે છે કે આપણે કોણ છીએ અને શું બનવા ઈચ્છીએ છીએ."**

GRUHAM®
Where life is a celebration

ગૃહમ લાઈફસ્ટાઈલ : ધ લકઝરીયસ લિવિંગ

લિમિટેડ એડિશન લક્ઝરી વીલા અને લાર્જ ફોર્મેટ રિટેલ શોરૂમ્સ

સુરતના ઝડપથી વિકસતા રિઅલ એસ્ટેટ ક્ષેત્રે ગૃહમ લાઈફ સ્ટાઈલ એક અનોખો અને ભવ્ય પ્રોજેક્ટ આવી ગયો છે. જહાંગીરપુરા-સરોલી રોડ પર 300 ફૂટના પહોળા રસ્તા અને નવા રિંગ રોડની નજીક આવેલો આ પ્રોજેક્ટ ગૃહમ ડેવલપર્સનું નવીનતમ નજરાણું છે. લક્ઝરી રેસિડેન્શિઅલ પ્લોટ્સ અને લાર્જ ફોર્મેટ કોમર્શિઅલ શોરૂમ્સનો સમન્વય ધરાવતો આ પ્રોજેક્ટ આધુનિક જીવનશૈલીની જરૂરિયાતોને પુરી કરે છે. રોમન થીમથી પ્રેરિત આર્કિટેક્ચર, ઇકો-ફ્રેન્ડલી ડિઝાઈન અને પ્રિમિયમ સુવિધાઓ સાથે, ગૃહમ લાઈફસ્ટાઈલ એ માત્ર એક પ્રોજેક્ટ નથી, પરંતુ એક એવું સરનામું છે જે વૈભવ, આનંદ અને સમૃદ્ધિનું પ્રતીક બનશે.

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતનો વિકાસ ચારે દિશાઓમાં ખૂબ જ ઝડપથી થઇ રહ્યો છે. અડાજણ વિસ્તારથી ખૂબ જ નજીક એવા જહાંગીરપુરા - સરોલી રોડ પર 300 ફૂટ પહોળા રસ્તાની બાજુમાં અને નવા બની રહેલા રિંગ રોડની નજીક ગૃહમ ડેવલપર્સનો ગૃહમ લાઈફ સ્ટાઈલના નામથી એક જબરદસ્ત અને ભવ્ય પ્રોજેક્ટ આ વિસ્તારમાં લઈને આવી રહ્યા છે, ગૃહમ લાઈફ સ્ટાઇલ - લક્ઝુરીયસ રેસીડેન્શિઅલ રો હાઉસ-કમ પ્લોટિંગ અને કોમર્શિઅલ પ્રોજેક્ટનો અદભુત સંગમ છે, જેમાં આપને માણવા મળશે એક પ્રિમિયમ અને આધુનિક લાઈફ સ્ટાઇલ.

કહેવાય છે ને સ્મોલ ઇઝ બ્યુટીફૂલ, તો આ પ્રોજેક્ટ સરખામણીમાં સ્મોલ સ્કેલ હોવા છતાં તેમાં એમેનિટીઝ અને સુવિધાઓ જોશો તો આપ આશ્ચર્યચકિત રહી જશો. વિચારપૂર્વક કરવામાં આવેલું લેઆઉટ, આરામદાયક સુવિધાઓ અને આધુનિક બિઝનેસને જોઇએ તેવી કોમર્શિઅલ સ્પેસીસ. લોકોની વિકસતી લાઈફ સ્ટાઇલને અનુરૂપ અને તેમની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ ડિઝાઇન કરવામાં આવ્યો છે. ગૃહમ લાઈફ સ્ટાઇલ બેસ્ટ-ઇન-ક્લાસ સુવિધાઓ સાથે લેન્ડમાર્ક પ્રોજેક્ટ બનશે તેમાં કોઈ બે મત નથી.

આ પ્રોજેક્ટમાં આર્કિટેક્ચર પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે અને તેની ડિઝાઈન રોમન થીમ ઇન્સ્પાયર્ડ આર્કિટેક્ચરની છે. જે તમને ટાઈમલેસનેસ, ભવ્યતા અને કલ્ચરલ સુંદરતાનો અનુભવ કરાવશે અને આ ડિઝાઈન તેને બીજા અન્ય પ્રોજેક્ટસથી પણ અલગ તારવે છે. તેનો અદભુત દેખાવ અને ભવ્યતા દરેક વય જૂથના લોકોને અપીલ કરે તેવી છે, દરેક વીલા અને કોમર્શિઅલ જગ્યાઓ આકર્ષક, મોટી સાઈઝની છે અને ઇકો-ફ્રેન્ડલી ડેવલપમેન્ટ પ્રેક્ટિસને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ એક એવું સરનામું બનવા જઈ રહ્યું છે જેને લોકો દાયકાઓ પછી પણ યાદ રાખશે અને ગમશે.

ગૃહમ લાઈફ સ્ટાઈલમાં લિમિટેડ એડિશન લકઝરી વિલાઓ છે જ્યાં તમે માણી શકશો આધુનિક સુવિધાઓ, વૈભવ લાઈફ સ્ટાઇલ, પ્રાઇવસી અને કોમ્યુનિટી લિવિંગના લાભો. પ્રોજેક્ટની સાઈઝ નાની હોવા છતાં બેસ્ટ ઈન ક્લાસ એમિટીઝ અને ફેસિલિટીઝ અહીં આપવામાં આવી છે જે તમને આ કેટેગરીના ડેવલપમેન્ટમાં ભાગ્ય જ જોવા મળશે. વૈભવીશાળી ક્લબ હાઉસ, મહેમાનો માટે ગેસ્ટરૂમ્સ અને પૂરતી પાર્કિંગ સુવિધાઓ રેસીડેન્ટ્સ અને વિઝિટર્સ બંને માટે આરામ, સુવિધા અને સગવડ સુનિશ્ચિત કરશે.

પ્રોજેક્ટની ફ્રન્ટ સાઈડ જોઈએ તો તેમાં 3,000 થી 10,000 ચોરસ ફૂટ કાર્પેટ એરિયાના 19 જેટલા લાર્જ ફોરમેટ લકઝરી શોરૂમ્સ પણ આ પ્રોજેક્ટમાં આવી રહ્યા છે. આ લકઝરી રોડ સાઈડ કોમર્શિઅલ સ્પેસ અને આધુનિક બિઝનેસીસ માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે. જેમાં તમને મળશે વધુમાં વધુ વિઝીબિલિટી અને ગ્રાન્ડ શોકેસ. અડાજણ-જહાંગીરપુરા-સરોલી પટ્ટામાં આટલા મોટા લાર્જ ફોર્મેટ રિટેલ કોમર્શિઅલ શોરૂમ તમને મળવા મુશ્કેલ છે અને તેથી જ ભવિષ્યમાં ગૃહમ લાઈફ સ્ટાઈલ આ વિસ્તારનું ધમધમતું હબ બનવા સજ્જ થઈ રહ્યું છે.

અડાજણ-જહાંગીરપુરાના ગીચ રહેણાક વિસ્તાર અને બેસ્ટ કનેક્ટિવિટીથી જોડાયેલા આ પ્રોજેક્ટમાં રીટેલ સ્ટોર્સ અને કોર્પોરેટ્સને પણ પોતાની હાજરી દેખાડવાનો એક સુવર્ણ મોકો છે.

પ્રોજેક્ટ લોકેશનની વાત કરીએ તો જહાંગીરપુરા-સરોલીના વિકસતા વિસ્તારની નજીક અને સુરતના રીંગરોડની નજીક સ્થિત ગૃહમ લાઈફસ્ટાઈલ પ્રોજેક્ટ રહેણાક અને ધંધા બંને માટે એક વિકસતા ભવિષ્યની ખાતરી આપે છે. 300 ફૂટ પહોળા રસ્તા પર સ્થિત આ પ્રોજેક્ટ સરળ કનેક્ટિવિટી, વધતો ટ્રાફિક ફ્લો અને ભવિષ્યમાં વિઝીટર્સના ફૂટફોલ પણ ખૂબ જ મેળવશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સુરત શહેરના રિઅલ એસ્ટેટ ક્ષેત્રે ચમકતું નામ છે ગૃહમ ડેવલપર્સ, તેમના લેગેસી પ્રોજેક્ટસમાં સામેલ છે ગૃહમ ગાર્ડન વેલી, ગૃહમ ક્લબ લાઈફ, ગૃહમ હેરિટેજ, ગૃહમ પેલેસ જે વિશ્વસનીયતા, ગ્રાહક સંતોષ, શ્રેષ્ઠતા અને નવીનતાના નવા ધોરણો સ્થાપિત કરી ચૂક્યા છે.

ત્રણેય સંસ્થાપકો હરેશ મોતીસરિયા, મુકેશ મોતીસરિયા અને કેતન પાલડીયાનું વિઝન અને ગ્રાહકલક્ષી અભિગમ તેમની સફળતાનો પાયો છે. આ જ મૂલ્યો પ્રત્યેની નિષ્ઠાને કારણે આ કંપની ઉત્તરોત્તર નવી ઊંચાઈઓ સર કરી રહી છે. ક્વોલિટી, નાનામાં નાની ડિટેલ્સ અને ગ્રાહકેન્દ્રિત અભિગમ સાથે બેસ્ટ આફ્ટર સેલ્સ સર્વિસ આપવામાં પણ ગૃહમનું નામ મોખરે છે. તેમના નેતૃત્વ હેઠળ ગૃહમ લાઈફ સ્ટાઈલ પ્રોજેક્ટ અવશ્ય લોકોનું દિલ જીતી લેશે.

ગૃહમ લાઈફ સ્ટાઈલ એ માત્ર એક રિઅલ એસ્ટેટ પ્રોજેક્ટ નથી પરંતુ તે રહેણાક અને બિઝનેસ માટે રચાયેલું એક આધુનિક ઇકો સિસ્ટમ છે જ્યાં પરિવારો ખીલશે, બિઝનેસિસ વિકાસ કરશે અને જીવન આગળ વધશે. લિમિટેડ એડમિશન શોરૂમની જગ્યાઓ અને વિલાઓ તમને ભવ્યતા અને આધુનિકતાનો એક નવો સંગમ અનુભવ કરાવશે જ્યાં તમારી લાઈફ સ્ટાઈલ ખરેખર એક વારસો બની જશે.

મુકેશ મોતીસરિયા
ચેરમેન


હરેશ મોતીસરિયા
મેનેજિંગ ડિરેક્ટર

કેતન પાલડીયા
કો-ડિરેક્ટર

alt.DRX ભારતનું પ્રથમ ટોકનાઇઝ્ડ ડિજિટલ રિઅલ એસ્ટેટ માર્કેટપ્લેસ

રિઅલ એસ્ટેટમાં એક સ્ક્વેર ફૂટ કે માત્ર રૂ. 10,000થી રોકાણની શરૂઆત

Alt DRX એ ભારતનું પ્રથમ ટોકનાઇઝ્ડ ડિજિટલ રિઅલ એસ્ટેટ માર્કેટપ્લેસ ચલાવે છે, જ્યાં કોઇ પણ વ્યક્તિ એક સ્ક્વેર ફૂટથી શરૂ કરીને રેસિડેન્શિયલ પ્રોપર્ટીમાં ખરીદી, વેચાણ અને ટ્રેડ કરી શકે છે. સ્ટોક એક્સચેન્જ જેવું સરળ ઇન્ટરફેસ ધરાવતું આ પ્લેટફોર્મ, મધ્યમ વર્ગ માટે હંમેશા દૂર રહેલી પ્રીમિયમ મિલકતોમાં રોકાણ કરવાનો રસ્તો ખોલે છે - જે પહેલાં માત્ર હાઇ-નેટ વર્થ વ્યક્તિઓ કે સંસ્થાઓ માટે જ શક્ય હતું.

યુગેન રીઅલ્ટી, સુરત.

આજના સમયમાં, ખાસ કરીને શહેરોમાં, ઘણાં માટે મિલકત ખરીદવી એક સપનું બની ગઇ છે. પરંતુ એક સાહસિક નવી ફિનટેક પહેલ રિઅલ એસ્ટેટમાં રોકાણ કરવાની રીતમાં ક્રાંતિકાર પરિવર્તન લાવી રહી છે - લોકો માટે તેને લોકતાંત્રિક, પારદર્શક અને સરળ બનાવવમાં આવી છે.

Alt DRX સાથે - બેંગલુરુ સ્થિત એક ફિનટેક સ્ટાર્ટઅપ જે "મિલકતને ડિમટેરિયલાઇઝ કરીને રિઅલ એસ્ટેટ માલિકીની ડેમોક્રેટિક(બધા માટે ઉપલબ્ધ)" કરવાના વિઝન સાથે રિઅલ એસ્ટેટનાં નિયમો ફરીથી વ્યાખ્યાતયીત કરી છે.

Alt DRX એ ભારતનું પ્રથમ ટોકનાઇઝ્ડ ડિજિટલ રિઅલ એસ્ટેટ માર્કેટપ્લેસ છે, જ્યાં કોઇ પણ વ્યક્તિ એક સ્ક્વેર ફૂટથી શરૂ કરીને રેસિડેન્શિઅલ પ્રોપર્ટીમાં ખરીદી, વેચાણ અને ટ્રેડ કરી શકે છે. સ્ટોક એક્સચેન્જ જેવું સરળ ઇન્ટરફેસ ધરાવતું આ પ્લેટફોર્મ, મધ્યમ વર્ગ માટે હંમેશા સ્વપ્નસમી પ્રીમિયમ મિલકતોમાં રોકાણ કરવાનો રસ્તો ખોલે છે - જે પહેલાં માત્ર હાઇ-નેટ વર્થ વ્યક્તિઓ કે સંસ્થાઓ માટે જ શક્ય હતું.

વિઝન પાછળની ટેક્નોલોજી

Alt DRX એ એક મજબૂત ડિજિટલ ઇકોસિસ્ટમ તૈયાર કર્યું છે, જેમાં યુઝર્સ સરળ KYC પ્રક્રિયા પછી ફક્ત ₹10,000થી રોકાણ શરૂ કરી શકે છે. ચુનંદા મિલકતો જેમ કે ભાડે અપાતી રેસિડેન્શિઅલ, હોલિડે હોમ્સ, પ્રાઇમ લેન્ડ અથવા વૈકલ્પિક રેસિડેન્શિઅલ મોડલ્સમાં રોકાણ શક્ય છે. કંપનીએ એક "ડિજિટલ કોન્ટ્રાક્ટ" ડેવલપ કર્યો છે, જે 1 સ્ક્વેર ફૂટ મિલકતનું આર્થિક મૂલ્ય દર્શાવે છે અને તેને પ્લેટફોર્મ પર ટોકનાઇઝ કરીને ટ્રેડ કરવામાં આવે છે.

આ પ્લેટફોર્મ IPFS બ્લોકચેઇન પ્રોટોકોલ્સ અને XRPL Ripple ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર આધારિત છે, જે સેફ્ટી, ટ્રેસેબિલિટી અને પારદર્શકતામાં સુનિશ્ચિત કરે છે. દરેક ડિજિટલ એસેટ સિક્યોરલી સ્ટોર કરવામાં આવે છે અને ટ્રાન્ઝેક્શન તરત સેટલ થાય છે - જેવી રીતે આપણે શેર ખરીદીયે છીએ એ જ સરળ રીતે.

નવા ભારતમાં પ્રોપર્ટીમાં રોકાણની નવી રીત

યુવા રોકાણકારોથી ભરાયેલા બજારમાં Alt DRX એક સશક્ત ઇન્વેસ્ટમેન્ટ ઓફરિંગ છે - ફ્લેક્સિબલ, પારદર્શક અને લીકવીડ રિઅલ એસ્ટેટ રોકાણ. ફ્રેક્શનલ યુનિટ્સ ખરીદવી, ડેશબોર્ડ મારફતે ગ્રોથને ટ્રેક કરવી અને જરૂર પડે ત્યારે તરત વેચી શકવાની છૂટ, જૂની પ્રોપર્ટી ઓનરશિપની મર્યાદાઓને દૂર કરે છે.

આ પ્લેટફોર્મ માત્ર ભારતના રહેવાસીઓ માટે જ નહીં, પરંતુ એનઆરઆઇ માટે પણ મોટી તક આપે છે - જેઓ સામાન્ય રીતે રેન્ટડ ભારતીય પ્રોપર્ટીઝમાં રોકાણ કરવા ઇચ્છે છે પણ માલિકી અને મેનેજમેન્ટના ઝંઝટથી દૂર રહેવા માંગે છે. Alt DRX મારફતે હવે તેઓ કોઇપણ ધમધમતા સમૃદ્ધ ભારતીય શહેરોમાં સરળતાથી રોકાણ કરી શકે છે. તે પણ તેમના દેશમાં દૂર બેઠા બેઠા આરામથી ફિઝિકલ ડોક્યુમેન્ટેશનની ચિંતા કાર્ય વગર.

ફાયનાન્સ અને વિવિધ ક્ષેત્રોના દિગ્ગજોના બેકિંગ બનેલું માર્કેટપ્લેસ

Alt DRX નો વિઝન માત્ર સાહસિક નથી, પરંતુ વિશ્વાસપાત્ર પણ છે. કંપનીએ તાજેતરમાં ₹23 કરોડ ($2.7 મિલિયન)નું પ્રી-સિરીઝ A ફંડિંગ મેળવ્યું છે, જેમાં કતાર ડેવલપમેન્ટ બેંક, ટાઇમ્સ ગ્રુપ, હિન્દુસ્તાન મીડિયા વેન્ચર્સ જેવી સંસ્થાઓ અને હર્ષા ભોગલે અને રિચાર્ડ રેખી (ભૂતપૂર્વ સીઇઓ, KPMG ઇન્ડિયા) જેવા હૈ પ્રોફાઇલ, મજબૂત, વિખ્યાત અને સફળ ઇન્વેસ્ટર્સ સમાવેશ થાય છે.

આ સાથે GIFT સિટી ખાતે ઇનોવેશન સેન્ડબોક્સમાંએન્ટ્રી અને HDFC કેપિટલ તરફથી ભારતના ટોપ 10 રિઅલ એસ્ટેટ ટેક ઇનોવેટર્સમાંના એક તરીકે માન્યતા મળવી, કંપની માટે વિશિષ્ટ સિદ્ધિ છે. આ સાથે, કતારના ડિજિટલ એસેટ્સ લેબમાં પ્રવેશ કરીને કંપનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે પગજમાવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે.

યોગ્ય સમય, યોગ્ય તક

ભારતનું રેસિડેન્શિઅલ રિઅલ એસ્ટેટ માર્કેટ ઝડપી ગતિએ વિકસી રહ્યું છે, જેમાં પ્રોપર્ટી ડીમાન્ડ, રેન્ટ એપ્રિશિયેશન (ભાડું વધારાની આશા) અને SEBI જેવી સંસ્થાનો પોલિસી સપોર્ટ પણ સામેલ છે. નાઇટ ફ્રેન્ક અનુસાર, ભારતનું ફ્રેક્શનલ ઓનરશિપ માર્કેટ 2025 સુધીમાં $8.9 બિલિયન પહોંચશે - અને ને Alt DRX આ પરિવર્તનનું નેતૃત્વ કરવા માટે તૈયાર છે.

જેમ કે Alt DRXના કો-ફાઉન્ડર સચિન જોશી, યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે આ ઇનોવેટિવ પ્લેટફોર્મ વિષે વાત કરતા કહે છે કે, "રેસિડેન્શિયલ રિઅલ એસ્ટેટ દાયકાઓ પછી પોતાના સૌથી મોટા પરિવર્તન (ડિસરપ્શન) થી પસાર થઇ રહ્યો છે - ટોકનાઇઝ્ડ, ડિજિટલ, લીકવીડ. અમે Alt DRX ના માધ્યમથી રિઅલ એસ્ટેટમાં ઇન્વેસ્ટમેન્ટની પરિકલ્પનાને બદલી રહ્યા છીએ. એક એવું મોડલ લાવી રહ્યા છીએ જેમાં દરેક વ્યક્તિઓ સહભાગી બનીને રિઅલ એસ્ટેટમાં રોકાણ કરીને લાભ મેળવી શકે છે, જે પેહેલા કેટલાક લોકો પૂરતું સીમિત હતું."

સચિન જોશી
કો-ફાઉન્ડર, Alt DRX



આગળનો માર્ગ

સામાન્ય રીતે રિઅલ એસ્ટેટ હેવી કેપિટલ ઇન્ટેન્સિવ બિઝનેસ અને સમયે લીકવીડ ના કરી શકાય તેવો એસેટ ક્લાસ માનવામાં આવે છે પરંતુ રિઅલ એસ્ટેટ હવે બદલાઇ રહ્યું છે. દર વર્ષે 1,00,000થી વધુ ટ્રાન્ઝેક્શન સાથે, Alt DRX રિઅલ એસ્ટેટ રોકાણની એક નવી યાત્રા શરૂ કરી રહ્યું છે - એક્સેસિબલ, સર્વસમાવેશક અને ડેટા આધારિત. કંપની બેંગલુરુથી લઇને GIFT City અને કતાર સુધી પોતાની હાજરી વિસ્તારી રહી છે, અને હવે દરેક ભારતીય માટે "એક સ્ક્વેર ફૂટથી મિલકત માલિક બનવાનું સપનું" એક વાસ્તવિકતા બની રહ્યું છે.

Alt DRX : કારણ કે રિઅલ એસ્ટેટનું ભવિષ્ય ફક્ત બાંધવામાં નહિ, ટોકનાઇઝ થવામાં છે.

ડિજિટલ રિઅલ એસ્ટેટ દ્વારા તમારી સંપત્તિ બનાવો!

સરળ અને થોડા સ્ટેપ્સમાં ઇન્વેસ્ટમેન્ટ શરુ કરો- 1 Sq. Ft. મિલકત ખરીદો અને વેચો! ₹10,000 થી શરુ!



સિમલેસ - સિક્યોર પ્લેટફોર્મ
સાઇન અપ અને KYC કરો

હાઇ પોટેન્શિઅલ એસેટ્સ સ્કોલ કરો
રોકાણ કરવા માટે લિસ્ટમાંથી પ્રોપર્ટી પસંદ કરો

પરસનલાઇઝ્ડ ડેશબોર્ડ પર સ્ટેટ્સ જુઓ
ગ્રોથને ટ્રેક કરો અને આગળ વધો

કોઇપણ સમયે, મુશ્કેલી-મુક્ત વેચાણ કરો
લીકવીડિટીની જરૂર પડતા એક ક્લીકમાં પ્રોપર્ટી વેચો

આ પરિવર્તનશીલ રોકાણ યાત્રાની શરૂઆત કરવા કે વધુ જાણકારી માટે સ્કેન કરો :

50,000 સંતુષ્ટ યુઝર્સ | 7 શહેરો : ટ્રેડિંગની તકો | 30,000+ : ડિજિટલ SQFT ટ્રેડ્સ


Kay2 XENOX
THE INTELLIGENT STEEL
The hexagonal structure has high bond energy making the molecule less reactive & more stable.
Proper splicing rib design of the bars maintain the integrity of the structure when subjected to high shear & splitting stress.
Close ribbed design structure increases the strength to bear the overall weight
The added strength & solidity is evident during high magnitude seismic shocks
HEXAGONAL MOLECULAR BONDING
KAY2 XENOX
GRADE
Fe 550 D
Fe 500 D
Fe 550 SD
Kay2
XENOX
THE INTELLIGENT STEEL
Best Wishes From
Mr. HARIN VASA
M/s. VAISHNAV INFRASTRUCTURE PVT LTD., SURAT (GJ)
Mob. : +91 98242 45566, (0ff) 97253 55566 | E-mail : vaishnavsteel@gmail.com

સુરતમાં પ્રથમવાર યોજાઈ ગુજરાત ક્રેડાઈ બોર્ડ મિટિંગ: વિકાસ, નિયમો અને એકતા પર ચર્ચા

જસમતભાઇ વિડીયા
(ચેરમેન, CREDAI ગુજરાત)

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતના રિઅલ એસ્ટેટ ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ પગથિયું ઉમેરાયું છે — ગુજરાત ક્રેડાઈ બોર્ડ મિટિંગ પહેલીવાર સુરતમાં યોજાઈ. આ મિટિંગ સુરતના અવધ આયુષ્કા ખાતે થઈ, જ્યાં ગુજરાતના વિવિધ શહેરોના ડેવલપર્સ એક સાથે ભેગા થયા. ક્રેડાઈ સુરતની ટીમે આ ઇવેન્ટને સુંદર રીતે યોજી, અને ગીર ગાયના દૂધ, ઘી, છાસ સહિતના ઓર્ગેનિક ફૂડ કોન્સેપ્ટ સાથે આવતી હોસ્પિટાલિટી સૌ કોઈએ પસંદ કરી.

ગુજરાત ક્રેડાઈનું મહત્વ અને ભૂમિકા

ક્રેડાઈ ગુજરાત એ રિઅલ એસ્ટેટ ડેવલપર્સની રાજ્ય સ્તરીય અગ્રણી સંસ્થા છે, જેમાં ગુજરાતભરના 35 સિટી ચેપ્ટર્સમાં હજારો મેમ્બર્સ સામેલ છે. ક્રેડાઈ ડેવલપર્સની અવાજ તરીકે સરકાર સમક્ષ નીતિ વિષયક મુદ્દાઓને લઇને કામ કરે છે. ગુણવત્તાસભર બાંધકામ, સમયસર પ્રોજેક્ટ પૂર્ણતા અને મજૂર કલ્યાણ જેવા મુદ્દાઓ ક્રેડાઈના કેન્દ્રમાં રહે છે.

ક્રેડાઈ ગુજરાત, ચેરમેન જસમતભાઈ વીડિયાની આગેવાની હેઠળ અંતિમ બોર્ડ મિટિંગ

આ બેઠક – જસમતભાઇ વીડિયા, ચેરમેન, ક્રેડાઇ ગુજરાતના કાર્યકાળની છેલ્લી બોર્ડ મિટિંગ હતી. તેમણે જણાવ્યું કે, "ઓગસ્ટ 2025માં ક્રેડાઈ ગુજરાતમાં નવી લીડરશીપ આવશે, અને મારી છેલ્લી મિટિંગ સુરતમાં યોજાઈ એ એક ગૌરવપૂર્ણ અને યાદગાર ક્ષણ છે. સુરતના વિકાસ અને સંકલનક્ષમતા એ સાબિત કરે છે કે હવે શહેર લીડરશીપની દૃષ્ટિએ પણ આગળ છે. ક્રેડાઈ ગુજરાતના માધ્યમથી અમારી સતત કોશિશ રહી છે કે ડેવલપર્સના મુદ્દા સરકાર કે યોગ્ય ફોરમ પર પહોંચે, નીતિગત સુધારાઓ થાય અને એકબીજાના અનુભવોથી ઉદ્યોગ મજબૂત બને અને સતત વિકાસ થતો રહી."

આ બેઠકમાં અનેક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ:

- રેવન્યૂ સેક્રેટરી જયંતી રવિ સાથે મીટીંગ થઇ, જેમાં રેવન્યૂ નિયમોમાં થનારા પોઝિટિવ બદલાવ વિશે ચર્ચા થઈ.
- મોરબી, આણંદ, નડિયાદ, વાપી, મહેસાણા, સુરેન્દ્રનગર, નવસારી, આનંદ-વિધાનગર, પોરબંદર અને ગાંધીધામને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ રહી છે.
- નવી મહાનગરપાલિકામાં ડેવલપમેન્ટ ઝોન ડી4 માંથી ડી2 થવાને કારણે બિલ્ડરોમાં અસંતોષ ફેલાયો છે — બિલ્ડીંગ હાઈટ, ટી. પી. સ્કીમો બનતા જમીન કપાત થાય, FSI જેવા નિયમો કડક થાય એથી રિઅલ એસ્ટેટ વિકાસ પર અસર પડશે એવી ચિંતાઓ છે.
- ડી2 નિયમોને લઈને રેલીઓ પણ કાઢવામાં આવી, અને આવેદન પત્ર પણ આપવામાં આવ્યા.
- ડેવલપર્સના મંતવ્યો સરકાર સુધી પહોંચાડવા માટે શહેરી વિકાસ સેક્રેટરી શ્રી થન્નારસન સાહેબ તેમજ ઓ.એસ. દત્તા સાહેબ સાથે બેઠક થઈ, જેમાં તેમણે ઉકેલ લાવવાનો આશ્વાસન આપ્યો.

સુરત ટીમને ખાસ આભાર

આ ઇવેન્ટને સફળ બનાવવા માટે ક્રેડાઈ સુરતના સંજય માંગુકિયા, જીગ્નેશ પટેલ, તુષાર લાખાણી, વિજયભાઇ ધામેલીયા અને સમગ્ર ટીમના પ્રયાસો અને મેનેજમેન્ટને સર્વે ડેવલપર્સે વખાણ્યા. ગુજરાતના તમામ શહેરોના ડેવલપર્સે હાજરી આપી, જેનાથી ક્રેડાઇ પરિવારની એકતા અને જોડાણની ભાવના સ્પષ્ટ દેખાઈ.

સંપૂર્ણ રીતે યોજના બદ્ધ અને ઉર્જાવાન સંમેલન

આ મિટિંગ માત્ર એક બોર્ડ મિટિંગ નહોતી, પણ એ માનવીય જોડાણ, ડેવલપમેન્ટ મુદ્દાઓ અને નવા માર્ગદર્શનમાં એક મહત્વપૂર્ણ પગથિયું સાબિત થઈ. સુરતના ડેવલપર્સ માટે આ ઇતિહાસિક પ્રસંગ હતો — જે તેમના માટે ગર્વની સાથે એક મોટું સંદેશ પણ લઈને આવ્યો કે "સુરત હવે ક્રેડાઇ ગુજરાતના કેન્દ્રીય મંચ પર છે."

સુરતની કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર મહિલા મજૂરો માટે ક્રેડાઈ સુરત વુમન્સ વિંગ દ્વારા સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ

રિઅલ એસ્ટેટના આધારસ્તંભ મહિલાઓ માટે કાળજી, જાગૃતિ અને સમાવિષ્ટતાનું પગલું

એકતા સવાણી, કન્વીનર
ક્રેડાઈ સુરત વુમન્સ વિંગ

મોક્ષા મિસ્ત્રી, કો-કોન્વીનર
ક્રેડાઈ સુરત વુમન્સ વિંગ

યુગેન રિઅલ્ટી, સુરત.

કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર મહિલાઓ માટે સુરક્ષિત અને વધુ સમાવિષ્ટ બનાવવાની દિશામાં એક પ્રેરણાદાયી પગલું ભરતા, ક્રેડાઈ સુરત વુમન્સ વિંગએ 4 ઓગસ્ટ 2025 ના રોજ સુમેરુ ગ્રુપની બે કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર મહિલા સેફ્ટી અવેરનેસ (સલામતી જાગૃતિ) કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પહેલ કન્વીનર એકતા સવાણી, સહ-કન્વીનર મોક્ષા પટેલ મિસ્ત્રી અને સુરત રિઅલ એસ્ટેટ કમ્યુનિટીની જાગરૂક મહિલાઓની ટીમના નેતૃત્વ હેઠળ સંવેદના, કમ્યુનિટી સર્વિસ, અને સામાજિક ઉત્થાન સાથે લાંબા ગાળાના વિઝનને દર્શાવે છે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર કામ કરતી મહિલાઓ માટે આરોગ્ય અને સાફસફાઈ સંબંધિત જાગૃતિ લાવવી—એક એવો મુદ્દો કે જે ઘણીવાર અવગણાઈ જાય છે, પણ છે ખુબ જ અગત્યનો. કારક કે આ મુદ્દો તેમના સ્વાસ્થ્ય સાથે સીધો જોડાયેલો છે.

કાર્યક્રમના ભાગરૂપે, ત્યાં હાજર તમામ મહિલા મજૂરોને ઓર્ગેનિક સેનેટરી પેડ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટ્સ Manuate દ્વારા સ્પોન્સર કરવામાં આવી અને સમગ્ર કાર્યક્રમને તેજ ગ્રુપ – તેજ ઇન્ફ્રા અને તેજ ડિઝાઇન સ્ટુડિયો તરફથી સહયોગ મળ્યો—જેથી જણાય છે કે ઇન્ડસ્ટ્રી હવે મહિલાઓ માટે વધુ સુરક્ષિત અને સન્માનજનક વાતાવરણ ઉભું કરવાની દિશામાં સંવેદનશીલ બની રહી છે.

ક્રેડાઈ સુરત વુમન્સ વિંગની ટીમ માને છે કે મહિલા મજૂરો ઘણા પ્રોજેક્ટ્સમાં શ્રમબળનો આધાર છે, છતાંયે તેમની મૂળભૂત જરूરિયાતોને ઘણી વાર અવગણવામાં આવે છે. આ કાર્યક્રમ મારફતે તેમનું લક્ષ્ય મેનસ્ટ્રુઅલ હાઇજીન, વ્યક્તિગત સલામતી અને સાઇટ પર સામેલ માળખાકીય સુવિધાઓ અંગે જાગૃતિ ફેલાવવાનું છે.

કન્વીનર એકતા સવાણીએ યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, જણાવ્યું: "સેફ્ટી અને હાઈજીન એ કોઇ લકઝરી કે સુવિધા નથી—એ પાયાની જરૂરિયાત છે. રિઅલ એસ્ટેટ ક્ષેત્રની મહિલા અગ્રણીઓ તરીકે, અમારી જવાબદારી છે કે અમે સાઇટ પર કામ કરતી મહિલાઓ માટે કાંઈક કૉંક્રિટ અને અસરકારક કામ કરીએ. આ સાઇટ્સ પર દરેક મહિલાને ગૌરવ અને જાગૃતિ લાવવાના અમારા સતત પ્રયાસોની શરૂઆત છે."

કો-કન્વીનર મોક્ષા પટેલ મિસ્ત્રીએ ઉમેર્યું, "વાસ્તવિક પરિવર્તન પાયાના સ્તરેથી શરૂ થાય છે. મહિલા મજૂરોની રોજિંદી જરૂરિયાતોને સંબોધીને, અમે ફક્ત સુરક્ષિત કાર્યસ્થળો જ બનાવી રહ્યા નથી પરંતુ બાંધકામમાં આદર અને સમાવેશની સંસ્કૃતિને પણ પ્રોત્સાહિત કરી રહ્યા છીએ."

આ જાગૃતિ કાર્યક્રમ ક્રેડાઇ સુરત વુમન્સ વિંગ દ્વારા હાથ ધરવામાં આવેલા અનેક સામાજિક પ્રયત્નો પૈકીનું એક છે—જેનો હેતુ છે રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં મહિલાઓ માટે સમાન તક, સશક્તિકરણ અને સમાનતા માટે આધારભૂત વાતાવરણ ઉભું કરવું. ક્રેડાઇ સુરત વુમન્સ વિંગ માત્ર બિઝનેસ લીડરશીપમાં જ નહીં, પણ ઇન્ડસ્ટ્રીની સામાજિક જવાબદારીમાં પણ નવા સ્ટાન્ડર્ડ ઊભા કરી રહી છે.

આ ટીમ જ્યારે સુરતના રિઅલ એસ્ટેટનું ભવિષ્ય ગોઠવી રહી છે, ત્યારે તેઓ એક મજબૂત સંદેશ આપી રહી છે—સાચું સશક્તિકરણ ગ્રાઉન્ડ લેવલથી જ શરૂ થાય છે... આદર, કાળજી અને જાગૃતિ સાથે.

હુરુન ઇન્ડિયાએ ગ્રોહે સાથે મળીને ગુજરાતમાં પ્રથમ રિઅલ એસ્ટેટ એક્સેલન્સ એવોર્ડ્સ

ધ ઇન્ડિયા રિઅલ એસ્ટેટ એક્સેલન્સ એવોર્ડ્સ 2025 - ગુજરાતમાં સુરત ચમક્યું

અનસ રહેમાન જુનૈદ - હુરુન ઇન્ડિયા, સ્થાપક-એમડી

યુગેન રિઅલ્ટી, સુરત.

ગુજરાતના રિઅલ એસ્ટેટ ઉદ્યોગે એક લેન્ડમાર્ક ક્ષણ જોઇ જ્યારે હુરુન ઇન્ડિયાએ GROHE સાથે મળીને અમદાવાદમાં ધ ઇન્ડિયા રિઅલ એસ્ટેટ એક્સેલન્સ એવોર્ડ્સ 2025 - ગુજરાતનું આયોજન કર્યું. મેરીટ બેસ્ડ સિલેક્શન, શ્રેષ્ઠતાની કઠોર, યોગ્યતા-આધારિત ઓળખ માટે વૈશ્વિક સ્તરે જાણીતી, હુરુન ઇન્ડિયાએ પ્રથમ વખત ગુજરાતમાં પોતાનું પ્રખ્યાત પ્લેટફોર્મ લાવ્યું - 35 ડેવલપર્સનું સન્માન કર્યું જેઓ રાજ્યના અર્બન લેન્ડસ્કેપને વિઝન, નવીનતા અને પ્રામાણિકતા સાથે આકાર આપી રહ્યા છે.

આ કાર્યક્રમમાં હુરુન ઇન્ડિયાના ભારતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં નવ વર્ષના ઊંડા સંશોધનનું પરિણામ દેખાયું, જેમાં પુરસ્કાર વિજેતાઓની પસંદગી ફક્ત સ્વતંત્ર વિશ્લેષણના આધારે કરવામાં આવી - કોઈ કોમર્શિયલ લેવડ-દેવડ સામેલ ન હતી. હુરુન ઇન્ડિયાના સ્થાપક અને ચીફ રિસર્ચર અનસ રહેમાન જુનૈદના શબ્દોમાં, "ગુજરાતનું રિઅલ એસ્ટેટ એક પરિવર્તનશીલ તબક્કામાં પ્રવેશી રહ્યું છે, અને આ પુરસ્કારો એવા ડેવલપર્સને શોધે છે છે જેઓ ફક્ત બિલ્ડિંગ્સ બનાવતા નથી, પરંતુ શહેરી જીવનના ભવિષ્યને આકાર આપી રહ્યા છે."

એવોર્ડ્સમાં સુરત ઝળક્યું

જ્યારે ગુજરાતભરમાંથી ડેવલપર્સ પ્રતિભાઓનો બિરદાવવામાં આવ્યા આવી, ત્યારે સુરત એક ચમકતાં સ્ટાર તરીકે ઉભરી આવ્યું. સુરત શહેરના છ અગ્રણી ડેવલપર્સ ગ્રુપ જેમાં સંગિની ગ્રુપ, પ્રમુખ ગ્રુપ, પિરામિડ ગ્રુપ, રૂંગટા ડેવલપર્સ, રામેશ્વરમ ગ્રુપ અને ઇસ્કોન ગ્રુપને રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને લક્ઝરી રિઅલ એસ્ટેટમાં તેમના લેન્ડમાર્ક યોગદાન બદલ પ્રતિષ્ઠિત પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા.

શહેરના ગૌરવમાં વધારો કરતા, સુરતના બે ગતિશીલ અને બુલંદ અવાજોએ પેનલ ડિસ્કશનમાં સામેલ હતા; આદર્શ પટેલ (સંગિની ગ્રુપ) બ્લુપ્રિન્ટ ગુજરાત: ચાર્ટિંગ ધ સ્ટેટ્સ રિઅલ એસ્ટેટ ગ્રોથ ટુવર્ડ્સ ગુજરાત 2040 માં અને દર્શ માંગુકિયા (પિરામિડ ગ્રુપ) ધ બિલ્ડર્સ ઓફ ટુમોરો: હાઉ ગુજરાત્સ નેક્સ્ટ જનરેશન ઇઝ રિડિફાઇનિંગ ગ્રોથમાં. બંનેએ અલગ અને નવા વિચારો રજુ કર્યા, જે શહેરના ડેવલપમેન્ટ પ્રત્યેના નવીન અને ફ્યુચર રેડી અભિગમને દર્શાવે છે.

અસરકારક ડિસ્કશન અને થોટ લીડરશીપ

પ્રથમ પેનલ, બ્લુપ્રિન્ટ ગુજરાત: ચાર્ટિંગ ધ સ્ટેટ્સ રિઅલ એસ્ટેટ ગ્રોથ ટુવર્ડ્સ ગુજરાત 2040, જેનું સંચાલન GROHE ઇન્ડિયાના પ્રિયા રુસ્તોગી દ્વારા કરવામાં આવ્યું હતું, તેમાં સુરતના સંગિની ગ્રુપના આદર્શ પટેલ ઉદ્યોગના નેતાઓ સાથે ઇન્ટીગ્રેટેડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ, ટકાઉ આયોજન અને ગ્લોબલ ટ્રેંડ્સ અનુસાર અનુકૂલનક્ષમતા પર ચર્ચા કરવા માટે જોડાયા હતા.

બીજા, ધ બિલ્ડર્સ ઓફ ટુમોરો, જેનું સંચાલન હુરુનના અનસ રહેમાન જુનૈદ દ્વારા કરવામાં આવ્યું હતું, તેમાં સુરતના પિરામિડ ગ્રુપના દર્શ મંગુકિયા અને અન્ય નેક્સ્ટ જનરેશન લીડર્સ સાથે હતા, જેમણે ટેકનોલોજી અપનાવવા, ગ્રાહક-કેન્દ્રિત ડિઝાઇન અને લાંબા ગાળાના વિઝન સાથે નિર્માણ પર નવા વિઝન રજૂ કર્યું.

એવોર્ડ્સનું મહત્ત્વ

ટ્રોફી અને તાળીઓના ગડગડાટ વચ્ચે આ કાર્યક્રમે ગુજરાતના ભાવિ સ્કાયલાઇનના નિર્માણમાં વિશ્વસનીયતા, પારદર્શિતા અને નવીનતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને મજબૂત બનાવતા ડેવલપર્સને તેમની અસરકારક કામગીરી બદલ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યાં ઉપસ્થિત એક ડેવલપરે કહ્યું, "આ ફક્ત એવોર્ડ નથી - ગુણવત્તા, ટકાઉપણું અને વિશ્વાસ માટે બેન્ચમાર્ક વધારવાની જવાબદારી છે. અને એવું પ્રતિષ્ઠિત સન્માન અમને વધુ સારું કામ કરવા માટે પ્રેરિત એન્ડ પ્રોત્સાહિત કરે છે."

હુરુન ઇન્ડિયા દ્વારા મેરિટ-ઓન્લી સિલેક્શન પર ભાર

પ્રિયા રસ્તોગી - GROHE ઇન્ડિયા-એમડી

મૂકવામાં આવ્યો હતો, જે પ્રેક્ષકોને ખૂબ જ ગમ્યો, જે દર્શાવે છે કે ગુજરાતના ડેવલપર્સ રાષ્ટ્રીય અને વૈશ્વિક મંચ પર સ્પર્ધા કરવા માટે તૈયાર છે.

ગુજરાતની વિકાસગાથા માટે પ્રોત્સાહન

ગુજરાત અને ખાસ કરીને સુરત અને દક્ષિણ ગુજરાત માટે, આ કાર્યક્રમ ફક્ત પ્રતિભાની ઉજવણીની સાથે ડેવલપર્સનું મજબૂત પ્રતિનિધિત્વ, નોલેજ શેરિંગ સત્રોમાં તેમના નેતૃત્વ સાથે, ગુજરાતના રિઅલ એસ્ટેટ કથાને આકાર આપવામાં પ્રદેશના વધતા પ્રભાવને પ્રકાશિત કરે છે. લાંબા ગાળાનું ઇન્વેસ્ટમેન્ટ, ફ્યુચરિસ્ટિક અને થોટફૂલ ડિઝાઇન અને ટકાઉપણું પ્રત્યે પ્રતિબદ્ધતા સાથે, સુરતના ડેવલપર્સ શહેરી પરિવર્તનના આગામી વેવનું નેતૃત્વ કરવા માટે સારી સ્થિતિમાં છે.

આ એવોર્ડ કાર્યક્રમથી એક વાત સ્પષ્ટ થઇ ગઇ: ગુજરાતના રિઅલ એસ્ટેટ ભવિષ્યનો પાયો મજબૂત છે - અને સુરત પાયાનો પથ્થર નાખવામાં મદદ કરી રહ્યું છે.

પેનલ ડિસ્કશન: બ્લુપ્રિન્ટ ગુજરાત: ચાર્ટિંગ ધ સ્ટેટ્સ રિઅલ એસ્ટેટ ગ્રોથ ટુવર્ડ્સ ગુજરાત 2040

આદર્શ પટેલ (સંગિની ગ્રુપ)

"સુરતનો શહેરની સ્કાયલાઈનને આકર્ષક અને ઊંચી બનાવવાની સાથે ઇન્ટીગ્રેટેડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, થોટફૂલ પ્લાનિંગ, આધુનિક ટેકનોલોજી અને ગ્લોબલ સ્ટાન્ડર્ડ્સના સમન્વયથી ભવિષ્યનું સ્માર્ટ, રહેવા લાયક અને આર્થિક રીતે મજબૂત શહેર ઉભું કરવાનો અમારો દૃઢ સંકલ્પ છે."

પેનલ ડિસ્કશન: ધ બિલ્ડર્સ ઓફ ટુમોરો: હાઉ ગુજરાત્સ નેક્સ્ટ જનરેશન ઇઝ રિડિફાઇનિંગ ગ્રોથ

"આગામી પેઢી માટેનું રિઅલ એસ્ટેટ ટેકનોલોજી, નવીન ડિઝાઇન, પર્યાવરણલક્ષી વિચારો અને શ્રેષ્ઠ ગ્રાહક અનુભવના સંતુલનથી વિકસશે — અને સુરત તેની ઇનોવેટિવ વિચારસરણી, મજબૂત ઉદ્યોગસાહસિકતા અને લાંબા ગાળાના વિઝન સાથે આ પરિવર્તનનું કેન્દ્ર બનશે."

દર્શ માંગુકિયા (પિરામિડ ગ્રુપ)

સુરતથી એવોર્ડ વિનર્સ

સંગિની ગ્રુપ એક્સેલન્સ ઇન લેન્ડમાર્ક રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ
એવોર્ડ સ્વીકારી રહેલા આદર્શ પટેલ

પિરામિડ ગ્રુપ એક્સેલન્સ ઇન લક્ઝરી રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ
એવોર્ડ સ્વીકારી રહેલા દર્શ માંગુકિયા

પ્રમુખ ગ્રુપ એક્સેલન્સ ઇન વેલ્યુ-ડ્રાઇવ્ડ અર્બન ડેવલપમેન્ટ
એવોર્ડ સ્વીકારી રહેલા પ્રશાંત ભાટુ

રૂંગટા ડેવલપર્સ એક્સેલન્સ ઇન કન્સ્ટ્રક્શન એન્ડ પ્રોપર્ટી ડેવલપમેન્ટ
એવોર્ડ સ્વીકારી રહેલા અનીલ રૂંગટા

રામેશ્વરમ ગ્રુપ એસ્થેટિક અને ગુણવત્તા-કેન્દ્રિત રિઅલ એસ્ટેટમાં પાયોનિયર
એવોર્ડ સ્વીકારી રહેલા સુરેશ કોટડીયા

વિઝન, વિશ્વાસ અને સમૃદ્ધ અનુભવ સાથે આગળ વધતાં ચેનલ પાર્ટનર - હરેશ સુરાણી, હેલીસ રિઅલ્ટર

હરેશ સુરાણી, ફાઉન્ડર, હેલીસ રિયલ્ટર – એક અનુભવ સંપન્ન અને વિશ્વાસપાત્ર ચેનલ પાર્ટનર, જેમણે સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં પોતાનું અલગ અને આગવું સ્થાન બનાવ્યું છે. એક સમયે પ્રોજેક્ટ સુપરવાઇઝર તરીકે કારકિર્દી શરૂ કરનાર હરેશભાઈ આજે રેસિડેન્શિઅલથી લઈ કોમર્શિઅલ, હોટેલથી લઈને ઈન્વેસ્ટમેન્ટ સુધીના બહુવિધ ક્ષેત્રોમાં પોતાની હાજરી દર્શાવી ચૂક્યા છે. તેમની યાત્રા જજબો, વિઝન અને ગ્રાહક સંતોષ પ્રત્યેની અખૂટ નિષ્ઠાનો જીવંત દાખલો છે. તેઓ માત્ર ડીલ ફાઈનલ કરતા નથી, પરંતુ દરેક પરિવારમાં સપનાનું ઘર પૂરું થાય, એ તેમની સાચી સફળતા માને છે. ભવિષ્યમાં રિઅલ એસ્ટેટ સેવાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવાની દૃઢ ઈચ્છા સાથે હરેશભાઈ યુવા પેઢી માટે પણ પ્રેરણારૂપ છે. યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપરની કોલમ 'ધ ડીલ મેકર્સ'માં અમે ઉદ્યોગને આકાર આપતા ચેનલ પાર્ટનર્સને ઉજાગર કરીએ છીએ. આ અંકમાં હરેશ સુરાણી તેમની પ્રેરણાદાયી સફર, પડકારો અને મૂલ્યો સાથેનું જુનૂન શેર કરે છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

એક તમે રિઅલ એસ્ટેટના ચેનલ પાર્ટનર તરીકે પહેલું પગલું કેવી રીતે ભર્યું શું તમે આયોજિત નિર્ણયો હતો કે અચાનક લેવાયેલ નિર્ણય?

નહીં, આ નિર્ણય અચાનકનો નહોતો. 2010માં ભરતભાઈ ઘેલાણી સાથે પ્રોજેક્ટ સુપરવાઇઝર તરીકે કામ શરૂ કર્યું અને એથી રિઅલ એસ્ટેટ સમજાવા અને ગમવા લાગ્યું. થોડા વર્ષમાં એમ લાગ્યું કે હવે પોતાનું કંઈક શરૂ કરવું જોઈએ. 2016માં બ્રોકર તરીકે શરૂઆત કરી – ધીમે ધીમે અભ્યાસ કરીને આગળ વધતો રહ્યો. સાચું કહું તો રસ્તો આપમેળે બનતો ગયો અને 2016 માં હેલીસ રિયલ્ટર કંપનીની સ્થાપના કરી.

રિઅલ એસ્ટર ચેનલ પાર્ટનર તરીકે કામગીરી શરૂ કરી ત્યારથી સૌથી મહત્વનું સલાહ તમને શું મળી?

ભરતભાઇ ઘેલાણી પાસેથી મળેલી ગુરુદક્ષિણા કહો કે સલાહ - **"ખોટું ન કરવું અને ખોટું ન કહેવું."** ગ્રાહકના ભરોસાથી રમવું નહી. આજેય આ વાત મારા માટે જીવનની શીખ છે – કામ કેટલું પણ મોટું હોય, ભરોસો ક્યારેય તૂટવો ન જોઈએ. એ સલાહને ધ્યાને રાખીને જ કામ કરું છું – અને એ જ મારી સફળતાની કુંજી છે.

તમારા વ્યક્તિત્વને એક શબ્દ કે શબ્દ સમૂહમાં કઈ રીતે વ્યાખ્યાયિત કરીશું અને તમારા કામમાં કેવી રીત?

મારું માનવું છે કે **"ગ્રાહક એટલે ભગવાન"** અને તેની સાથે હંમેશા નીતિ, નિષ્ઠા અને ઈમાનદારી હોવી જોઈએ. ભલે પ્રશંસા મળે કે ફરિયાદ, હું એને પ્રસાદ સમજીને સ્વીકારું છું. સાચી સફળતા ત્યારે જ મળે જ્યારે ગ્રાહક સંતોષ પામે – એ જ મારી સફળતા અને સાચું ઇનામ છે.

તમે કયા પ્રકારની પ્રોપર્ટીમાં કામ કરો છો?

અમે હાલમાં રેસિડેન્શિઅલ અને કોમર્શિઅલ — બન્ને પ્રકારની પ્રોપર્ટીમાં કામ કરીએ છીએ. ફ્લેટ, ઓફિસ, દુકાન, શોરૂમથી લઈને હોટેલ અને હોસ્પિટલ સુધીની સેવાઓ 'એક જ છત હેઠળ' પૂરું પાડી રહ્યા છીએ. રિટેલ લીઝિંગ અમારી વિશેષતા છે. સુરતથી લઈને અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને અન્ય શહેરો સુધી અમારી હાજરી છે. હવે લક્ષ્ય છે — સેવાઓને દેશભરમાં અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તારવા.

તમે સફળતાપૂર્વક પૂર્ણ કરેલી સૌથી યાદગાર ડીલ કઇ હતી ને તે કેવી?

દરેક ડીલ અમારો અનુભવ વધારતી હોય છે. નવી વસ્તુ શીખીએ છીએ અને સમય સાથે પોતાને સુધારવાનું યતન કરીએ છીએ. પરંતુ જ્યારે કોઈ સામાન્ય પરિવાર માટે ઘર મળવાનું સપનું પૂરું કરીએ છીએ, ત્યારે જે સંતોષ મળે છે, એ સૌથી મોટી સફળતા અને કમાણી લાગે છે.

તમે મુખ્યત્વે કઈ રિઅલ એસ્ટેટ બ્રાન્ડ કે ડેવલપર સાથે કામ કરો છો અને કયા વિસ્તારમાં કામ કરો છો?

અડાજણ અને પાલ એ અમારા માટે કામનો મુખ્ય વિસ્તાર છે. અહીં એવા ડેવલપર્સ સાથે કામ કરીએ છીએ જેમના કામમાં ક્વાલિટી હોય, લોકેશન સારું હોય અને ડિલિવરી સમયસર આપે. જે ડેવલપર ગ્રાહકની સાથે ઈમાનદારી રાખે, એવા ડેવલપર્સ સાથે અમે જોડાવાનું પસંદ કરીએ છીએ. કારણ કે ગ્રાહક સંતોષથી જીવન જીવે એ જ અમારું લક્ષ્ય છે.

ઘણા વર્ષના અનુભવ અને ચેનલ પાર્ટનર તરીકેના એટીટ્યુડ-અભિગમ કેવી રીતે આકાર આપો છો?

જેમ સુરત "ડાયમંડ સિટી" અને "બ્રિજ સિટી" તરીકે ઓળખાય છે, તેવી જ રીતે અમે પણ દરેક ક્લાયન્ટ અને ડેવલપર વચ્ચે એક મજબૂત બ્રિજ-સેતુ બનવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણું કામ એ છે કે બંને પક્ષ ખુશ રહે અને તેમની નજરમાં આપણે હંમેશા એક ચમકદાર મજબૂત હીરા તરીકે ચમકતા રહીએ.

એક એવી કુશળતા કે વિશેષજ્ઞતા શું છે જે તમને અન્ય થી અલગ પાડે છે?

રિઅલ એસ્ટેટ દરેક માટે સહેલું નથી. લોકો પૈસાની લાલચે કે સરળ છે એવું સમજીને આ ધંધામાં આવે છે, પણ યાદ રાખો, ક્લાયન્ટ પોતાના જીવનની ભેગી કરેલી મૂડી તમારા કહેવાથી રોકે છે. અમારી કોશિશ હંમેશા રહે છે કે ક્લાયન્ટને સુરક્ષા અને શાંતિ મળી રહે. નવી પેઢીને કહું કે બ્રોકરેજ નહીં, વિશ્વાસ હાંસલ કરો — સફળતા તો પછી આપમેળે મળશે.

તમારા મત પ્રમાણે આજના રિઅલ એસ્ટેટ માર્કેટમાં ચેનલ પાર્ટનર્સની સૌથી મહત્વની ભૂમિકા શું છે?

ગ્રાહક એ પોતાના જીવનની મૂડી તમારા પર ભરોસે મૂકે છે. તમારી જવાબદારી એ છે કે માત્ર પ્રોપર્ટી વેચવી નહીં, પણ તેમને સાચી માહિતી આપવી, યોગ્ય માર્ગદર્શન આપવું અને છેલ્લે સુધી સાથ આપવો. ગ્રાહક સંતોષ પામે એ જ સાચી સફળતા છે.

આજે જ્યારે નવી પેઢી ચેનલ પાર્ટનર તરીકે આવી રહી છે તો તેમને તમે એક સારો સંદેશ શું આપશો?

ઈમાનદારી એ કામનો પાયો છે. જ્યારે પણ કોઈ ક્લાયન્ટ તમારી પાસે આવે, તો એના રૂપિયાને પોતાનું માનીને વ્યવહાર કરો. સાચા માર્ગે ચાલશો તો સફળતા પાછળ દોડતી આવશે. શૉર્ટકટ નહીં અપનાવવો – જવાબદારી, નીતિ, પ્રામાણિકતા અને સેવાની ભાવનાથી ગ્રાહકોને વધુમાં વધુ લાભ મળે તેવી ભાવના રાખશો તો સફળતા તમારા કદમ ચૂમશે.

બ્રોકિંગ ક્ષેત્રમાં એવી કઈ પડકાર જનક પરિસ્થિતિ છે જેને તમે કેવી રીતે હેન્ડલ કરો છો અને તમે ઉદ્યોગમાં કઈ એક મુશ્કેલીનો સામનો કર્યો અને તમે કેવી રીતે તેને પાર કરી?

ટાઈમસર પઝેશન ન મળવું કે ક્લાયન્ટના પૈસા અટવાઈ જવાને આપણે સૌથી મોટો પડકાર માનીએ છીએ. પણ જો તમે પહેલેથી જ સારા ડેવલપરો પસંદ કરો, સંપૂર્ણ જાણકારી રાખો અને આખી ડિલ ટ્રાન્સપરન્ટ રહે તો આવી પરિસ્થિતિ આવતી જ નથી. ગ્રાહકને સ્પષ્ટ સાચી અને ફાયદાકારક માહિતી તમારા દ્વારા મળે તો તે ઉત્તમ રસ્તો છે.

આજના માર્કેટમાં ગ્રાહકોની અપેક્ષામાં શું બદલાવ આવ્યો છે અને તમે કેવી રીતે એડ્રેસ કરો છો?

આજનો ગ્રાહક તો ઈન્ટરનેટ પર ઉપલબ્ધ માહિતીથી સજ્જ હોય છે. તે ફક્ત ઘર નહીં, સારી ડીલ, લોકેશન, અને ટાઈમલી પઝેશન પણ જોઈ રહ્યો છે. તમારે એની જરૂરિયાતને સાંભળવી, સમજવી અને યોગ્ય વિકલ્પ આપવા — આ સંવેદનશીલતા જ તમને અલગ બનાવે છે.

રિઅલ એસ્ટેટ ક્ષેત્રે સુધારો કરવો હોય તો એ તમે શું બદલાવ લાવશો?

ગ્રાહક જે શોધે છે તે પ્રમાણે પ્રોપર્ટી બતાવવી એ પ્રથમ ફરજ છે. અયોગ્ય કે વધારે ભાડું - ભાવની પ્રોપર્ટી બતાવીને તમે માત્ર તમારો જ નહીં, આખા ઉદ્યોગનો ભરોસો ખોરવી શકો છે. સાચી સલાહ, યોગ્ય વિકલ્પ અને સમય બચાવતી સર્વિસ — આ ફેરફારથી જ ઉદ્યોગ આગળ વધશે.

સ્થાનિક કે રાષ્ટ્રીય સ્તરે કઈ પ્રતિષ્ઠિત રિઅલ એસ્ટેટ બ્રાન્ડ અને પ્રેરણા આપે છે?

એવા ડેવલપરો જ મને પ્રેરણા આપે છે, જે ક્વાલિટી સાથે ટાઈમ પર પઝેશન આપે છે, પ્રોજેક્ટની ડિઝાઈન સાથે ટેનેન્ટની લિવેબિલિટી કે વર્કેબિલિટી શ્રેષ્ઠ રહે તેની ચિંતા કરે, ઓછું મેન્ટેનન્સ આપે તેનું ધ્યાન રાખે તેવા બિલ્ડરો જ બ્રાન્ડ અને ગુડવિલ બનાવી શકે છે. અને તેવા બિલ્ડર્સ સાથે કામ કરવું પ્રેરિત કરે છે.

ટેક્નોલૉજી અને માર્કેટ ટ્રેન્ડ સાથે આગામી પાંચ દસ વર્ષમાં ચેનલ પાર્ટનરી ભૂમિકા કેવી રીતે બદલાશે તેવું તમને લાગે છે?

હમણાં સાંભળ્યું કે એક ડીલ આખી AIથી થઇ ગઈ. હમણાં ભલે આ બહુ દૂરની વાત લાગતી હોય, પણ જે અપડેટ નહીં રહે તે પાછળ રહી જશે. ટેક્નોલૉજીનો ઉપયોગ ન કરો તો બજાર તમને બહાર ફેંકી દેશે. માટે હવે CRM અને ડિજિટલ ટૂલ્સ શીખવા જ પડશે – નહીં તો તમારી હાલત નોકીયા કંપની જેવી થશે.

ચેનલ પાર્ટનર તરીકે તમારી કારકિર્દી માટેનું ઉદ્યોગનું પિક્ચર કેવું હોય છે, એક દાયકામાં તમે તમારી જાતને ક્યાં જુઓ?

હું એકલો આગળ નહીં વધવા માંગતો, મારો ધ્યેય છે કે આપણે સૌ મળીને આગળ વધીએ. સૌ આગળ આવે એ માટે હું શીખતો રહીશ અને શીખવતો રહીશ. અહીં તો દરેક વ્યક્તિ 'નમ્બર વન' છે – હરીફાઈ કરતાં સહકાર વધારે જરૂરી છે. અમારી પાસે શીખીને આજે ઘણા યુવાનો પોતાની સ્વતંત્ર પ્રેક્ટિસ સફળતાપૂર્વક કરે છે.

હાલમાં માર્કેટ કેવું છે અને લાંબા ગાળાની દ્રષ્ટિએ તમે તમારો શું અભિપ્રાય છે?

હાલનું માર્કેટ સાચા ખરીદદારોનું છે – જેઓ રહેવા માટે કે પોતાના ભવિષ્ય માટે લે છે. ટૂંકા ગાળાનાં ફાયદા માટે લેવાતા ડીસીઝન ઘટ્યા છે, એ સારું છે. હવે જો ખર્ચ ઇમોશન સાથે થાય તો કન્ફર્મ ડીલ થાય. આ રીતે બિલ્ડર અને ગ્રાહક – બન્નેના પૈસા પણ સુરક્ષિત રહે અને ડિલ કેન્સલ થયાના ચાન્સીસ ઘટી જાય.

ચેનલ પાર્ટનર બનવાનો તમને ગર્વ હોઈ અને એવું કામ જે તમને દરરોજ ઉત્સાહિત રાખે છે?

માણસ પોતાની કમાણીનો મોટો હિસ્સો ઘર લેવા માટે ખર્ચે છે. એના સપનાનું પહેલું ઘર એનો સૌથી મોટો નિર્ણય હોય છે. એ સપનામાં હું ભાગીદારી કરું છું એથી ગર્વ અનુભવું છું – અને રોજ નવી ઊર્જા મળે છે.

રિઅલ એસ્ટેટ સિવાય તમને કયો શોખ છે જે જુસ્સો ગમે છે અને તમને કેવી રીતે રિચાર્જ કરે છે?

નવું શીખવું અને દુનિયામાં શું ચાલે છે તેની ખબર લેવી, પરિવાર સાથે સમય વિતાવવો, હેલ્થ અને હેપ્પીનેસનું ધ્યાન રાખવું. માત્ર મર્યા પછી લોકો તમને યાદ કરે નહીં, પણ જીવતા જીવે યાદ કરે તેવું જીવન જીવવું જોઈએ.

જો તમે રિઅલ એસ્ટેટના કોઈ ઐતિહાસિક વ્યક્તિ કે સેલિબ્રિટી સાથે ડિનર કરી શકો તો કોણ હશે એ અને આપ શું તેમને શું પૂછશો?

ગુજરાતમાં હું સૌપ્રથમ શિવાલિક ગ્રુપના ચિત્રાકભાઈ શાહ સાથે ડિનર કરવા ઇચ્છું છું — એમનામાંથી આર્ટ ઓફ લીડરશીપ શીખવાની અનેરી તક ઝડપવા માંગુ છું. સુરતના અવધ ગ્રુપના બાવકુભાઈ અને દિલીપભાઈ ઉંધાડ પણ મારા લિસ્ટમાં છે — બેમિસાલ બિલ્ડિંગ ક્વોલિટી અને તેમના કામનું સ્કેલ પ્રેરિત કરે તેવું છે. આ ઉપરાંત તેમના ક્લબ - રેસ્ટોરંટનું ફૂડ પણ મારુ ફેવરિટ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ડેન્યુબના રિઝવાન સાજન સાહેબનું વિઝન અને જર્ની જાણવા ઉત્સુક અને ઇચ્છુક છું.

રિઅલ એસ્ટેટ ચેનલ પાર્ટનર તરીકે શરૂઆત કરનાર કોઈને તમે શું સલાહ આપશો?

આ સવાલ ખરેખર મહત્વનો છે અને આ સવાલ તમે મને ગુરુપૂર્ણિમાના દિવસે પૂછી રહ્યા છો તો આનો જવાબ સારી રીતે આપવા જ રહ્યો આવનારા દરેક નવા પાર્ટનર મારો એક મંત્ર છે સૌથી પહેલાં તો ઈમાનદારી તમારા લોહીમાં ભેળવી દો તમારું નુકસાન જાય તો ભલે જાય પણ સામેવાળાની જીવન મૂડીનું ખાસ ધ્યાન રાખજો તલ અથવા રાયના દાણો નાનો ભલે હોય પણ એને જમીનમાં રોપવામાં આવે ત્યારે એને એના કદ કરતા ખૂબ સારા પ્રમાણમાં ખાતર પાણી હવામાન અને અનુરૂપ જમીનનો સાથ મળે ત્યારે તે હજારોની સંખ્યામાં એક છોડ પર ખીલી ઉઠે છે એવી જ રીતે તમે સામેવાળી મૂડીને સાચવશો તો આપોઆપ ફળ મળવાનું છે તમે જે કરો તે બેસ્ટ કરો આના માટે તમે એક વખત સંજય રાવલ મોટીવેશનલ સ્પીકર છે એમને સાંભળી લો ગુરુ માનીને સાંભળજો અને પછી આ ધંધામાં આવજો.

શરૂઆતમાં ધીરજ એ તમારું સૌથી મોટું શસ્ત્ર છે. કોઈક વખત મહિનાઓ સુધી ડીલ ન થાય, તો પણ રસ્તો ખોટો નથી. એક સારા ગ્રુપ સાથે જોડાઈ રહો, આગળ ચાલીને ટ્યુનિંગ જામે તો પાર્ટનરશીપ વિષે વિચારો. સારૂ ટીમવર્ક તમારું વિઝન - દૃષ્ટિકોણ વિકસાવે છે. સાચા દિલથી કામ કરો — નફો આવશે, પણ ગ્રાહકનો વિશ્વાસ જીતવો એ સાચો લાભ છે.

જો તમે તમારી ચેનલ પાર્ટનર સફરને ફિલ્મની શૈલી કે ગીત તરીકે વર્ણવો તો તે શું હશે અને શા માટે?

સૌપ્રથમ હંમેશા તમે નવું શીખવાનું ચાલુ રાખો તમારી પાટી કોરી છે એમ સમજીને સામે વાળા પાસે થી શીખતા રહો જો નહીં શીખો તો પેલું ગીત ગાવું પડશે મેરા જીવન કોરા કાગજ કોરા હી રહ ગયા.

JUMBO®
THIS 15TH AUGUST
EXPERIENCE TRUE FREEDOM
FROM SUPPLY CHAIN CHAOS
INTRODUCING
JUMBO CONNECT
▶ CHECK DAILY RATES
▶ TRACK DELIVERIES
▶ EARN REWARDS
▶ PLACE ORDERS ANYTIME
TAKE CONTROL OF YOUR BUSINESS
THE SMART WAY
CONTRACTORS
DISTRIBUTORS
JUMBO TMX
Hello, Harsh
Today's Rate
See The Offers
Show all
Save Upto 50% Off
Your Orders
Requested
8 Orders
Pending
3 Orders
Completed
12 Orders
Products
Home
Orders
Shop
Offer
Profile
Mfg. Of : TMT Steel Bars, Sariya
Grade: Fe 500 | Fe 500D | Fe 550 | Fe 550D | CRS
+91 82872 06230 sales@jumbotmx.com
Jai india Alloys Industries, Karanj, Surat.
ISO
THERMEX
NABL
TC - 14567
IS : 1786- 2008
CML - 7100001166

શ્રીપદ ગ્રુપે સુરતના પાલમાં અત્યાધુનિક કોર્પોરેટ ઓફિસ હેડક્વાર્ટરનું અનાવરણ કર્યું

વિકાસ, વિઝન અને સુખ, શાંતિ, સમૃદ્ધિના એક નવા યુગની શરૂઆત

શ્રીપદ ગ્રુપનું એકદમ નવું અત્યાધુનિક કોર્પોરેટ હાઉસ

શ્રીપદ ગ્રુપના નવા અત્યાધુનિક કોર્પોરેટ હાઉસનું ઇનસાઇડ વ્યૂ

શ્રીપદ ગ્રુપના નવા અત્યાધુનિક કોર્પોરેટ હાઉસનું ઇનસાઇડ વ્યૂ

શ્રીપદ ગ્રુપના નવા અત્યાધુનિક કોર્પોરેટ હાઉસની અંદર એક મંદિર


સમીપ માલાણી - ચેરમેન, શ્રીપદ ગ્રુપ

યુગેન રિઅલ્ટી, સુરત.

35 વર્ષથી વધુના જાજરમાન વારસા અને વિશ્વાસ સાથે, શ્રીપદ ગ્રૂપ આજે સુરતના રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ ક્ષેત્રમાં ગુણવત્તા, વિશ્વસનીયતા અને શ્રેષ્ઠતાનું પ્રતિક બની ગયું છે. 1985માં અતુલભાઇ માલાણી દ્વારા એક નાનકડી પારિવારીક શરૂઆતથી શરૂ થયેલો આ પ્રયાસ, આજે શહેરના સૌથી પ્રતિષ્ઠિત ડેવલપર્સ ગ્રુપમાંથી એક છે — જ્યાં દરેક બિલ્ડીંગ સાથે પ્રેમ, પરંપરા અને જવાબદારી પણ જોડાયેલી છે.

Shreepad Group's New Corporate Office Video

2002માં, સમીપ માલાણીએ સિવિલ એન્જિનિયરીંગ પૂરું કર્યા પછી 2007 સુધી ઉંડાણપૂર્વક માર્કેટનો અભ્યાસ કર્યો અને પરિવારના બીજી પેઢીના ઉધોગસાહસિક તરીકે શ્રીપદ રેસીડેન્સી પ્રોજેક્ટસ સાથે નવી શરૂઆત કરી. તેમની લીડરશીપ નેતૃત્વ હેઠળ, "શ્રીપદ" બ્રાન્ડની સ્થાપના થઇ અને છેલ્લા 18 વર્ષોમાં, આ ગ્રુપ 17+ સફળતાથી પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ અને 2,000+ હેપ્પી અને સંતુષ્ટ ગ્રાહકોના પરિવાર સાથે શ્રીપદને સુરતના સૌથી પ્રતિષ્ઠિત ડેવલપર્સમાંના એકમાં સ્થાન મળ્યું.

શ્રીપદ ગ્રૂપની પાલ, સુરતમાં પોતાના અધતન કોર્પોરેટ ઓફિસનું અનાવરણ

પાલના સૌથી પ્રીમિયમ લોકેશન પર બનેલી આ નવી કોર્પોરેટ ઓફિસ શ્રીપદ ગ્રૂપના વિસ્તાર, વિઝન અને સંબંધોને વધુ મજબૂત બનાવવાના સંકલ્પનું પ્રતિબિંબ છે. આ માત્ર એક નવું બિઝનેસ હાઉસ નથી — તે એક વિઝન સેન્ટર છે, જ્યાં પારદર્શિતા, સંસ્કૃતિ અને ભવિષ્ય માટેની તૈયારીઓ ગૂંથાયેલી છે. આ નવું બિઝનેસ હાઉસ ગ્રાહકો, પાર્ટનર્સ અને ટીમ મેમ્બર્સ સાથે નજીકનો સંબંધ જાળવવા અને નવા પ્રોજેક્ટ ડેવલપમેન્ટ કરવાની દિશામાં મોટું પગલું છે અને અર્બન ડેવલપમેન્ટમાં લીડરશિપની એક નવી અસરકારક શરૂઆત છે.

શ્રીપદ ગ્રુપના ચેરમેન સમીપ માલાણીએ યુગેન રિઅલ્ટી ન્યૂજપેપર સાથે નવા કોર્પોરેટ હાઉસ વિષે ઉત્સાહપૂર્વક વાત કરતાં જણાવે છે કે, "શ્રીપદ ગ્રુપની કોર્પોરેટ ઓફિસનો વિચાર કાર્યક્ષમતા વધારવા અને બિઝનેસ ગ્રોથના વિઝનથીથી જન્મ્યો હતો. અગાઉ સાઇટ-ટુ-સાઇટ પ્રોજેક્ટ ઓફિસથી કામ મેનેજ થતું, પ્રોજેક્ટ્સના વધતા પ્રમાણને કારણેએ સ્પષ્ટ થઈ ગયું કે ઝડપી અમલીકરણ અને સરળ સંકલન માટે સેન્ટ્રલ અને કાર્યક્ષમ ઓફિસ સ્પેસની જરૂરિયાત છે. પાલ ખાતે 'ધ વર્લ્ડ' કોમર્શિઅલ પ્રોજેક્ટ શરૂ કરતા પેહેલા જ, પાસેની જગ્યામાં નવી ઓફિસની યોજના બની ગઈ હતી. વિઝન સ્પષ્ટ હતું કે, સુરતના મોસ્ટ ટ્રસ્ટેડ ડેવલપરની કોર્પોરેટ ઓફિસ બને છે, તો તે વિશેષ - ખાસ, સ્ટેન્ડ અલોન અને વિચારપૂવર્ક ડિઝાઇન કરેલી હોવી જોઈએ. જેમાં એસ્થેટિક્સ, પર્યાવરણથી લઈને બાંધકામની ગુણવત્તા સુધી; આર્કિટેક્ટચરલ, કંન્સ્ટ્રક્સન તથા દરેક એલિમેન્ટમાં ઇનોવેશન હોવુ જ જોઈએ. જે બ્રાન્ડની ઓળખ બની રહે. આવા ઉત્સાહિક વિચારો સાથે સશક્તિ વર્કિંગ સ્પેસ આપે તેવા હાઉસ પર કામ શરુ થયું હતું.

અધતન કોર્પોરેટ બિઝનેસ હાઉસની વિશેષતાઓ:

અધતન કોર્પોરેટ બિઝનેસ હાઉસની વિશેષતાઓની વાત કરીયે

મેઇન ઓફિસ વ્યૂ

નવા કોર્પોરેટ હાઉસમાં સુંદર ટેરેસ સીટિંગ

શ્રીપદ ગ્રૂપનું મિશન છે કે તે સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં વર્લ્ડ ક્લાસ, ઇનોવેટિવ અને વેલ્યુ-રિચ પ્રોજેક્ટ્સ થાકી સુરત શહેરની સ્કાઈલઈને વધુ આકર્ષક અને સુંદર બનાવવી અને શહેરીજનોની વિકસતી આકાંશાઓને સંબોધે તેવું ડેવલપમેન્ટ કરવું. દરેક પ્રોજેક્ટ એકથી એક ચડિયાતો હોય, દરેક પ્રોજેક્ટ સાથે ગ્રુપ ડિઝાઇન, લીવેબલીટી અને ગ્રાહક સંતુષ્ટિ માટેનો નવો માપદંડ બની રહે એ ગ્રૂપનો દૃઢ વિશ્વાસ છે.

જેમ જેમ સુરત વિકસી રહ્યું છે, તેમ તેમ શ્રીપદ ગ્રૂપ પણ વિકાસના નવા સોપાનો ચડી રહીને વિકસી રહ્યું છે — માત્ર કદમાં નહીં, પણ વિઝનમાં, મૂલ્યોમાં અને મિશનમાં પણ. પાલમાં નવી કોર્પોરેટ ઓફિસની શરૂઆત એ ગ્રૂપના નવી દિશા અને લાંબા ગાળાના વિકાસ માટેના સંકલ્પનું જીવંત ઉદાહરણ છે.

તો ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટની સાથે એનર્જી એફિશિયન્ટ પણ છે જેમાં સોલાર પેનલ્સ, ઓટોમેશન-સ્વચાલિત લાઇટિંગ્સ છે, નેચરલ એર સરક્યુલેશન સિસ્ટમ જેથી ઓફિસમાં તાજગીભર્યું વાતાવરણ રહે અને ACનો વપરાશ ઓછો રહે. દરેક એલિમેન્ટ્સ 'લાઇટિંગ્સ, પેન્ટીંગ્સ, આર્ટવર્ક થી લઈને ફર્નિચર સુધી બધુ જ કસ્ટમમેડ છે. ઇનોવેશનની વાત કરીયે તો જોઇન્ટલેસ ફ્લોરિંગ કરેલું છે, AAC બ્લોક્સમાંથી 'બનાવેલ કસ્ટમ આર્ટવર્ક વૉલ જે ગ્રાઉન્ડ ફ્લોર થી થર્ડ ફ્લોર સુધી છે, કલર્ડ RCC ફસાડ ઉપયોગ કરેલો છે જે એક આકર્ષિત-એસ્થેટિકસ લુક આપે છે.

ઓફિસ ડિઝાઇન અને બનવાથી લઈને ક્લાયન્ટ સર્વિસિંગ અને વેચાણ પછીના તમામ વ્યવસાયિક કાર્યો માટે એકીકૃત આધાર તરીકે સેવા આપે છે.

સુખ. શાંતિ. સમૃદ્ધિના મૂલ્યોથી સિંચાયેલું

નવું કોર્પોરેટ હાઉસ શ્રીપદના સુખ. શાંતિ. સમૃદ્ધિના મૂલ્યોથી સિંચાયેલું છે. આ મૂલ્યો પ્રોપર્ટી ઓનર્સથી આગળ વધીને કર્મચારીઓ, ગ્રાહકો, ટેનેન્ટ્સ, સપ્લાયર્સ, વેન્ડર્સ, ચેનલ પાર્ટનર્સ, ઇન્વેસ્ટર્સ અને સલાહકારોનો સમાવેશ કરીને શ્રીપદ ઇકોસિસ્ટમ બનાવે છે.

રિઅલ એસ્ટેટમાં એક ટ્રેન્ડસેટર શ્રીપદ ગ્રુપ

શ્રીપદ ગ્રુપે તેના દરેક નવા પ્રોજેક્ટ સાથે સતત નવા બેન્ચમાર્ક અને ટ્રેન્ડ્સ સ્થાપિત કર્યા છે. શ્રીપદ એન્ટિલિયા, લો રાઇઝ બિલ્ડીંગ, ડબલ-ઊંચાઈવાળા ફોયર્સ, બેઝમેન્ટ પાર્કિંગ, 10-ફૂટ ફ્લોર હાઇટ્સ, ક્લબહાઉસ, નવીન ફસાડ લાઇટિંગ અને વાસ્તુ-અનુરૂપ લેઆઉટ; શ્રીપદે આ સુવિધાઓને આ ક્લાસમાં આ વિસ્તારમાં પહેલી વાર રજૂ કરીને નવો ટ્રેન્ડ સેટ કર્યો. શ્રીપદ સેલિબ્રેશનની જેમ, જેણે ડેક બાલ્કનીના કોન્સેપ્ટ રજુ કર્યો, અને ત્યાંથી, તેઓએ સાથે સોલાર એનર્જી એફિશિયેન્ટ પ્રોજેક્ટ બનાવવાનું ચાલુ કર્યું. શ્રીપદ અનંતા એ 100% વાસ્તુ-અનુરૂપ 4BHK પ્રોજેક્ટ છે જેમાં સેન્ટ્રલાઇઝ્ડ એર કન્ડીશનીંગ છે. આગળ શ્રીપદ પાર્ક એરેના આવ્યો, જે પાલ, પાલનપુર અને અડાજણ વિસ્તારોમાં એક વૈભવી 4 અને 5 BHK પ્રોજેક્ટ છે, જે રિસોર્ટ-શૈલીની સુવિધાઓથી સજ્જ છે. ત્યાંથી, તેઓએ ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટ ઉપયોગમાં લેવાનું શરૂ કર્યું. ઇનોવેશનની પ્રક્રિયામાં નવું સોપાન ઉમેરતાં, શ્રીપદ ઇન્ફિનિયા ગુજરાતનો પ્રથમ 3 BHK સ્માર્ટ હોમ પ્રોજેક્ટ બન્યો.

તેમના આગામી કોમર્શિઅલ પ્રોજેક્ટે બજારમાં પહેલેથી જ ધૂમ મચાવી દીધી છે, સુરતનો સૌપ્રથમ કોર્પોરેટ પાર્ક કે જેમાં 5000 ચોરસ યાર્ડના બગીચાથી સજ્જ લેન્ડસ્કેપ અને 47% ખુલ્લી જગ્યા સાથેનો ગેટેડ કોમ્યુનિટી પ્રોજેક્ટ જેમાં પ્રાઇવેટ એલિવેટર, પાર્કિંગ તથા ગાર્ડન વ્યુ સાથેના વિશેષ ઇંડીવિડ્યૂલ G+3 કોર્પોરેટ હાઉસીસ આવશે તથા સૌથી મોટો 430 ફૂટ ફ્રન્ટેજ માં ટેરેસ/ડુપ્લેક્સ ઓફિસો નો સમાવેશ છે, 1.25 લાખ+ ચોરસ ફૂટના ડેડીકેટેડ પાર્કિંગ એરિયા અને ઘણું બધું નવું લઈને આવી રહ્યા છે.તેવી જ રીતે, ઘણા વધુ પ્રોજેક્ટ્સ અનોખા નવીનતાઓ સાથે માર્ગ પર છે જે બેન્ચમાર્ક સેટ કરશે એમાં શંકાને કોઈ સ્થાન નથી અને જરૂરથી એક નવો ટ્રેન્ડ બનશે.

આઈકોનિક પ્રોજેક્ટ્સ. ખુશહાલ કમ્યુનિટી.

તેમના પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સે સફળતા, લોકપ્રિયતાની સાથે સુરતમાં બેસ્ટ ડેવલપ્ડ પ્રોજેક્ટસમાં સ્થાન મેળવ્યું છે, પરંતુ તેમના ઓન ગોઇંગ અને રેડી પ્રોજેક્ટ્સ - જેમ કે શ્રીપદ પાર્ક એરેના, ઇન્ફિનિયા, શિવંતા, વિવાંતા, ઇન્સ્પાયર અને સનશાઇન રેસિડેન્શિઅલ પ્રોજેક્ટ્સ, તેમજ પેરામાઉન્ટ અને સેન્ટ્રલ વિસ્ટા જેવા કોમર્શિઅલ પ્રોજેક્ટ્સ - માર્કેટમાં બઝ ઉભો કરીને વ્યાપક લોકપ્રિયતા મેળવી રહ્યા છે અને બજારમાં નવા ધોરણો સ્થાપિત કરી રહ્યા છે.

પાલ અને અડાજણમાં આ ગ્રુપ વાસ્તુ-કમ્પલાયન્ટ ડિઝાઇન, પ્રીમિયમ સુવિધાઓ, કાર્યક્ષમ લેઆઉટ અને સમયસર ડિલિવરી માટે જાણીતા છે. જ્યાં વાસ્તુ સિદ્ધાંતો દરેક ડિઝાઇનમાં કાળજીપૂર્વક સંકલિત કરવામાં આવે છે. આ સ્પેસીસ આર્કિટેક્ચરલી તો સક્ષમ હોય જ છે સાથે રહેવાસીઓ અને બિઝનેસ ઓનર્સ માટે આદર્શ અને આધ્યાત્મિક જીવનશૈલી અને સમૃદ્ધિના રસ્તાઓ પણ ખોલે છે. શ્રીપદ વેલ્યુ ફર્સ્ટનો અભિગમ અપનાવે છે, ડિઝાઇન, ગુણવત્તા અને યુઝર એક્સપેરિયન્સને પ્રાથમિકતા આપે છે.

પર્યાવરણીય જવાબદારી સાથે આગળ વધતું સસ્ટેનેબલ ડેવલપમેન્ટ

શ્રીપદ ગ્રૂપ પર્યાવરણ પ્રત્યે સતત સજાગ રહીને સસ્ટેનેબલ અને ગ્રીન પ્રેક્ટિસિસ અપનાવે છે. દરેક પ્રોજેક્ટમાં એનર્જી એફિશિયન્સી AAC બ્લોક્સ, સોલાર ઇન્સ્ટોલેશન, LED લાઇટિંગ, EV-રેડી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, કુદરતી વેન્ટિલેશન ડિઝાઇન, પાણી બચાવતા ફિક્સર અને કમ્યુનિટીકેન્દ્રિત સુવિધાઓનો સમાવેશ થાય છે. તેમના પ્રોજેક્ટ શ્રીપદ પાર્ક એરેનાને ગ્રીન બિલ્ડિંગ ધોરણો હેઠળ પૂર્વ-પ્રમાણિત પ્લેટિનમ રેટિંગ મળ્યું છે - જે આ પ્રદેશમાં એક નોંધપાત્ર સિદ્ધિ છે.

દરેક પગલામાં ગ્રાહક-કેન્દ્રિતતા

શ્રીપદ ગ્રુપમાં, ગ્રાહકો કંપનીના દરેક પ્રયાસના કેન્દ્રમાં હોય છે. પારદર્શક વ્યવહારો અને સમયસર ડિલિવરીથી લઈને સમર્પિત આફ્ટર સેલ્સ સર્વિસ સુધી, શ્રીપદે લોયલ કસ્ટમર બેઝ મેળવ્યો છે. રિપીટ બાયર્સ અને રેફરલ્સ તેની સફળતાની સ્ટોરીનો મોટો હિસ્સો કારણકે તેમના એક્ઝીસ્ટીંગ મેમ્બર્સ જ હોય છે જેઓ પોતે નવી પ્રોપર્ટી શ્રીપદ માં ખરીદે છે અથવા તેમના સર્કલમાં શ્રીપદની પ્રોપર્ટી લેવા માટે ભલામણ કરે છે.

શ્રીપદ ગ્રુપના ચેરમેન સમીપ માલાણીએ જણાવ્યું હતું કે, "શ્રીપદ ખાતે, અમે ફક્ત સ્ટ્રક્ચર્સ નથી બનાવતા - અમે વિશ્વાસ, સંબંધો અને વિકાસ માટે તકો બનાવીએ છીએ. આ નવી કોર્પોરેટ ઓફિસ પારદર્શિતા, સહયોગ અને કાર્યકારી શ્રેષ્ઠતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તે ફક્ત કાર્યસ્થળ નથી, પરંતુ એક એવી જગ્યા છે જ્યાં નવા વિચારો આકાર લે છે, ટીમો ખીલે છે અને સહિયારું વિઝન આગળ વધે છે."

સુંદર વિકસિત સુરત

ડ્રીમ સિટી, પીએમ મિત્રા પાર્ક, હજીરા વિસ્તરણ, મેટ્રો રેલ અને રિવરફ્રન્ટ જેવા પરિવર્તનશીલ વિકાસ માટે શહેર તૈયાર થઈ રહ્યું છે, શ્રીપદ ગ્રુપ નવા વિસ્તારોમાં તેના રેસિડેન્શિઅલ અને કોમર્શિઅલ પ્રોજેક્ટસ સાથે અર્થપૂર્ણ યોગદાન આપવાનું વિઝન ધરાવે છે.

શ્રીપદ ગ્રુપનું ભવિષ્યનું વિઝન

શ્રીપદ ગ્રૂપનું મિશન છે કે તે સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં વર્લ્ડ ક્લાસ, ઇનોવેટિવ અને વેલ્યુ-રિચ પ્રોજેક્ટ્સ થાકી સુરત શહેરની સ્કાઇલઇને વધુ આકર્ષક અને સુંદર બનાવવી અને શહેરીજનોની વિકસતી આકાંશાઓને સંબોધે તેવું ડેવલપમેન્ટ કરવું. દરેક પ્રોજેક્ટ એકથી એક ચડિયાતો હોય, દરેક પ્રોજેક્ટ સાથે ગ્રુપ ડિઝાઇન, લીવેબલીટી અને ગ્રાહક સંતુષ્ટિ માટેનો નવો માપદંડ બની રહે એ ગ્રૂપનો દ્રઢ વિશ્વાસ છે.

જેમ જેમ સુરત વિકસી રહ્યું છે, તેમ તેમ શ્રીપદ ગ્રૂપ પણ વિકાસના નવા સોપાનો ચડી રહીને વિકસી રહ્યું છે — માત્ર કદમાં નહીં, પણ વિઝનમાં, મૂલ્યોમાં અને મિશનમાં પણ. પાલમાં નવી કોર્પોરેટ ઓફિસની શરૂઆત એ ગ્રૂપના નવી દિશા અને લાંબા ગાળાના વિકાસ માટેના સંકલ્પનું જીવંત ઉદાહરણ છે.

શ્રીપદ પેરામાઉન્ટ - એલપી સવાણી રોડ

શ્રીપદ ઇન્ફિનિયા - પાલ મેઈન રોડ

શ્રીપદ ઇન્સ્પાયર - ગૌરવ પથ મેઈન રોડ

શ્રીપદ પાર્ક એરેના - બીસાઈડ્સ હજીરા રોડ

શ્રીપદ સનશાઇન - એલ.પી. સવાણી મેઈન રોડ

શ્રીપદ શિવંતા અને વિવાંતા - પાલ આર.ટી.ઓની સામે

શ્રીપદ સેન્ટ્રલ વિસ્ટા - ગુજરાત ગેસ સર્કલ

ડિગ્રી છે, પણ જ્ઞાન ક્યાં?

કુશળ સિવિલ એન્જિનિયરોની અછતથી શું બાંધકામ ક્ષેત્રનું ભવિષ્ય જોખમમાં છે?

યુગેન રિઅલ્ટી, સુરત.

થોડા સમય પહેલાંની જ વાત છે. હું એક રહેણાંક પ્રોજેક્ટની સાઇટ પર પહોંચ્યો. ધોમધખતા તાપમાં મજૂરો કામ કરી રહ્યા હતા અને સ્લેબ ભરવાની તૈયારીઓ અંતિમ તબક્કામાં હતી. ત્યાં મેં જોયું કે એક યુવાન સિવિલ એન્જિનિયર, જેણે ગુજરાતની એક પ્રતિષ્ઠિત કોલેજમાંથી ડિગ્રી મેળવી હતી અને લગભગ બે વર્ષનો અનુભવ ધરાવતો હતો, તે કામનું નિરીક્ષણ કરી રહ્યો હતો. મારું ધ્યાન સ્ટ્રક્ચરલ ડ્રોઇંગ પર ગયું અને મેં જોયું કે એક મુખ્ય બીમમાં ડિઝાઈન મુજબ જરૂરી બેન્ટ-અપ સળિયા (Bent-up bars) ખૂટતા હતા, મેં ખૂબ જ સહજતાથી તે એન્જિનિયરને આ વિશે ધ્યાન દોર્યું. તેણે મારી વાત પર માથું ધુણાવ્યું, પણ પછી જે બન્યું તેનાથી હુ અચમ્ભિત થઇ ગયો. તેણે ત્યાં કામ કરી રહેલા ફોરમેનને બોલાવીને આદેશ આપ્યો, **"આ બીમ થોડા ઊંચા કરી નાખો."** આ સાંભળી હું સ્તબ્ધ થઈ ગયો. એક એન્જિનિયર, જેણે સ્ટ્રેન્થ ઓફ મટીરિયલ્સ અને RCC ડિઝાઈન જેવા વિષયો ચાર વર્ષ ભણ્યા હોય, તેને બીમ અને સળિયા વચ્ચેનો મૂળભૂત તફાવત ન ખબર હોય? આ માત્ર એક ભૂલ નહોતી, તે ભવિષ્યમાં બનનારી ઈમારતની સલામતી સાથે ચેડાં હતાં. મેં તેને પાસે બેસાડીને લગભગ અડધો કલાક આપ્યો અને સ્ટ્રક્ચરલ ડ્રોઇંગના પાયાના સિદ્ધાંતો સમજાવ્યાં.

આ કોઈ એકલ-દોકલ ઘટના નથી જેણે મને ચિંતિત કર્યો હોય. થોડા મહિનાઓ પહેલાં, હું મારી કંપની માટે એન્જિનિયરોની ભરતી પ્રક્રિયાનો ભાગ હતો. એક ઉમેદવારના બાયોડેટામાં AutoCAD, Excel અને MSP જેવા આધુનિક સોફ્ટવેરની લાંબી યાદી હતી. 'પણ જ્યારે મેં વાતચીત દરમિયાન કેન્ટીલીવર બીમ અને એસેન્ટ્રિક ફૂટિંગના કોન્સેપ્ટ વિશે, સાઇટ પર લે-આઉટ કરવાની પદ્ધતિઓ વિશે, કે પછી સ્લમ્પ ટેસ્ટ અને ક્યુબ ટેસ્ટના મહત્વ વિશે પૂછ્યું ત્યારે તેની અજ્ઞાનતા સ્પષ્ટ દેખાઇ રહી હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે તેને ક્વોન્ટિટી એસ્ટીમેશનમાં વપરાતા મટીરિયલના યુનિટ્સ કે પછી બાંધકામ પહેલાં PCC (પ્લેન સિમેન્ટ કોંક્રિટ) શા માટે કરવામાં આવે છે તેનું કારણ પણ ખબર નહોતી. આ અનુભવો સ્પષ્ટપણે દર્શાવે છે કે સમસ્યા માત્ર થોડા વિદ્યાર્થીઓની નથી, પરંતુ બંધકામમા રુચી ના ધરાવતા ઍંજિનિયરોને તૈયાર કરતી શિક્ષણ પ્રણાલી અને તેની સાથે સંકળાયેલ બાંધકામ ઉદ્યોગના અભિગમમાં છે.

સમસ્યાના મૂળ : શા માટે ઘટી રહ્યો છે મુખ્ય એન્જિનિયરિંગ શાખાઓનો ક્રેઝ?[1]

આ રુચિના અભાવ પાછળ બહુપરીમાણીય કારણો જવાબદાર છે. તાજેતરના આંકડાઓ એક ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. એક તરફ, કમ્પ્યુટર સાયન્સ અને ઇલેક્ટ્રોનિક્સ જેવી શાખાઓમાં વિદ્યાર્થીઓનો ધસારો છે, જ્યાં 60%થી વધુ બેઠકો ભરાઈ જાય છે. AISHE 2021-22ના ડેટા મુજબ, કમ્પ્યુટર સાયન્સમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા 12.9 લાખનો વધારો થયો છે અને સિવિલ તથા મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રવેશમાં 4.5 લાખનો ઘટાડો થયો છે. આથી, સિવિલ એન્જિનિયરિંગ (48%) અને મિકેનિકલ એન્જિનિયરિંગ (46%) જેવી મુખ્ય શાખાઓમાં આજે માંડ અડધી બેઠકો ભરાય છે.



આનું મુખ્ય કારણ IT ક્ષેત્રમાં દેખીતા ઊંચા પગાર અને "વ્હાઇટ-કોલર" નોકરીનું આકર્ષણ છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ કમ્પ્યુટર-સંબંધિત ક્ષેત્રોને વધુ સુરક્ષિત અને આરામદાયક કારકિર્દી માને છે. આ ઉપરાંત, ઘણી એન્જિનિયરિંગ કોલેજોમાં શિક્ષણના નીચા ધોરણો અને દાયકાઓ જૂના, બિન અસરકારક અભ્યાસક્રમો પણ આ સમસ્યા માટે જવાબદાર છે. AICTE દ્વારા અભ્યાસક્રમમાં સુધારા જેવા પ્રયાસો થયા છે, પરંતુ તે હજુ સુધી જમીની સ્તરે સંપૂર્ણપણે અમલમાં આવ્યા નથી. પરિણામે, વિદ્યાર્થીઓ જે જ્ઞાન મેળવે છે તે ઉદ્યોગની વર્તમાન જરૂરિયાતોથી માઈલો દૂર હોય છે.

હવે પ્રશ્ન ઉદ્દભવે છે કે કુશળ ઍંજિનિયર કોને કહેવો?

- જેના કોલેજના પરિણામોમાં ઊંચા CGPI આવ્યા હોય તેને કહેવો?
- જેને બધા ટેકનિકલ સોફ્ટ્વેર વાપરતાં આવડતા હોય એને કહેવો?
- જેણે માસ્ટર ડિગ્રી કરેલ હોય તેને ગણવો?
- જેણે સાઈટ પર વધુ સમય વિતાવ્યો હોય તેને ગણવો?

ખરું કહું તો જેને સાઇટ પર કંસલ્ટંટના ડ્રોઇંગ વાંચતા અને સમજતા આવડતા હોય અને એ મુજબ કામનુ પ્લાનિંગ કરી કામ કરાવી શક્વાની કુશળતા ધરાવતો હોય તેને મારા મત મુજબ એક કુશલ ઍંજિનિયર કહી શકાય.

તો પ્રશ્ન થાય કેમ ડ્રોઇંગ વાંચતા આવડવું જોઇયે?

ડ્રોઇંગ : માત્ર રેખાઓ નહીં, બાંધકામનો આત્મા અને કાનૂની દસ્તાવેજ

બાંધકામ જગતમાં એવું કહેવાય છે કે **"ડ્રોઇંગ એ એન્જિનિયરની ભાષા છે."** જેમ એક ચિત્ર હજાર શબ્દોની ગરજ સારે છે, તેમ એક બાંધકામનું ડ્રોઇંગ લાખો શબ્દોની માહિતી, સૂચનાઓ અને વિગતો પોતાનામાં સમાવી લે છે. તેમાં દોરેલી દરેક રેખા, દરેક નિશાની અને લખેલો દરેક શબ્દ ચોક્કસ અર્થ ધરાવે છે.

આ ડ્રોઇંગ માત્ર એક માર્ગદર્શિકા નથી, પરંતુ એક કાનૂની દસ્તાવેજ છે. ક્લાયન્ટ, કોન્ટ્રાક્ટર અને કન્સલ્ટન્ટ વચ્ચે કોઈપણ વિવાદના કિસ્સામાં, આ ડ્રોઇંગને જ અંતિમ આધાર માનવામાં આવે છે. કોર્ટમાં તેનું મહત્વ કોઇ પણ કાનૂની કરાર જેટલું જ હોય છે. એક કુશળ એન્જિનિયરની સાચી પરખ ડ્રોઇંગ વાંચવાની અને સમજવાની તેની ક્ષમતા પરથી થાય છે. તે માત્ર રેખાઓ નથી જોતો, પણ તે ઇમારત કેવી રીતે બનશે, ક્યાં કેટલું મજબૂતીકરણ જોઇશે, અને કઈ વસ્તુ ક્યાં લાગશે તેની કલ્પના કરે છે. મોટાભાગે બાંધકામમાં થતી ગંભીર ભૂલોનું મૂળ ડ્રોઇંગમાં આપેલી નાની વિગતોને અવગણવામાં જ છુપાયેલું હોય છે.

જોકે, દરેક વખતે દોષનો ટોપલો સાઇટ પરના એન્જિનિયર પર ઢોળી શકાય નહીં. ઘણીવાર ડિઝાઈન કન્સલ્ટન્ટની ઓફિસમાં બનતા ડ્રોઇંગમાં પણ સ્પષ્ટતા અને સ્ટાન્ડર્ડાઇઝેશનનો અભાવ હોય છે. સિનિયર ડિઝાઈનરની કલ્પનાને જ્યારે કોઈ ઓછો અનુભવી ડ્રાફ્ટ્સમેન ડ્રોઇંગમાં ઉતારે છે, ત્યારે તેને સાઇટ પરની વાસ્તવિક પરિસ્થિતિઓનો ખ્યાલ નથી હોતો. સાઇટ એન્જિનિયરને કઈ માહિતી, ક્યારે અને કયા સ્વરૂપમાં જોઇશે, તેની સ્પષ્ટતાના અભાવે ડ્રોઇંગ અધૂરા અને ગૂંચવણભર્યા બને છે. આમ, ડ્રોઇંગ બનાવવું એ પણ એક કુશળતા છે અને તેને વાંચવું એ પણ.

આ ક્ષેત્રના દરેક પક્ષની જવાબદારી

આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ અને વિદ્યાર્થીઓ, ત્રણેયએ સાથે મળીને જવાબદારી ઉઠાવવી પડશે.

1. શિક્ષણ પ્રણાલીમાં સુધારો : કોલેજોએ તેમના અભ્યાસક્રમને AI, IoT, ડ્રોન સર્વે, 3D પ્રિન્ટીંગ અને રોબોટિક્સ જેવી નવી ટેક્નોલોજીનો સમાવેશ કરવાની સાથે સાથે મૂળભૂત કૌશલ્ય વિકાસ ને પહેલા પ્રાધાન્ય આપવું જોઇયે. વિદ્યાર્થીઓને થિયરીની સાથે સાથે લાઇવ પ્રોજેક્ટ્સ અને ગુણવત્તાયુક્ત ઇન્ટર્નશિપની તકો ફરજિયાતપણે આપવી જોઇએ અને વિદ્યાર્થીઓ ઇન્ટર્નશિપને પ્રમાણિકતાથી પૂરી કરે અને તેમાંથી શીખે તે માટે વધુ ભાર આપવો જોઇયે.

2. સોફ્ટવેર ટ્રેનિંગનો સાચો અભિગમ : સમસ્યાના મૂળમાં શિક્ષણ આપવાની પધ્ધતિ પણ છે. આજે કોલેજો માત્ર સોફ્ટવેર ચલાવતાં શીખવાડે છે, પણ તે સોફ્ટવેર દ્વારા બનતા ડ્રોઇંગને વાંચતા અને તેની પરિભાષા સમજતા શીખવાડતી નથી. વિદ્યાર્થીને સોફ્ટવેરનું બટન દબાવીને આઉટપુટ કાઢતા આવડે છે, પણ તે આઉટપુટનો સાઇટ પર શું અર્થ થાય અને તેને વાસ્તવિકતામાં કેવી રીતે ઉતારવું તેનું જ્ઞાન જ નથી. જરૂર છે કે વિદ્યાર્થીઓને પહેલા ડ્રોઇંગની ભાષા શીખવવામાં આવે. તેમને સાઇટ પર તેના ઉપયોગ અને મહત્વ વિશે જાગૃત કરવામાં આવે. દરેક એન્જિનિયરને કારકિર્દીના શરૂઆતના સમયમાં સાઇટ પરનો અનુભવ લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઇએ, અને તે પછી જ ડિઝાઇન કે મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં આગળ વધવું જોઇએ.

રીકુંજ મોરડીયા
Aariha BIM Works Pvt. Ltd. & Civil QR

3. આર્કિટેક્ટ-એન્જિનિયર વચ્ચે ભાષા સેતુ : સાચું કહું તો, બાંધકામ જગતની મોટાભાગની સમસ્યાઓનો અંત ત્યારે આવશે જ્યારે એક સાચો સેતુ સ્થપાશે. આ સેતુ ત્યારે જ રચાશે. જ્યારે આર્કિટેક્ટને એન્જિનિયરિંગની પૂરતી સ્પષ્ટતા હોય અને સાઇટ પર કામ કરતો એન્જિનિયર ડ્રોઈંગ વાંચીને તેને આર્કિટેક્ટની જેમ જ પોતાના મનમાં વિઝ્યુલાઈઝ કરી શકે. જ્યારે ડિઝાઇન બનાવનાર અને તેને અમલમાં મૂકનાર બંને એક જ ભાષામાં વિચારે, ત્યારે જ ભૂલોનું પ્રમાણ ઘટશે અને ગુણવત્તા શ્રેષ્ઠ બનશે.

4. ઉદ્યોગની ભૂમિકા : બાંધકામ ઉદ્યોગે પણ પોતાની માનસિકતા બદલવી પડશે. તેમણે યુવાન એન્જિનિયરોના અનુભવ અને જ્ઞાનને મહત્વ આપીને તેમને આકર્ષક અને સ્પર્ધાત્મક પગાર ઓફર કરવો પડશે. ઉદ્યોગે શૈક્ષણિક સંસ્થાઓમાં રિસર્ચ અને ડેવલપમેન્ટ માટે રોકાણ કરવું જોઈએ અને મજબૂત સંબંધો સ્થાપિત કરવા જોઈએ.

નિષ્કર્ષમાં, જો આપણે આજે નહીં જાગીએ, તો આવતીકાલે બહુ મોડું થઇ જશે. કાગળની ડિગ્રી ધરાવતા પણ જ્ઞાન અને કૌશલ્ય વિનાના એન્જિનિયરો દ્વારા બનેલી ઈમારતો, પુલો અને રસ્તાઓ આપણા સૌની સલામતી માટે એક મોટો ખતરો છે જેના ઉદાહરણો આપવાની જરૂર નથી. આ માત્ર કારકિર્દી કે અર્થતંત્રનો સવાલ નથી, આ દેશના ભવિષ્યના પાયાને મજબૂત બનાવવાનો સવાલ છે. હવે સમય આવી ગયો છે કે આપણે સૌ સાથે મળીને આ પડકારનો સામનો કરીએ અને સાચા અર્થમાં **"કુશળ ભારત"**નું નિર્માણ કરીએ.

1. "Why the construction sector suffers from a dearth skilled civil engineers" Article by Rajlakshmi Ghosh on Education Times 04/05/25.

SIP with Home Loan

Home Loan	50,00,000
Monthly EMI	41,822
Loan amount	50,00,000
Time	20 Years
Home Loan rate	8%
Interest Payable	50,37,280
Total Payment	1,00,37,280

SIP in Kotak Large Cap Fund	
SIP amount	10,000
Total Investment	24,00,000
Time	20 Years
Investment return	13.50%
Investment Value	1,10,32,904

(Valuation as on 01/07/2025)
(SIP start date: 01/07/2005)
(Valuation as on 27/06/2026)

Hemant Sonar
futuresteps
Mo. No. : 9624035151 / 9510122233
www.futuresteps.org.in

વિઝન, લીડરશીપ અને ગ્રોથ સાથે શહેરની સ્કાઈલાઈનને આકાર આપતાં

અંકુર રૂંગટા, એમ.ડી, રૂંગટા ડેવલપર્સ

અંકુર રૂંગટા, રૂંગટા ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર અને વિકાસના પ્રેરક, સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રને નવી દિશા અપાવનારા સક્રિય દ્વિતીય પેઢીના ઉદ્યોગસાહસિક છે. 2021માં "ટાઈમ્સ 40 અંડર 40" વિઝનરી એન્ટ્રપ્રિન્યોર તરીકે માન્યતા પ્રાપ્ત કરનાર અંકુરે કંપનીમાં માળખાગત સુધારા, નવીનતા અને ભવિષ્યલક્ષી દૃષ્ટિકોણ લાવ્યો છે. પિતાના વારસામાંથી પ્રેરણા લઈને તેઓએ બ્રાન્ડને હાઈ-એન્ડ રેસિડેન્શિઅલ, કમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રિઅલ સ્પેસિસના વિકાસ તરફ દોર્યું છે. તેમના નેતૃત્વમાં બિઝનેસ ઓટોમેશન, નૈતિક વ્યવસ્થા અને સશક્તિકરણ પર ખાસ ભાર છે. ભારત સહિત વિશ્વના અન્ય શહેરોમાં વિસ્તારવાની દૃઢ ઈચ્છા સાથે તેઓ રૂંગટા ગ્રૂપને રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં શ્રેષ્ઠતાનું પ્રતિબિંબ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. યંગ વિઝનરીઝના આ આવૃત્તિમાં, તેઓ પોતાની સફર, મૂલ્યો અને વિશ્વાસ-આધારિત અર્બન કમ્યુનિટીઝના નિર્માણ વિષે પોતાના મંતવ્યો શેર કરે છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

તમે રિઅલ એસ્ટેટ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પ્રેરણા ક્યાંથી મેળવી?

1997-98માં મારા પિતા અનિલ રૂંગટા મંડાવા, ઝુંઝુનૂથી સુરત આવ્યા હતા. તેમણે પહેલા ટેક્સટાઈલ ટ્રેડિંગ અને પછી સ્ટોક માર્કેટમાં પગ મૂક્યો. અમારી ફર્મ NSE અને BSE પર પણ લિસ્ટેડ હતી. 2007માં તેમણે જમીનમાં રોકાણ કરવાનું શરૂ કર્યું અને રિઅલ એસ્ટેટમાં પ્રવેશ કર્યો. 2011માં અમારી પ્રથમ પ્રોજેક્ટ 'રૂંગટા શોપિંગ સેન્ટર' વેસુમાં શરૂ કરી.

હું 2016માં જોડાયો ત્યારે 'ધ લોરલ્સ' પૂર્ણ થતી હતી અને અમે 'રૂંગટા ગ્રીન વેલી' શરૂ કરી.

હું 2015માં CA પૂરું કર્યું પછી સ્ટોક માર્કેટમાં ઇન્ટર્નશીપ કરી અને 2017થી રિઅલ એસ્ટેટમાં ફૂલટાઈમ જોડાયો.

2019 સુધીમાં અમે ઓપરેશન્સ સેન્ટ્રલાઈઝ કર્યા અને કોર્પોરેટ માળખું અપનાવ્યું, ઇન્ડસ્ટ્રિયલ પ્લોટિંગમાં પણ પ્રવેશ કર્યો.

શરુઆતમાં શંકા હતી, પણ સમજાઈ ગયું કે રિઅલ એસ્ટેટ દરેક ઉદ્યોગને સ્પર્શે છે અને તેનો વ્યાપ ખૂબ મોટો છે. તે પૈકી 'અપનાવટ', 'સમૃદ્ધિ' અને 'આર્થિક અસર' જેવા મૂલ્યો મારું માર્ગદર્શન બન્યા.

શું તમે પ્રથમ પેઢીના ડેવલપર છો કે આ પરિવાર વ્યવસાય છે?

હું બીજું પેઢીનો રિઅલ એસ્ટેટ ડેવલપર છું.

એવું કઈ ઘટના હતી જેણે તમારા દૃષ્ટિકોણને ઘડ્યો?

2016–2019નો સમય જ (Turning Point) હતો. પ્રોજેક્ટ ધ લોરલ્સ અને ગ્રીન વેલી પર કામ કરતાં હું ઉદ્યોગની ઊંડાણમાં ઊતર્યો.

2019માં ઓપરેશન્સ સેન્ટ્રલાઈઝ કર્યા, કોર્પોરેટ માળખું લાગુ કર્યું અને ઇન્ડસ્ટ્રિઅલ પ્લોટિંગ શરૂ કર્યું. તે સમયગાળાએ સમજાયું કે માળખાગત વ્યવસ્થા, નવીનતા અને વ્યાવસાયિકતા કેવી મહત્વની છે.

રિઅલ એસ્ટેટમાં પ્રવેશ વખતે પિતાએ શું સલાહ આપી હતી?

"જ્યારે કામ કરો ત્યારે લગનથી કરો. ચીટિંગ ન કરો. વ્યવહાર જાળવો, સર્વિસ સારી આપો તો પાછળ નહીં પડો. સફળતા તમારા પગ ચુંબશે."

આજના સમયમાં યુવા ડેવલપર્સ માટે કઈ ખાસ પડકારો છે?

મેનપાવર અને લેબરશક્તિનો અભાવ મોટો પડકાર છે. સરકારે નીતિઓ હિત માટે બનાવે છે, પણ અવારનવાર બદલાવથી માર્કેટ સમાયોજન કરી શકતું નથી. સુરતમાં અન્ડરપ્રાઈસિંગને કારણે નવીનતામાં અવરોધ આવે છે.

તમે આ પડકારો કેવી રીતે પાર કરો છો?

ટેક્નોલોજી અને ઑટોમેશન દ્વારા મેનપાવર પર નિર્ભરતા ઓછી કરી કાર્યક્ષમતા વધારીએ છીએ.

અત્યાર સુધીનો સૌથી મૂલ્યવાન પાઠ કયો છે?

ધૈર્ય અને સ્થિતપ્રજ્ઞતા. રિઅલ એસ્ટેટ લાંબી રેસ છે. તેમાં વિલંબ, અણપેક્ષિત સંજોગો હોય છે. સાથોસાથ સાઇટ, મંજૂરી અને ગ્રાહક સંચાલનનું વ્યાવહારિક જ્ઞાન પણ મહત્ત્વપૂર્ણ છે.

તમારો સૌથી ગૌરવભેર પ્રોજેક્ટ કયો છે?

'ગ્રિન વેલી' – 10 લાખ સ્ક્વેર ફૂટનો વિકાસ. પહેલો સંપૂર્ણ પ્રોજેક્ટ હતો જેમાં ખૂબ શીખવા મળ્યું.

રૂંગટા બ્રાન્ડની મુખ્ય ખાસિયતો શું છે?

અમે માત્ર 3-4 પ્રોજેક્ટ પર જ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જેથી ગુણવત્તા જળવાઈ રહે. પ્રોજેક્ટ્સ હાઈએન્ડ, ગ્રાહક કેન્દ્રિત અને ટોચની લોકેશન પર હોય છે.

તમારી શૈક્ષણિક પૃષ્ઠભૂમિ રિઅલ એસ્ટેટ દૃષ્ટિકોણે કેવી રીતે ઉપયોગી થઈ?

CA અને ફાઇનાન્સનું જ્ઞાન વ્યવસાય વ્યવસ્થાપનમાં અને નિર્ણયો લેવા ખૂબ મદદરૂપ બન્યું.

ભવિષ્યમાં કઈ નવી પ્રવૃત્તિઓ ઉદ્યોગને બદલી નાખશે?

ઇન્ડસ્ટ્રિઅલ ઝોન, સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન, ગ્રીન ટેકનોલોજી, AI અને ERPનો ઉપયોગ રિઅલ એસ્ટેટનું ભવિષ્ય ઘડશે.

તમારા રોલ મોડેલ કોણ છે?

મારા પિતા અનિલ રૂંગટાજી. તેમણે ટૂંકા સમયમાં માર્કેટમાં સ્ફટિક છાપ છોડી. તેમની જોખમ લેવાની ક્ષમતા અને જુસ્સો મારી પ્રેરણા છે.

રિઅલ એસ્ટેટ સિવાય કોણ પ્રેરણા આપે છે?

એલોન મસ્ક – તેમનો દ્રઢ નિશ્ચય અને રિસ્ક લેવાનો દૃષ્ટિકોણ બહુ પ્રેરક છે.

આગામી દાયકામાં ઉદ્યોગમાં શું બદલાવ જોઈએ છે?

ગ્રાહકો હવે કિંમત સંવેદનશીલ છે પણ મૂલ્ય પણ જોઈએ છે. સરકાર નિયમો સરળ બનાવે અને પ્રોજેક્ટ એક્સિક્યૂશન સરળ કરે.

તમારું લાંબાગાળાનું વિઝન શું છે?

રિઅલ એસ્ટેટના કેન્દ્રસ્થાને રહી 5-7 વિવિધ વ્યવસાયો વિકસાવવાનો છે. અલગ શહેરો અને રાજ્યોમાં હાજરી કરવાનો લક્ષ્ય છે.

કઈ આગામી તકો માટે તમે ઉત્સાહિત છો?

PM Mitra Park અને સુરત ડાયમંડ બોર્સ જેવી સરકારી પહેલ નવી તકોથી ભરપૂર છે.

કયો વૈશ્વિક પ્રોજેક્ટ તમને સૌથી વધુ ગમે છે?

સાઉદી અરેબિયાનો 'The Line Project' – ખૂબ જ ભવિષ્યલક્ષી વિચાર છે.

તમારું મનપસંદ પ્રવાસ સ્થાન કયું છે?

સમુદ્રકાંઠાના સ્થળો મને રિફ્રેશ કરે છે. શહેરોમાં દુબઈ ખૂબ ગમે છે અને શાંતિ માટે સ્વિટ્ઝરલેન્ડ અને યુરોપ પસંદ છે.

તમારા શોખ શું છે?

મૂવી, ગેમિંગ, ટ્રાવેલિંગ, સ્પોર્ટ્સ (ખાસ કરીને ક્રિકેટ) અને જીમ વર્કઆઉટ.

Roongta® DEVELOPERS

એવું ક્યારે બન્યું જ્યારે મોટી સમસ્યા આવી અને તમે કેવી રીતે હેન્ડલ કરી?

ગ્રિન વેલીમાં D-વોલ કોળાયું હતું. સુરતમાં એ નવી તકનીક હતી. કોઈ નુકસાન નહોતું થયું, પરંતુ અમારું ધ્યાન, ધૈર્ય અને ટિમ વર્કથી જ સંજોગોને સંભાળ્યા.

નવા લોકો માટે શું સલાહ આપશો?

ફોકસ્ડ રહો, પેશનેટ રહો. સાઇટ પરનો અનુભવ અનિવાર્ય છે. એથી તમે ટીમને સમજો અને વ્યવહારિક દૃષ્ટિકોણ વિકસાવો.

તમે નવીનતાઓ અને પ્રવૃત્તિઓ સાથે કેવી રીતે અપડેટ રહો છો?

સોશિયલ મીડિયા, ઓનલાઇન પ્લેટફોર્મ્સ, યુટ્યુબ અને તમારા જેવા ઈન્ડસ્ટ્રી ન્યૂઝપેપર વાંચીને.

તમારું ડ્રિમ પ્રોજેક્ટ કયું છે?

અત્યારે અમે 'રૂંગટા આઈકોન' વિકસાવી રહ્યા છીએ – દક્ષિણ ગુજરાતની સૌથી ઊંચી કોમર્શિયલ કોમ્પ્લેક્સ, રિંગ રોડ પર. આ અમારો ડ્રીમ પ્રોજેક્ટ છે.



રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર એસોસિયેશન - સુરત : એકતામાં છે શક્તિ

સેવા - સહકાર – સંગઠનના સૂત્ર સાથે આગળ વધતું એસોસિયેશન

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત શહેર આજે રિઅલ એસ્ટેટના ક્ષેત્રે સતત વિકસતું જઈ રહ્યું છે. બિલ્ડર્સ, બ્રોકર્સ અને ખાસ કરીને કોન્ટ્રાક્ટરો, એ તમામના પ્રયત્નોથી નવું નિર્માણ રોજ થાય છે અને શહેરને સુંદર આકર્ષક આકાર મળે છે. નાના રેસિડેન્શિઅલ યુનિટ્સ બનાવતા કોન્ટ્રાક્ટરોને એક મંચ પર લાવીને સાથે-સાથે આગળ વધારવાનો ઉત્સાહભર્યો પ્રયાસ છે – રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર એસોસિયેશન.

શરૂઆત અને હેતુ

રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર એસોસિયેશન- સુરત સંગઠનની શરૂઆત 2022માં જયેશભાઇ નાનુભાઇ સાવલિયા દ્વારા કરવામાં આવી હતી. પોતે પણ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતાં હતાં ત્યારે તેમને અનુભવ થયો કે ઘણા પ્રશ્નો આવા હોય છે જેનો ઉકેલ વ્યક્તિગત રીતે ન મળે. "કોઈ માહિતીની જરૂર પડે, કે કાયદાકીય બાબતો સમજવી હોય, તો એ માટે કોઈ પ્લેટફોર્મ હોવું જોઈએ," એવું અનુભવીને જયેશભાઇએ આ એસોસિયેશનની સ્થાપના કરી. શરૂઆતમાં ખુબ જ ઓછા લોકો થી શરુ થયેલું આ સંગઠન 600થી વધુ મેમ્બર્સ સાથે મજબુતીથી આગળ વધી રહ્યું છે.

સંગઠન વિષે યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા પ્રમુખ જયેશભાઇ સાવલિયાએ જણાવ્યું હતું કે, "કોન્ટ્રાક્ટરોની વચ્ચે પરસ્પર સહકાર, જાગૃતતા અને સમર્પિત સંગઠનશક્તિ ઉભી થાય – એ મારો મંત્ર છે. અમે એક બીજા સાથે સ્પર્ધામાં નહિ, પણ સાથે મળીને માત્ર કામ નહીં કરીએ, પણ એકબીજાને મદદરૂપ અને સહયોગી બનીને ઉદ્યોગને એક નવી દિશા આપીયે છીએ. ઉદ્યોગ અને દરેક કોન્ટ્રાક્ટર માટે પણ વિકાસના દરવાજા ખુલે તેવો સતત પ્રયાસ અમે કરીયે છીએ. રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર એસોસિયેશન - સુરતએ માત્ર સંગઠન નથી, અમારા જેવા નાના-માધ્યમ દરેક કોન્ટ્રેક્ટર વ્યવસાયી માટે એક પરિવાર છે."

ત્રિમાસિક મીટિંગ અને અનુભવનું શેરિંગ

દર ત્રણ મહિને સંગઠનની મીટિંગ યોજાય છે જેમાં વિવિધ કોન્ટ્રાક્ટરો એકબીજા સાથે પોતાની સમસ્યાઓ, અનુભવો, જાણકારીઓ અને સલાહો શેર કરે છે. કોઈ પ્રશ્ન હોય તો કમિટીના સભ્યો તેને સંભાળી, યોગ્ય રીતે ઉકેલી આપે છે. આ ત્રિમાસિક મીટીંગનો લાભ આજે મોટા પાયે નાના કોન્ટ્રાક્ટર મિત્રો લઇ રહ્યા છે.

જાગૃતતા અને તાલીમ

આજના સમયમાં નિયમો, સેફટી અને ઇન્સ્યોરન્સ કેટલી અગત્યની બાબતો બની છે એ તો આપણે સૌ જાણીએ છીએ. એસોસિયેશન દ્વારા ખાસ સેફટી અને વર્કર ઇન્સ્યોરન્સ અંગે જાણકારી આપવામાં આવે છે. એ જાગૃતિના પરિણામે આજે એસોસિયેશનના 600 સભ્યોમાંથી 400 થી વધુ સભ્યો પોતાના લેબર- કારીગરો માટે ઇન્સ્યોરન્સ ઉતારે છે – આ ખરેખર પ્રસંશનીય અને અનુકરણીય છે. ઇન્સ્યોરન્સને કારણે તેમના પરવારો સેફ અને મજબૂત બન્યા છે.

કોન્ટ્રાક્ટર-ઘરમાલિક વચ્ચે સમજૂતી અને સમાધાન

ઘણા વખત કોન્ટ્રાક્ટર અને મકાન માલિક વચ્ચે મુશ્કેલીઓ કે તકરાર ઊભી થાય છે. એસોસિયેશન એવામાં તટસ્થ ભૂમિકા ભજવીને બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવે છે. કોન્ટ્રાક્ટ અને એગ્રિમેન્ટ લખાણ કેવી રીતે હોવું જોઈએ – એ બાબતે પણ માર્ગદર્શન આપવામાં આવે છે અને જરૂરીયાત હોય તો નમૂનાના દસ્તાવેજ પણ આપવામાં આવે છે. જયેશભાઇ પોતે પણ આ સિસ્ટમને ફોલો કરીને પ્રોપર લખાણ સાથે જ કોન્ટ્રાક્ટ લે છે.

સહયોગ અને જવાબદારી

કોન્ટ્રાક્ટર મિત્રો વચ્ચે સહકાર અને સહભાગિતાનો ભાવ ઊંડો થયો છે. એસોસિયેશન હવે સભ્યો માટે જૂદા જૂદા લાભદાયી પગલાં લઈ રહી છે – જેમ કે કોન્ટ્રાક્ટરો માટે અંગત ઇન્સ્યોરન્સ યોજનાઓ, દુર્ઘટનામાં સહાય, જાગૃતિ માટે સેમિનાર્સ વગેરે.

ઉદ્યોગ જગતનો સહયોગ

કાલિકા, મેટારોલ, SRJ, પોલાદ સ્ટીલ, ગજ કેસરી સ્ટીલ, ડુરોગાર્ડ જેવી કંપનીઓ સતત સહયોગ આપે છે. આ ઉદ્યોગોનો સહકાર માત્ર ઉત્પાદન પૂરતો જ નથી, પણ સંગઠનના પ્રોગ્રામ્સ અને જાગૃતિ અભિયાનોમાં પણ તેઓ સહભાગી રહે છે. આવા નોલેજ સેમિનાર્સને કારણે સભ્ય મિત્રોમાં સ્કિલ અને સમાજ ઉત્તરોત્તર વધી રહી છે.

પરિવારો સાથેનો સ્નેહ મિલન

સંસ્થાની વિશેષતા એ છે કે એ કોન્ટ્રાક્ટરોના જીવનમાં કામ સિવાયની ખુશીઓ અને સંબંધોને પણ મહત્વ આપે છે. દર વર્ષે "સ્નેહ મિલન" નામે એક સુંદર કાર્યક્રમ યોજાય છે જેમાં સભ્યો પરિવાર સાથે આવે છે અને એકબીજાની નજીક આવે છે.

રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર એસોસિયેશન - સુરતએ માત્ર એક સંગઠન નથી, પણ એક પરિવાર છે – જે કોન્ટ્રાક્ટરોને માત્ર વ્યવસાયિક રીતે નહીં પણ માનવીય રીતે પણ જોડે છે. આજે નાના અને મધ્યમ કોન્ટ્રાક્ટરો માટે આ પ્રકારની એસોસિયેશન એક સશક્ત અવાજ બનીને ઉભર્યું છે અને આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

કહેવું પડે કે – સેવા, સહકાર અને સંગઠન હોય ત્યાં વિકાસ અને વૃદ્ધિ હોય!

રેસિડેન્શિઅલ કોન્ટ્રાક્ટર એસોસિયેશન – સુરત : લીડરશીપ ટીમ - હોદેદારો

પ્રમુખ : જયેશભાઈ એન. સાવલીયા (મોલડી)
ઉપ પ્રમુખ : તનસુખભાઈ એસ. ટાંક (આંબરડી)
મંત્રી : શૈલેષભાઈ એચ. ભુવા (ખંભાળીયા)
સહમંત્રી : નિતીનભાઈ જે. વાવલીયા (ગેલકોટડી)
ખજાનશી : શૈલેષભાઈ એચ. ચાવડા (વાસાવડ)
સહ ખજાનશી : જીગ્નેશભાઈ પી. સાપરા (સારંગપુર)
સહ ખજાનશી : રમેશભાઈ એસ. ટાંક (આંબરડી)

લીડરશીપ ટીમ - કમિટી મેમ્બર્સ

દિનેશભાઈ સી. કમાણી (વેકરી)
વિપુલભાઈ પી. ટાંક (તરસરા)
મહેશભાઈ કે. કટુડીયા (ખોટાદ)
અલ્પેશભાઈ આર. સોજીત્રા (વેકરી)
નરેશભાઈ બી. ઝાલાવડીયા (ફાટસર)
હરેશભાઈ ડી. વેકરીયા (નવાગામ જાખુડા)
અમર જે. ચોટલીયા (હિરાપર)
ભાવેશભાઈ એમ. ચોવટીયા (સડોદર)
રાજેશભાઈ વી. તળાવિયા (લુવારીયા)
ધર્મેશભાઈ જી. પ્રજાપતિ (અલમપર)
નવનીત ડી. સાકરીયા (ઉમેજ)
અતુલભાઈ સાવલીયા (જીરા)

SHABMMA દ્વારા ઉદયપુર ટૂર અને હોલસેલ મિટિંગનું સફળ આયોજન

યુગેન રિઅલ્ટી, સુરત.

SHABMMA દ્વારા 18 જુલાઈ 2025ના રોજ ઉદયપુર ખાતે ટૂર અને હોલસેલ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે 8 વાગ્યે સ્પેક્ટ્રમ રિસોર્ટ ખાતે યોજાયેલી આ મિટિંગમાં કુલ 72 મેમ્બર હાજર રહ્યા હતા. સભ્યો વચ્ચે વ્યાપારિક ચર્ચા સાથે નવા અવસર અંગે વિચારોનું આદાન-પ્રદાન થયું. ત્રણ દિવસ સુધી ચાલેલી આ ટૂર દરમ્યાન સભ્યોએ ઉદયપુરના સૌંદર્યનો આનંદ માણ્યો તેમજ એક સાથે સમય વિતાવવાનો સુખદ અનુભવ કર્યો.

દક્ષિણ ગુજરાતમાં HVAC&R ક્ષેત્રને નવી દિશા આપતું ISHRAE

ISHRAE સુરત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ, સ્કિલ બિલ્ડીંગ અને મજબૂત લીડરશીપ દ્વારા નવી ઉંચાઈઓ સર કરી રહ્યું છે

The Indian Society of Heating, Refrigerating and Air Conditioning Engineers (ISHRAE) સુરત ચેપ્ટર HVAC&R ક્ષેત્રના હેતુઓને પોતાના કાર્યક્રમો દ્વારા સાકાર કરતી જીવંત સંસ્થા છે. પછી ભલે વાત યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવાના હોય, ટકાઉ વિકાસ માટે પહેલ કરવાની હોય વ્યવસાયિક કુશળતા વધારવાની - ISHRAE સુરત ચેપ્ટર આજે દક્ષિણ ગુજરાતમાં HVAC&Rના ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

જેમ જેમ સુરત એક ટકાઉ, ભવિષ્ય માટે તૈયાર બનેલ શહેર બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ ISHRAE સુરત પણ વધુ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. તેના સ્પષ્ટ લક્ષ્યો, મજબૂત નેતૃત્વ અને સક્રિય સભ્યો સાથે ISHRAE સુરત માત્ર HVACR ક્ષેત્રને જ નહિ, પણ ટકાઉ વિકાસ, નવીનતા અને સૌના લાભ માટે એક મોટી ચળવળને આગેવાન બનાવી રહ્યું છે.

યુગેન રિયલ્ટી, સુરત.

ઇન્ડિયન સોસાયટી ઓફ હીટિંગ, રેફ્રિજરેશન એન્ડ એર કન્ડીશનીંગ એન્જિનિયર્સ (ISHRAE)ની શરૂઆત 1981માં દિલ્હીમાં થઇ હતી. આજે ISHRAE પાસે દેશ-વિદેશમાં મળીને 25,000થી વધુ સભ્યો અને 61 શહેરોમાં ચેપ્ટર્સ (શાખાઓ) સાથે એક ગતિશીલ અને પ્રભાવશાળી વ્યાવસાયિક સંસ્થા તરીકે વિકસી છે. ISHRAEનું મુખ્ય કામ છે HVAC&R વિજ્ઞાનને આગળ વધારવું, સભ્યો માટે શિક્ષણ અને ઇનોવેશન માટે સારું પ્લેટફોર્મ પૂરું પાડવું અને કમ્યુનિટી એન્ગેજમેન્ટ વધારવું અને સભ્યોને સતત સશક્ત બનાવવાં.

2008માં શરૂ થયેલું ISHRAE સુરત ચેપ્ટર આજે દક્ષિણ ગુજરાત માટે ટેક્નિકલ લીડરશિપ, હેતુપૂર્ણ વિકાસ અને રિજનલ શ્રેષ્ઠતાના જ્વલંત ઉદાહરણ તરીકે ઉભરી આવ્યું છે. ઔદ્યોગિક કેન્દ્રબિંદુ સુરત અને દક્ષિણ ગુજરાત અને તેની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, સુરત ચેપ્ટરે અર્થપૂર્ણ આઉટરીચ, ટેકનિકલ લીડરશીપ અને ટકાઉપણું-આધારિત ઘણી ઉપયોગી પ્રવૃત્તિઓ અને પહેલો કરી છે જેનો લાભ સ્થાનિક ઉદ્યોગોને મળ્યો છે.

ભવિષ્ય માટે તૈયારી – પાંચ વર્ષ માટે વિશેષ યોજના

દીપક માલુ
પ્રેસિડન્ટ, ISHRAE સુરત

યુગેન રિયલ્ટી સાથે વાત કરતા ISHRAE સુરતના પ્રેસિડન્ટ દીપક માલુએ કહ્યું કે, "ISHRAE સુરત એ જુસ્સાથી ભરેલા એન્જીનીયર્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ સાથે મળીને એક ગ્રીન અને ટેક્નોલોજીથી સજ્જ ભવિષ્ય માટે સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યું છે."

પ્રેસિડેન્ટ દીપક માલુની લીસરશીપ હેઠળ, ISHRAE સુરતની 2025 ચેપ્ટર વર્કિંગ કમિટી (CWC) એ ચેપ્ટરના ભવિષ્ય માટે એક મજબૂત પાંચ વર્ષીય યોજના બનાવેલી છે,જે ISHRAE સુરતના ભવિષ્ય માટે સ્પષ્ટ દિશા આપે છે. **આ લેન્ડમાર્ક યોજનાનું અનાવરણ 12 એપ્રિલ 2025 ના રોજ સુરતના હિલ્ટન ગાર્ડન ઇન ખાતે રિજનલ નિર્દેશક મિતુલ શાહ, ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ્સ અને ચેપ્ટરના સભ્યોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.**

"GREEN" થીમ પર આધારિત આ યોજના વિઝન, પરિવર્તન માટે મલ્ટીડાયમેંશનલ માળખાની રૂપરેખા આપે છે - જેમાં દરેક અક્ષર એક ખાસ ઉદ્દેશ દર્શાવે છે:

G – Geographical Expansion: ભૌગોલિક વિસ્તરણ

ISHRAEના લાભ વધુ લોકો અને ઉદ્યોગો સુધી પહોંચે, એ માટે સુરતના અલગ-અલગ વિસ્તારો જેમ કે વરાછા, કતારગામ, હજીરા, સચિન GIDC અને નવસારી જેવા વિસ્તારોમાં સભ્યોનો વિસ્તાર કરવાનો લક્ષ્યાંક છે.

R – Reforms in Programs – વધુ ગુણવત્તાવાળાં કાર્યક્રમો

ISHRAE હવે દરેક ટેક્નિકલ કાર્યક્રમમાં માત્ર સંખ્યાને નહિ, પણ તેની ગુણવત્તા પર ભાર મૂકે છે. દરેક કાર્યક્રમને હવે પાંચ સ્પષ્ટ માપદંડ પર ચકાસવામાં આવે છે જેથી સભ્યોને વાસ્તવમાં ઉપયોગી અને વેલ્યુ બેઝ્ડ માહિતી મળી શકે.

E – Ensuring Decarbonization પર્યાવરણ માટે જવાબદારી (ડીકાર્બોનાઇઝેશન સુનિશ્ચિત કરવું)

હવે દરેક કાર્યક્રમ કાર્બન ઉત્સર્જન ઓછું રાખીને કરવામાં આવે છે. ISHRAEનો લક્ષ્ય છે કે વર્ષના અંત સુધી તમામ ઇવેન્ટ્સ 'કાર્બન નેગેટિવ' બને — એટલે કે જેનાથી પર્યાવરણને નુકસાન નહિ થાય, પણ ફાયદો થાય અને ઉદાહરણ સાથે લીડરશીપ સ્થાપિત થાય.

E – Engage and Collaborate – જોડાણ અને સહયોગ

જુના સભ્યો અને નવા યુવાનો વચ્ચે જોડાણ મજબૂત કરવા માટે રમતગમત, માર્ગદર્શન અને કાપડ, હીરા, રિઅલ એસ્ટેટ જેવા ઉદ્યોગો અને અને વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે સહયોગ વધારવો.

N – Nurturing Skills – કૌશલ્ય ઊભું કરવું

સ્કીલ ડેવલપમેન્ટ મુખ્ય ફોકસ છે, વિદ્યાર્થીઓ માટે જોબ ફેર્સ, ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્સ અને ટેકનિશિયન ટાર્ગેટેડ પ્રોગ્રામ્સ દ્વારા તેમને ભવિષ્ય માટે તૈયાર બનાવવાનો મુખ્ય ઉદ્દેશ છે.

સફળતાની શરૂઆતથી પ્રેરણા

આ વર્ષે ક્વાર્ટર 1 માં ISHRAE સુરતે એપ્રિલથી જ ટેક્નિકલ કાર્યક્રમો શરૂ કરી દીધા હતા — જે સામાન્ય રીતે ઉનાળાના પછી થતા હોય છે. આ સમયસર શરુઆતના કારણે ચેપ્ટરે પહેલા ત્રણ મહિનામાં જ 200% સફળતા મેળવી હતી. કાર્યક્રમો અંગે સભ્યો તરફથી 4.48/5 ના સરેરાશ પ્રતિસાદ સ્કોર સાથે, કાર્યક્રમો ISC ની ટેકનિકલ શ્રેષ્ઠતા અને સુસંગતતા દર્શાવે છે કે સભ્યોને આ ટેક્નિકલ ઇવેન્ટ્સ બહુ જ ઉપયોગી લાગ્યા છે. સભ્યપદ વધારવામાં પણ ચેપ્ટરે મોટું કામ કર્યું છે. વર્ષના લક્ષ્યના 200% જેટલા સભ્યો મળ્યા છે — જેમાં 410થી વધુ પ્રોફેશનલ્સ જેમાં સલાહકારો, કોન્ટ્રાક્ટરો, ફેસિલિટી મેનેજર્સ, આર્કિટેક્ટ અને અન્ય ઘણા ઉદ્યોગોને જોડવામાં આવ્યા છે.

ગ્રીન સુરત માટે એક નવી પહેલ

ISHRAE સુરતે હવે મિયાવાકી પદ્ધતિથી "શહેરી જંગલ" ઊભું કરવાનું નક્કી કર્યું છે. આ માટે તેમણે "સુરત વન" અભિયાનમાં ભાગ લીધો છે. દરેક સભ્ય એક ઝાડ લાવશે અને લાગાવશે — અને આ રીતે સુરતને વધુ હરિયાળું બનાવશે. આથી ISHRAE સુરત માત્ર ટેક્નિકલ સંસ્થા નથી, પણ પર્યાવરણ માટે જવાબદાર સંગઠન પણ છે.

આગામી બે મોટાં કાર્યક્રમો

1. ACRESERVE – ટેકનિશિયનો માટે ખાસ ટ્રેનિંગ પ્રોગ્રામ

20 સપ્ટેમ્બર 2025ના રોજ યોજાવાનાં આ કાર્યક્રમમાં 350થી વધુ ટેકનિશિયનોને તાલીમ આપવામાં આવશે. એમાં ટેક્નિકલ જ્ઞાન ઉપરાંત સોફ્ટ સ્કિલ્સ પણ શીખવવામાં આવશે. આ કાર્યક્રમ કિશોર અંબાલિયાના નેતૃત્વ હેઠળ યોજાશે.

2. UrjaVarn – ઉદ્યોગોની ટકાઉ નવી દિશા માટે પરિષદ

ડિસેમ્બર 2025માં યોજાવાનાં આ કાર્યક્રમમાં, સૌર ઊર્જા, સેમિકન્ડક્ટર, હીરા અને સ્ટીલ જેવા ઉદ્યોગોમાં ઊર્જાની બચત અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે શું કરી શકાય એની ચર્ચા થશે. નેશનલ લેવલના નિષ્ણાતો આ કાર્યક્રમમાં હાજરી આપશે. આ કાર્યક્રમનું નેતૃત્વ કૌશલ જરીવાલા કરશે.

ISCની આજની સફળતા પાછળનું નેતૃત્વ

આ સમગ્ર સફર એટલે કે ISC સુરત આજે જ્યાં છે ત્યાં પહોંચવા પાછળ ભરત વરિયા, રાજેશ શેત્રુજા, ભાવિક જોશી, અંકિત મોદી અને અંકુર મંત્રી જેવા કુશળ ભૂતપૂર્વ પ્રમુખોનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે.

અંકિત મોદી અને અંકુર મંત્રી આજે પણ ઝોનલ લેવલે પોતાની સેવાઓ આપી રહ્યા છે. અને ભરત વરિયા તો રાષ્ટ્રીય સ્તરે K-12 વિભાગ માટે પણ સેવા આપી ચૂક્યા છે.

My ISHRAE
My Pride
My Responsibility

ISHRAE SURAT CWC

- કૌશલ જરીવાલા
- રાહુલ શાહ
- શૈલેષ આંટાળા
- તેજસ ગુર્જર
- ઉર્મિશ માવાવાલા
- હાર્દિક મકવાણા
- કિશોર આંબલીયા
- ધવલ મહેતા
- મુદિત સંચેતી
- ઘનશ્યામ ડોબરીયા
- મુકુંદ કઢીવાલા
- પરિતોષ બોડાવાલા
- યશ શાહ
- ગૌરવ જૈન
- વિવેક શાહ

કમિટી મેમ્બર્સ

યશ પટેલ - પ્રેસિડેન્ટ ઇલેક્ટ

કિરીટ અકબરી - સેક્રેટરી

પૃથ્વી પચ્ચીગર - ખજાનચી

યોગેશ ભટ્ટ - આઈ.પીપી

બાંધકામ ઉદ્યોગમાં ભાવ વધારાનું ચેઇન રિએક્શના સરવાળે ઘર મોંઘા થવાની ભીતિ

ડિટોનેટરના ભાવમાં છગણો ઉછાળો, બ્લાસ્ટીંગ ખર્ચ વધ્યો કપચી - રેતી - માટી - જીપ્સમ : ખનીજોની રોયલ્ટી બમણી થતાં મટિરિઅલ્સના ભાવમાં વધારો

પરિણામે RMCના દરમાં ₹75 પ્રતિ ઘનમીટરનો વધારો

યુગેન રિઅલ્ટી, સુરત.

રાજ્ય સરકારે ખનીજ તથા બાંધકામ માટે ઉપયોગી સંસાધનોની રોયલ્ટી દરમાં કરેલા તીવ્ર વધારો અને ઇલેક્ટ્રીક ડીટોનેટરના ભાવમાં થયેલા અચાનક ઝંપલાથી હવે બાંધકામકારો અને રહેવાસીઓએ મહંગાઇનો સોર સહન કરવાનો વારો આવ્યો છે. આ બે નિર્ણયો સીધા બાંધકામ ઉદ્યોગના ખર્ચમાં વધારો કરી રહ્યા છે — જેનો સીધો અસર ઘર ખરીદનાર અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ પર પડશે.

ડિટોનેટરનો ભાવ છ ગણો થયો, બલાસ્ટીંગ મોંઘું બન્યું

પથ્થર ખાણોમાં બ્લાસ્ટીંગ માટે ઉપયોગમાં લેવાતા ઇલેક્ટ્રીક ડીટોનેટરના ભાવમાં મોટા પાયે વધારો કરીને તે ₹45માંથી સીધા ₹300 પ્રતિ નંગ કરવામાં આવ્યા છે. સાથે સાથે મશીનરીમાં પણ બદલાવ થતાં બલાસ્ટીંગનો કુલ ખર્ચ વધુ થયો છે. બલેક ટ્રેપ જેવા ખનીજના ઉત્પાદકોને આ વધેલા ખર્ચનો ભાર ઉપભોગતાઓ પર જ મૂકવો પડશે — પરિણામે, કપચી સહિતના મટિરિઅલના ભાવ વધશે.

ખનીજોની રોયલ્ટી પણ બમણી

રાજ્ય સરકાર દ્વારા રેતીની રોયલ્ટીના દરોમાં બે મહિના પહેલાં જ વધારો કરી દેવાયો હતો અને તે મુજબ જ બમણી રોયલ્ટીની વસૂલાત થતી હતી અને હવે દરેક ખનીજો પર ડબલ રોયલ્ટી વસૂલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જુલાઈથી રાજ્ય સરકારે રોયલ્ટીના દરોમાં 100% નો વધારો જાહેર કર્યો છે. જેના કારણે રેતી, કપચી, માટી, જીપ્સમ જેવા ખનીજોની કિંમત ડબલ થઇ ગઇ છે.

મહત્વના ખનીજો પર 100 ટકા પ્રીમિયમ બાદના દર :

ખનીજ	જૂના	નવા
કપચી	૪૫	૯૦
રેતી	૪૦	૮૦
માટી	૨૫	૫૦
જીપ્સમ	૪૫	૯૦

-ઉપરોક્ત દરો મેટ્રિક ટનના છે.

-ઉત્પાદકોએ રોયલ્ટીના દરો ઉપરાંત ૧૮ ટકા જીએસટી, ૧૦ ટકા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ અને મટિરિઅલના વેચાણ પર વધારાનો ૫ ટકા જીએસટી ભરવો પડે છે.

અભિષેક તોડી (RMIX કોંક્રીટ) - પ્રેસિડન્ટ

રોયલ્ટી ચાર્જીસ વધતા SGRAની ભાવ વધારાની જાહેરાત – RMC ના ભાવમાં પ્રતિ ઘનમીટર ૭૫ રૂપિયાનો વધારો

સાઉથ ગુજરાત આરએમસી એસોસિયેશન દ્વારા રેડીમેડ કોંક્રિટ (આરએમસી)ના ભાવમાં પ્રતિ ઘનમીટર રૂ. ૭૫નો વધારો કરવા નિર્ણય કરાયો છે. રાજ્ય સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગ દ્વારા ૩૦મી જૂનથી એગ્રીગેટ્સ (કપચી)ના રોયલ્ટી ચાર્જીસમાં વધારો કરાતા આરએમસીની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હોવાનું એસોસિયેશન દ્વારા જણાવવામાં આવ્યું છે.

સાઉથ ગુજરાત આરએમસી એસોસિયેશનના પ્રમુખ અભિષેક તોડીએ જણાવ્યું હતું કે, આખા દક્ષિણ ગુજરાતમાં તેમના એસોસિયેશન સાથે ૪૦ જેટલી કંપની સંકળાયેલી છે. રેડીમેડ કોંક્રિટ અર્થાત આરએમસીના ભાવમાં વધારો કરવા પાછળનું મુખ્ય કારણ એગ્રીગેટ્સના રોયલ્ટી ચાર્જીસમાં કરાયેલો વધારો છે. રાજ્ય સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગ દ્વારા ૩૦મી જૂનથી એગ્રીગેટ્સ રોયલ્ટી ચાર્જીસમાં પ્રતિટન અંદાજે રૂ. ૫૫નો વધારો કરવામાં આવ્યો છે. જેને કારણે આરએમસીના કોસ્ટિંગમાં સીધો વધારો થયો છે. એક ઘનમીટર આરએમસી માટે અંદાજે ૧.૨ ટન એગ્રીગેટ્સનો વપરાશ થાય છે. જેથી ૧૮ ટકા જીએસટી સાથે કુલ ખર્ચ વધારો પ્રતિ ઘનમીટર રૂ. ૭૫ કરવામાં આવ્યો છે. ૧લી જુલાઈથી આ ભાવ વધારો અમલમાં આવી ચૂક્યો છે. બીજી બાજુ વાસ્તવિક વધારાથી વધુ કિંમત ગ્રાહકો પાસે નહીં લેવા એસોસિયેશનના સભ્યોને સુચના પણ આપવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, આ ભાવ વધારાની અસર રિઅલ એસ્ટેટ, રોડ-રસ્તાના કામો પર વધુ જોવા મળશે.

અસર કોને પડશે?

આ બધાની સંયુક્ત અસર નવું ઘર ખરીદવા ઇચ્છતા લોકો, લઘુતમ આવાસ યોજનાઓ, મોટા રિઅલ એસ્ટેટ ડેવલપર્સ અને ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ પર પડશે. રોડ, બિલ્ડિંગ અને પબ્લિક વર્ક્સના ખર્ચમાં પણ વધારો અવશ્ય જોવા મળશે. આજની સ્થિતિએ જ્યારે મટિરિઅલ મોંઘા અને લેબર કોસ્ટ ઊંચી છે, ત્યારે સરકારી વધારાઓ બાંધકામ ક્ષેત્ર માટે પડકારરૂપ છે.

આવી કિંમતોના વધારાથી ઉદ્યોગને વધુ સુસંગત અને સ્થિર બનાવવા માટે સરકાર અને ઉદ્યોગપતિઓ વચ્ચે સંવાદ જરૂરી બન્યો છે. કુદરતી ખનિજોના સદુપયોગ સાથે ભાવ નિયંત્રણ અને ઉત્પાદક–ગ્રાહક વચ્ચે વિશ્વાસ જાળવવો સમયની માંગ છે.

સુરતના રિઅલ એસ્ટેટ એજન્ટ્સ માટે ઐતિહાસિક પહેલ : સુરતના રિઅલ એસ્ટેટ એજન્ટ્સ એસોસિયેશન - AREASનું ભવ્ય લોન્ચિંગ

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રે 9 જુલાઈ 2025નો દિવસ ઐતિહાસિક સાબિત થયો, જ્યારે શહેરના 200થી વધુ એજન્ટ્સ, બ્રોકર્સ અને ઉદ્યોગકારોએ અડાજણ સ્થિત ગિરનાર બેન્ક્વેટ ખાતે ભવ્ય રીતે યોજાયેલા સુરતના **રિઅલ એસ્ટેટ એજન્ટ્સ એસોસિયેશન (AREAS)** ના લોન્ચિંગ કાર્યક્રમમાં ભાગ લીધો. એજન્ટ્સના વ્યાવસાયિક વિકાસ અને એકતાના આશય સાથે રચાયેલા આ એસોસિએશન સુરતના એજેન્ટ સમુદાય માટે નવી દિશાનું સુચવવાનું છે.

"વન સુરત. વન એસોશિયેશન" અને **"ટુગેધર, ફોર અ બેટર ટુમોરો"** થીમ સાથે યોજાયેલા આ કાર્યક્રમે એજન્ટસના વિશ્વમાં નવી ઉર્જા અને વ્યવસાયિક ગૌરવનો સંચાર કર્યો. શહેરભરના એજેન્ટ સમુદાયે આ પહેલને ભાવપૂર્વક સ્વીકારી, અને શરૂઆતથી જ AREAS એક સશક્ત અને વિશ્વસનીય પ્લેટફોર્મ તરીકે સ્થાપિત થયું.

ઇન્જિ. સંદીપ પટેલ – પ્રમુખ, મહેશ કરેલીયા – ઉપપ્રમુખ અને જતિન દલવાડી – સેક્રેટરી ત્રણ અનુભવી એજેંટ્સનું નેતૃત્વ આ નવીન પહેલ પાછળ ઊભું છે. તેમને અને તેમની ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોઈ કસર રાખી ન હતી.

સંદીપ પટેલ, પ્રમુખ, એરિયાઝએ જણાવ્યું હતું કે, **"AREAS એ ફક્ત એસોસિએશન નથી, એ અમારા વ્યવસાયને ગૌરવ અપાવાનું મિશન છે. મારી ઇજનેરીથી રિઅલ એસ્ટેટ સુધીની યાત્રાએ મેં સમજ્યું કે વિશ્વાસ એ સૌથી મોટી મૂડી છે. AREAS દ્વારા અમે એજન્ટ્સની ઓળખ ઘડીએ છીએ, વિશ્વસનીયતા બનાવીએ છીએ અને ગ્રાહકો માટે સુરક્ષિત ભૂમિકા નિર્ભયતાથી નિભાવીએ છીએ. આ સંગઠન થકી અમે એજેંટ્સના વિકાસમાં શક્ય હોય તે બધું જ કરવા જય રહ્યા છીએ."**

મહેશ કરેલીયાએ ઉમેર્યું: **"આજનો રિઅલ એસ્ટેટ માત્ર લેનદેન નહીં પરંતુ વિઝન અને જવાબદારીથી ભરેલો વ્યવસાય છે. AREAS દ્વારા અમે વ્યવસાયિક ધોરણો ઊંચા લાવીએ છીએ, નવી પેઢીને માર્ગદર્શન આપીએ છીએ અને એજન્ટ્સના ભાગીદારીના અવાજને વધુ સશક્ત બનાવીએ છીએ. અમારું લક્ષ્ય છે: સામુહિક વિકાસ, હકારાત્મક અસર અને વ્યાવસાયિક શ્રેષ્ઠતા."**

જતિન દલવાડીએ કહ્યું: **"AREAS એજન્ટસના એકતા, બંધારણ અને ઓળખ માટેનો ઉત્કૃષ્ટ પ્રયાસ છે. નોલેજ શેરિંગ, વ્યવસાયિક નૈતિકતા અને જાહેર જાગૃતિ દ્વારા અમે એજન્ટ્સની છબી સુધારવા અને તેમની ભૂમિકાને વિશ્વસનીય સલાહકાર તરીકે સ્થિર કરવા પ્રયત્નશીલ છીએ."**

લોન્ચિંગ બાદથી AREAS સતત સક્રિય રહ્યું છે. દર મહિને સાઇટ વિઝિટ્સ, એજ્યુકેશનલ પ્રોગ્રામ્સ, તેમજ પ્રોપર્ટી ઇન્વેન્ટરી એક્સચેન્જ કાર્યક્રમો નિયમિતપણે આયોજિત થાય છે. આ

કાર્યક્રમો દ્વારા ચેનલ પાર્ટનર્સ અને એજન્ટ સમુદાયને જાણકારી, નેટવર્કિંગ અને વેપારના નવા અવસરો મળીને આપો આપથી ખૂબ લાભદાયક સાબિત થઇ રહ્યા છે.

AREAS આજે માત્ર એક સંગઠન નહીં, પરંતુ સુરતના રિઅલ એસ્ટેટ વ્યાવસાયિકોના માટે એક દિશાદર્શક મંચ બની ગયું છે – જ્યાં એકતા છે, શિક્ષણ છે અને ભવિષ્ય માટે ઉમંગ છે. આ મુવમેન્ટનું મોમેન્ટમ સારું છે, અને એક સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યું છે – વ્યવસાય માટે, સમાજ માટે અને શ્રેષ્ઠતાના એક નવા યુગ માટે.

SGRA મીટ એન્ડ ગ્રીટ 2025 :
દક્ષિણ ગુજરાતના RMC ઉદ્યોગે એક નવી દિશામાં પહેલ કરી

27-28 જુલાઈ 2025 ના સાઉથ ગુજરાત RMC એસોસિએશન (SGRA) એ રોજ સિલ્વાસાના ટ્રીટ રિસોર્ટ ખાતે એક જબરદસ્ત તેમની પ્રથમ મીટ એન્ડ ગ્રીટ 2025નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ સાઉથ ગુજરાતના રેડી-મિક્સ કોંક્રિટ (RMC) ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ લેન્ડમાર્ક ઈવેન્ટ બનીને ઉભરી. "એક સાથ, એક સોચ, એક દિશા" થીમ પર, બે દિવસીય કોન્ક્લેવમાં સંગઠનની એકતા, લીડરશીપ અને ટિમ વર્ક અને દક્ષિણ ગુજરાતમાં RMC ઈકોસિસ્ટમની વધતી જતી અસરની ઉજવણી કરવામાં આવી હતી.

યુગેન રિઅલ્ટી, સુરત

SGRA ની સ્થાપનાના માત્ર ચાર મહિનાની અંદર આયોજિત, આ ઇવેન્ટમાં RMC મેન્યુફેક્ચર્સર્સ, ઉધોગના ભાગીદારો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર સલાહકારો અને મટિરિઅલ અને ઇક્વિપમેન્ટ સપ્પલાયર્સ અને પ્રોફેશનલ્સ સહિત 100+ સહભાગીઓ જોડાયા. આ મીટ & ગ્રીટ કાર્યક્રમે નેટવર્કિંગ, મેમ્બર્સ વચ્ચે બોન્ડિંગ અને સેકટરના સામૂહિક ભવિષ્યને આકાર આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

વિઝન, વૃદ્ધિ અને સહયોગ માટેનું પ્લેટફોર્મ

મીટ એન્ડ ગ્રીટ ફક્ત નેટવર્કિંગની સાથે નોલેજ શેરિંગ, બિઝનેસ ગ્રોથ અને ભવિષ્યના લક્ષ્યો નક્કી કરવા માટે આ એક સુવ્યવસ્થિત પહેલ હતી. વન્ડર સિમેન્ટ, વિનસ ટેક્નો ઇક્વિપમેન્ટ, સુયોગ એલિમેન્ટ્સ અને આઇશર જેવા સહયોગી ભાગીદારો દ્વારા પ્રોડક્ટ પ્રેઝેન્ટેશનથી લઈને ઉધોગના ટ્રેન્ડ્સ પર ચર્ચાઓ સુધી, આ કાર્યક્રમમાં બધું જ હતું.

SGRA પ્રેસિડેન્ટ અભિષેક ટોડી (ફાઉન્ડર, RMix કોંક્રિટ) એ જણાવ્યું હતું કે, "એકતા, શિક્ષણ અને વૃદ્ધિ એ SGRAના આધારસ્તંભ છે. સંસ્થાની સ્થાપના માત્ર ચાર મહિના પેહેલા જ થવા છતાં, અમારા સભ્યોનો ઉત્સાહ અને સહિયારો દ્રષ્ટિકોણ મજબૂત ભવિષ્ય તરફ નિર્દેશ કરે છે. એટલા ટૂંકા સમયમાં 100+ સભ્યોનો વિશ્વાસ હાંસિલ કરવો એ અમારી માટે ગર્વની બાબત છે. હજુ તો શરૂઆત છે આગળની સફર ઉજ્જવળ છે, સહયોગ, નવીનતા અને RMC ઉધોગને આકાર આપવા માટે સંયુક્ત પ્રયાસોથી અમે જરૂર નવા માપદંડો અને લેન્ડમાર્ક સફળતા પામીશું એમ શંકાને કોઈ સ્થાન નથી."

વાઇસ પ્રેસિડેન્ટ ગટ્ટુ પટેલ (પૌલોમી રેડીમિક્સ કોંક્રિટ) એ જણાવ્યું હતું કે, "RMCએ લાંબા સંઘર્ષ પછી આજે આ દિવસ જોયો છે, પરંતુ કિંમત નિર્ધારણ, નીતિ વિષયક અને ટ્રાન્ઝિટ જેવા પડકારો યથાવત છે. RMCએ આ મુદ્દાઓને ઉકેલવા માટે એક એકીકૃત પ્લેટફોર્મ પૂરું પાડીને આગળ વધી રહ્યું છે. સંગઠન એકતા અને સહિયારો પ્રયાસો દ્વારા દક્ષિણ ગુજરાતના RMC બંધુત્વને મજબૂત અને વિકસિત બનાવવા માટેનો એક સંયુક્ત પ્રયાસ છે જેને રિઅલ એસ્ટેટ ઉધોગના તમામ સ્ટેકહોલ્ડરસ તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે."

ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં RMCની ભૂમિક પાર પેનલ ડિસ્કશન

યુગેન રિઅલ્ટીના ફાઉન્ડર - એડિટર મનીષ તોમર દ્વારા સંચાલિત પેનલ ડિસ્કશન આ કાર્યક્રમની હાઈલાઈટ હતી. "દક્ષિણ ગુજરાતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં RMCની ભૂમિકા" થીમ પર આધારિત, પેનલે ઉધોગના એક્સપર્ટ, અનુભવી અને વ્યૂહાત્મક વિચારકોને એકત્ર કર્યા.

SGCCIના પ્રમુખ નિખિલ મદ્રાસીએ એસોસિએશનની ઝડપી ગતિશીલ સિદ્ધિઓની પ્રશંસા કરી: "ચાર મહિનામાં આટલો જીવંત અને મોટો કાર્યક્રમ કરવો એ નોંધપાત્ર બાબત છે. SGCCI આ વિઝનને સરકારી સ્તરના પોલિસી સહયોગ માટે SGRA સાથે ઉભું છે."

અભિષેક તોડી (RMIX કોન્ક્રીટ) - પ્રેસિડન્ટ

ગટ્ટુ પટેલ (પૌલોમી કોન્ક્રીટ) - વાઇસ પ્રેસિડન્ટ

નિખિલ મદ્રાસી, પ્રેસિડેન્ટ, SGCCI

વિખ્યાત સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ, ધરમ ભગતે જણાવ્યું હતું કે, "RMC એ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો આધાર છે. જેમ જેમ શહેરો વિસ્તરે છે, તેમ RMC મેન્યુફેક્ચર્સર પર જવાબદારી પણ વધે છે. ગુણવત્તા અને ટકાઉપણું આવશ્યક છે. ભવિષ્ય માટે તૈયાર કોંક્રિટ પહોંચાડવા માટે ઉધોગે વૈશ્વિક ધોરણો અને ઇકો ફ્રેન્ડલી પ્રેક્ટિસ સાથે એકરૂપ થવું જોઈએ જે માળખાકીય અને પર્યાવરણીય બંને અપેક્ષાઓને પૂર્ણ કરે."

આઇશર મોટર્સના રાહુલ અગ્રવાલે નોંધ્યું હતું કે, "કાર્યક્ષમ લોજિસ્ટિક્સ RMCના ભવિષ્ય માટે ચાવીરૂપ છે. મજબૂત કોંક્રિટને સમયસર, ઉચ્ચ-ગુણવત્તાવાળી ડિલિવરી સુનિશ્ચિત કરવી પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. ઇંધણ કાર્યક્ષમતા અને ટ્રેકિંગ સાથે આઇશરના સ્માર્ટ મોબિલિટી સોલ્યુશન્સ કામગીરીને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરે છે, જે ફ્લીટ ઇન્ટેલિજન્સ આધુનિક કન્સ્ટ્રક્શન ટાઇમલાઈન માટે મહત્વપૂર્ણ બનાવે છે."

વન્ડર સિમેન્ટના ચિરાગ કરણપુરિયાએ જણાવ્યું હતું કે, "ગુણવત્તાયુક્ત RMC ની શરૂઆત વિશ્વસનીય સિમેન્ટથી થાય છે. વન્ડર સિમેન્ટમાં, અમે સતત સપ્પલાય, ટેક્નોલોજિકલ સપોર્ટ અને ઇનોવેટિવ પ્રોડક્ટ્સ સાથે RMC મેન્યુફેક્ચર્સર્સ સાથે હંમેશા ઉભા રહીયે છીએ. આ તેમને ફાસ્ટ, હાઈ પરફોર્મન્સ RMC બાંધકામ વાતાવરણની વિકસતી માંગને અસરકારક રીતે પૂર્ણ કરવા અને પૂર્ણ કરવા માટે સશક્ત બનાવે છે."

યોગેશ વરસદા, સુયોગ ગ્રુપે શેર કર્યું, "ટકાઉપણું અને મજબૂતાઈ RMC માટે ખુબ જ મહત્વપૂર્ણ પાસ છે. GGBS અને અન્ય સહયોગી મટિરિઅલ RMC કામગીરીને વધારે છે, ક્રેકીંગ ઘટાડે છે અને આયુષ્ય લંબાવે છે. અમારા સિમેન્ટીયસ પ્રોડક્ટ્ક્સ લોન્ગ લાસ્ટીંગ, ઈકો ફ્રેન્ડલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને આધુનિક માપદંડોને પૂર્ણ કરવામાં મદદરુપ થાય છે."

રોમ પ્રકાશ ભગત, વિનસ ઇકવીકમેન્ટએ જણાવ્યું હતું કે, "આજના RMC પ્લાન્ટ્સ પ્રિસિઝન - ચોકસાઇ માંગે છે, અમારા અદ્યતન RMC મેન્યુફેક્ચરિંગ ઇકવીકમેન્ટ એક સમાન બેચ, ઓટોમેશન અને રીઅલ-ટાઇમ નિયંત્રણની સુવિધા આપે છે. આનાથી વધુ સારૂ અનુપાલન, કોસ્ટ એફેક્ટિવનેસ અને સુસંગત આઉટપુટ મળે છે - RMC ના સતત વિકાસ અને ગુણવત્તા ખાતરીના કેન્દ્રમાં ટેકનોલોજી રહે છે. અમે તેને ખુબ સારી રીતે સમજીયે છીએ."

નેક્સસ કોંક્રિટના નિલેશ વાઘેલાએ જણાવ્યું હતું કે, "કોર્પોરેટ RMC સેલ્સથી એન્ટરપ્રિન્યોરની યાત્રા સરળ ના હતી, આ પ્રાઇસ સેન્સિટિવ માર્કેટમાં RMCની સફળતા સુસંગત અને કિંમતી અને ગ્રાહકોને વેલ્યુ વિષે સમજાવવામાં રહેલી છે. પ્રાઇસ સેન્સિટિવીટી એક વાસ્તવિક પડકાર છે, પરંતુ અમે ગ્રાહકોનો વિશ્વાસ મેળવવા માટે ક્વોલિટી, વિશ્વસનીયતા અને સર્વિસ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, જે અમને સ્પર્ધાત્મક બજારમાં ટકાવી રાખવા અને વિકાસ કરવામાં મદદ કરે છે."

હાર્દિક ખૂંટ, AC Plus Concrete એ જણાવ્યું હતું કે, "ગુણવત્તા નિયંત્રણમાં કોર્પોરેટ અનુભવ સાથે અમે મેં AC Plus ની સ્થાપના કરી હતી, શ્રેષ્ટ અને સતત એક સમાન ક્વોલિટી RMCની મૂળભૂત જરૂરિયાત છે. આ ક્ષેત્રમાં વિશાળ સંભાવના છે, પરંતુ વૃદ્ધિ ટેક્નોલોજી, નિયમિત ટ્રેનિંગ,અને દરરોજ વધતી જતી ગ્રાહક અપેક્ષાઓને પૂર્ણ કરવા પર આધાર રાખે છે."

ક્રિયામાં એકતા, ભાવનામાં ઉજવણી

પ્રેઝેન્ટેશન અને પેનલ ચર્ચાઓ ઉપરાંત, સભ્યોના આનંદ પ્રમોદ માટે સંગીત, ભોજન અને મીનિંગફુલ નેટવર્કિંગથી ભરપૂર એક ગ્રાન્ડ ગાલા નાઇટ દ્વારા કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. સેક્રેટરી અંકુર લિંબાસીયા (વિપુલ RMC) એ પારદર્શિતા, તાલીમ અને સુવ્યવસ્થિત કામગીરી પર SGRAના ભાવિ ધ્યાનની રૂપરેખા આપી હતી, જ્યારે ગૌતમ રાદડિયા (એસી પ્લસ RMC) એ સાથીદારો અને ભાગીદારોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ કાર્યક્રમની સફળતા ટીમવર્ક દ્વારા સંચાલિત હતી, જેમાં કલ્પેશ રંગપુરિયા (સુરત RMC) અને હિરેન ભટ્ટ (એપિક RMC) એ તેના આયોજન અને અમલીકરણમાં મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી.

ગતિનો સંકેત આપતો લેન્ડમાર્ક પ્રોગ્રામ

SGRAએ મીટ અને ગ્રીટ 2025 RMC ઉધોગમાં ગતિનો સંકેત આપતો લેન્ડમાર્ક પ્રોગ્રામ હતો દક્ષિણ ગુજરાતનો આરએમસી ઉધોગ વિઝન સાથે નેતૃત્વ કરવા, હેતુ સાથે સહયોગ કરવા અને મજબૂતી સાથે વિકાસ કરવા તૈયાર છે.

જેમ જેમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ વધી રહ્યું છે અને વિશ્વસનીય, ટકાઉ કન્સ્ટ્રક્શન મટીરીઅલની માંગ વધતી જાય છે, તેમ તેમ SGRA એક બુલંદ અને સંગઠિત અવાજ તરીકે ઉભરી આવે છે - તેના સભ્યોનું પ્રતિનિધિત્વ કરવા, બેસ્ટ પ્રેક્ટિસીસની હિમાયત કરવા અને પ્રાદેશિક પ્રગતિને વેગ આપવા માટે પ્રતિબદ્ધ.

આ કાર્યક્રમએ RMC ઉધોગમાં એક નવી ઉર્જા અને ક્રાંતિનો સંચાર કર્યો હતો, સહયોગ અને સંગઠન થકી વિકાસ "એક સાથ, એક સોચ, એક દિશા"ના સૂત્રને ચરિતાર્થ કરે છે.

SGRA Meet & Greet 2025 Supported by

WONDER CEMENT
FARQ NAZAR AAYEGA

EICHER
NAYI SOCH NAYE RAASTE

SUYOG
Elements India Pvt. Ltd.

LET'S MAKE IT HAPPEN
VENUS
TECHNO EQUIPMENT PVT. LTD.

પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામા રદ થવા અંગે કાયદાકીય જોગવાઈઓ

નજમુદ્દીન મેઘાણી
(એડવોકેટ એન્ડ નોટરી)
uddin@meghaniadvocate

ગુજરાતમાં જમીન-મિલકત અને વીલ-વારસાઈની બાબતોમાં નિપુણ અને અધિકારીક અભિપ્રાય આપતા એક પ્રતિષ્ઠિત વકીલ અને લિગલ કન્સલટન્ટ છે. દાયકાઓના અનુભવ સાથે, તેમણે અગ્રણી કાનૂની વિશેષજ્ઞ નિષ્ણાત તરીકે ઓળખ મેળવી છે. તે માત્ર વકીલ જ નહીં, પરંતુ કાનૂની બાબતોના લેખક, સંકલનકર્તા, વક્તા, ટીવી પ્રેઝન્ટર તેમજ લોકપ્રિય અખબારના કોલમિસ્ટ પણ છે ઉપરાંત તેઓ સેમિનારના માધ્યમથી કાયદાકીય જ્ઞાનને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે. તેમને અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારોથી પણ નવાજવામાં આવ્યા છે અને સમગ્ર ગુજરાતમાં તેમને કાનૂની ક્ષેત્રે એક આઇકન તરીકે ઓળખવામાં આવે છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

આપણા રોજીંદા જીવન વ્યવહારમાં ઘણીવાર પાવર ઓફ એટર્ની, કુલમુખત્યારનામું યા લેટર ઓફ એટર્ની શબ્દો સાંભળવા મળે છે. આથી આજના અંકમાં આપણે પાવર ઓફ એટર્ની વિશે જાણકારી મેળવી લઇએ. સામાન્ય રીતે પાવર આપનારના નામથી અને તેના વતી તેના કોઇ કાર્યો કરવા માટે પાવર આપનાર પોતાના લેખમાં જે વ્યક્તિને નિમણૂંક છે તેને એટર્ની યાને પાવર લેનાર તરીકે ઓળખાવી શકાય. આમ કેટલાક કૃત્યો જે સામાન્ય સંજોગોમાં પાવર આપનાર દ્વારા જ કરી શકાય તેમ હોય, તેવા કાર્યો કરવા માટે પાવર આપનાર કોઈ અન્ય વ્યક્તિની તરફેણમાં (એટર્નીની તરફેણમાં) તેવા કાર્યો કરવા અને એટર્ની તરીકે પોતાની સહી કરી શકવા અંગેની સત્તા આપવામાં આવે છે. આ રીતે સત્તા આપતા લેખને પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામા તરીકે ઓળખાવી શકાય. પાવર ઓફ એટર્નીનો લેખ પાવર આપનાર વ્યક્તિ છે તે પાવર લેનાર અન્ય વ્યક્તિ યાને એટર્ની છે તેને પાવર આપનાર વતી ખાસ કાર્ય અથવા કાર્યોનો સમુહ અથવા જનરલ કાર્યો કરવા માટે અધિકાર કે સત્તા આપે છે.

પાવર ઓફ એટર્નીના લેખ બે પ્રકારના હોય છે, (૧) જનરલ પાવર ઓફ એટર્ની (૨) સ્પેશ્યલ પાવર ઓફ એટર્ની. જનરલ પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર આપનાર દ્વારા નિશ્ચિત વિષય સંબંધી જનરલ બાબતો અંગે પાવર આપનાર વતી સહીઓ ત્યાં કાર્યો કરવાની સત્તા પાવર લેનાર યાને એટર્નીને આપવામાં આવે છે. જ્યારે સ્પેશ્યલ પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર આપનાર દ્વારા નિશ્ચિત વિષય સંબંધી ખાસ પ્રકારના ચોકકસ અને વિશિષ્ટ કાર્યો અંગે પાવર આપનાર વતી વહીવટ, વ્યવસ્થા કરવાની સત્તા આપવામાં આવે છે.

પાવર આપનાર દ્વારા પાવર ઓફ એટર્નીના લેખમાં જણાવેલ હેતુ જયાં સુધી પૂર્ણ થાય યા સમાપ્ત થાય અથવા તેવો હેતુ પૂર્ણ કરવો અશકય બને ત્યાં સુધી પાવર ઓફ એટર્નીનો લેખ ચાલુ રહી શકે યાને અસ્તિત્વ ધરાવી શકે છે. આમ પાવર આપનારનો ઈરાદો, પાવરના હેતુઓ અને ઘટના વખતના સંજોગો આ તમામ બાબતો ઉપર પાવરની મુદ્દતનો આધાર રહેલો છે. પાવર ઓફ એટર્નીનો લેખ પાવર આપનારના જીવનકાળ સુધી અસરકારક રહે છે. પાવર આપનાર અને પાવર લેનાર વચ્ચે માલિક (પ્રિન્સિપલ) અને એજન્ટ તરીકેના સંબંધો હોય છે યાને બંને વચ્ચે એજન્સીનો સંબંધ ઉત્પન્ન થાય છે. આથી સ્વભાવિક રીતે પાવર આપનારના મૃત્યુ પછી તેઓ વચ્ચે થયેલ પાવર ઓફ એટર્નીનો લેખ આપોઆપ રદ થયેલો ગણાય અને તેવો પાવર આસરકારક રહેતો નથી.

પાવર ઓફ એટર્ની રદ થવા અંગેની કાયદાકીય જોગવાઈઓ :-

સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામુ રદ કરવા માટે કોઈ મોટી કે અટપટી કાર્યવાહી નથી. જે વ્યક્તિએ પાવર ઓફ એટર્ની આપ્યો હોય તે પોતાની ઈચ્છા મુજબ પોતાને મરજીમાં આવે તે સમયે પરત ખેંચી શકે છે યાને રદ કરી શકે છે. પાવર ઓફ એટર્ની આપરનાર પાવર ઓફ એટર્ની રદ કર્યાનો પોતાનો ઈરાદો લેખિતમાં પાવર આપનારને જણાવી પાવર ઓફ એટર્ની રદ કરી શકે છે, આ માટે પાવર ઓફ અટર્ની લેનારની સહી કે સંમતિની જરૂર નથી. અમુક ખાસ સંજોગો સિવાય દરેક પાવર ઓફ એટની રદ થવાને પાત્ર ગણાય છે, પાવર ઓફ એટર્નીએ પાવર આપનારની ઈચ્છા અને મરજી પર આધારિત છે, ઘણીવાર પાવર ઓફ એટર્નીના લખાણ પર ઈરરીવોકેબલ પાવર ઓફ એટર્ની લખેલ હોય છે, પરંતુ અપવાદરૂપ અને ખાસ સંજોગોમાં ઈરરીવોકેબલ પાવર ઓફ એટર્ની લખવા માત્રથી પાવર રદ ન થઈ શકે કે પરત પાછો ન ખેંચાય એવું નથી. ઈરરીવોકેબલ પાવર ઓફ એટર્ની પણ ખાસ વિશિષ્ટ સંજોગો સિવાય પાવર આપનાર પોતાની ઈચ્છા તથા મરજીમાં આવે તે સમયે પરત ખેંચી શકે છે, કે રદ કરી શકે છે. પાવર ઓફ એટર્ની જો જમીન કે મિલકતના વહીવટ, વ્યવસ્થા માટે લખી આપેલ હોય તો તેથી તેવી જમીન કે મિલકતમાં પાવર લેનારનું હિત કે હક્ક, અધિકાર ઉત્પન્ન થતાં નથી જેથી પાવર આપનાર જ્યારે પાવર રદ કરે કે પરત ખેંચી એટલે તુરત જ તેવી જમીન - મિલકત પરત્વે પાવર લેનારના વહીવટ, વ્યવસ્થા કરવાની સત્તાનો અંત આવે છે, પાવર ઓફ એટર્ની રદ કરવા માટે પાવર આપનારે પાવર રદ કરવા માટેના કારણો આપવાની જરૂર નથી. સામાન્ય સંજોગોમાં કોઈપણ કારણ દર્શાવ્યા વગર કે કોઈ સંજોગોમાં પરિસ્થિતિ બાબત ચોખવટ કર્યા વગર પાવર આપનાર આપેલ પાવર રદ કરી શકે છે યાને પરત ખેંચી શકે છે.

પાવર ઓફ એટર્નીની સામાન્ય સંજોગોમાં કોઈ મુદ્દત હોતી નથી યાને પાવર ઓફ એટર્ની આપોઆપ રદ થતી નથી, પરંતુ પાવર ઓફ એટર્ની આપનાર જો ગુજરી જાય તો તેવો પાવર આપોઆપ રદ થયેલ ગણાય, વિશિષ્ટ સંજોગો સિવાય સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની આપનાર ગુજરી જાય તો પાવર ઓફ એટર્નીનો અંત આવે છે, આમ પાવર ઓફ એટર્ની આપનાર ગુજરી ગયા બાદ તેવા પાવર ઓફ એટર્ની દ્વારા પાવર ઓફ એટર્ની લેનાર દ્વારા કરવામાં આવેલ કાર્યો ગેરકાયદેસર અને રદ ગણાય.

આ પ્રમાણે સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની લેનાર ગુજરી જાય તો પાવર ઓફ એટર્ની આપોઆપ રદ થયેલ ગણાય. પાવર ઓફ એટર્ની લેનારના ગુજરી જવાથી પાવર ઓફ એટર્નીનો અંત આવેલ ગણાય. સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની લેનારના ગુજરી ગયા બાદ તેના વારસદારોને તેવા પાવર ઓફ એટર્ની દ્વારા કાર્યો કરવાનો હક્ક, અધિકાર પ્રાપ્ત થતા નથી. પાવર ઓફ એટર્ની લેનારના હક્કો, સત્તા વારસાગત્ નથી એટલે કે પાવર ઓફ એટર્ની લેનાર ગુજરી ગયા બાદ તેવા પાવર ઓફ એટર્ની દ્વારા મળેલી સત્તા અને અધિકાર તેના વારસદારોને પ્રાપ્ત થતી નથી.

સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામું રદ કરવા માટે કોઈ સ્પેશ્યલ કાર્યવાહી નથી. પાવર ઓફ એટર્ની આપનાર પોતાની ઈચ્છા પ્રમાણે અને મરજીમાં આવે તે સમયે રદ કરી શકે છે, તે માટે પાવર ઓફ એટર્ની આપનાર પાવર ઓફ એટર્ની રદ કર્યાનો પોતાનો ઈરાદો લેખિતમાં જણાવી રદ કરી શકે છે. પરંતુ ઘણા એવા સંજોગો અને પ્રસંગો અને બનાવો છે જેમાં આપવામાં આવેલ પાવર ઓફ એટર્ની રદ ન થઈ શકે.

પાવર ઓફ એટર્નીનો કરાર પાવર આપનાર ઇચ્છે તો નોટીસ આપીને અથવા મૌખિક સુચનાથી તે પાવર ઓફ એટર્નીનો અંત લાવી શકે છે. પરંતુ જો પાવર આપનારના હક્ક, હિતના રક્ષણ માટે આવા લેખમાં કિંમતી અવેજ આપવામાં આવેલ હોય તો તે સંજોગોમાં પાવર ઓફ એટર્નીનો લેખ રદ થઈ શકે નહીં. તેવી જ રીતે કિંમતી જામીનગીરીના અવેજમાં આપેલ પાવર યા સિક્યુરિટી તરીકે આપેલો પાવર પણ રદ થઈ શકે નહીં. આવા પાવર ઓફ એટર્નીના લખેમાં યોગ્ય કાર્યવાહી અને કાયદા મુજબ કરેલો પાવર ઓફ એટર્નીના કરારમાં જણાવેલ સ્પષ્ટ યા ગર્ભિત શરતોમાં જણાવ્યા વિના રદ પણ ન થઈ શકે અને તેમાં ફેરફાર પણ ન થઈ શકે. જો કોઈ ઘટનાના બનાવ ઉપર પાવર આધારિત હોય જયાં સુધી તેવી ઘટના ન બને ત્યાં સુધી તેવો પાવર સસ્પેન્ડ થયેલો ગણાશે યાને ત્યાં સુધી તે પાવર મોકૂફ રહે છે.

ઘણીવાર પાવર આપનાર અને પાવર લેનાર વચ્ચે થયેલ પાવર ઓફ એટર્નીના લેખને "રદ ન થઈ શકે તેવો પાવર ઓફ એટર્ની" યા "ઈરરીવોકેબલ પાવર ઓફ એટર્ની" જેવા મથાળા કે હેડીંગ હેઠળ લેખ સંપૂર્ણ કરવામાં આવે છે. પરંતુ પાવર ઓફ એટર્નીમાં જણાવેલ શરતો એવું જાહેર કરતા ન હોય કે, પાવર લેનારના તરફેણના હિત સાથે જોડાયેલી છે (Coupled With Interest) યાને એટર્નીનું હિત સમાયેલો છે તો તે સંજોગોમાં આવા પાવર ઓફ એટર્નીના લેખમાં માત્ર 'રદ કરી ન શકાય' યા "રદ ન થઈ શકે તેવો પાવર ઓફ એટર્ની" યા "ઈરરીવોકેબલ પાવર ઓફ એટર્ની" જેવા મથાળા કે હેડીંગ યા શબ્દોના ઉપયોગ માત્રથી તેવા પાવર ઓફ એટર્નીના લેખને રદ ન થઈ શકે તેવો બનાવી શકાય નહીં.

પાવર આપનારના મૃત્યુ પછી પાવર ઓફ એટર્ની અંગેની કાયદાકિય જોગવાઈઓ :-

પાવર આપનાર અને પાવર લેનાર વચ્ચે શેઠ (માસ્ટર) અને એજન્ટ તરીકેના સંબંધો હોય છે યાને બંને વચ્ચે એજન્સીનો સંબંધ ઉત્પન્ન થાય છે. પાવર ઓફ એટર્નીનો લેખ પાવર આપનારના જીવનકાળ સુધી કાર્યાન્વિત અને અસરકારક રહે છે. આથી સ્વભાવિક રીતે પાવર આપનારના મૃત્યુ પછી તેઓ વચ્ચે થયેલ પાવર ઓફ એટર્નીનો લેખ આપોઆપ રદ થયેલો ગણાય અને તેવો પાવર અસરકારક રહેતો નથી. આમ પાવર આપનારના મૃત્યુ પછી પાવર લેનાર યાને એટર્નીએ પાવર આપનાર વતી કરેલો વેચાણનો દસ્તાવેજ ગેરકાયદેસર ઠરે છે કે તેણે કરેલ કાર્યવાહી ગેરકાયદેસર ઠરે છે. પાવર લેનાર અને પાવર આપનાર વચ્ચે એજન્સીનો સંબંધ ઉત્પન્ન કરવા માટે અવેજની જરૂર નથી. પાવર આપનાર દ્વારા પાવર ઓફ એટર્નીના લેખમાં જણાવેલ હેતુ જયાં સુધી પૂર્ણ થાય યા સમાપ્ત થયા અથવા તેવો હેતુ પૂર્ણ કરવો અશક્ય બને ત્યાં સુધી પાવર ઓફ એટર્નીનો કરાર અમલમાં રહી શકે યાને અસ્તિત્વ ધરાવી શકે છે. આમ પાવર આપનારનો ઈરાદો, પાવરના હેતુઓ અને ઘટના વખતના સંજોગો આ તમામ બાબતો ઉપર પાવરની મુદ્દતનો આધાર રહેલો છે.

પરંતુ જો કોઈ પાવર ઓફ એટર્નીમાં પાવર આપનારના હિતના રક્ષણ માટે આવા લેખમાં કિંમતી અવેજ આપવામાં આવેલ હોય યા પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર લેનાર યાને પાવર ઓફ એટર્ની હોલ્ડરની તરફેણમાં મિલકત સંબંધે હિત ઊભું કરવામાં આવેલ હોય યાને Coupled with Interest હોય અને પાવર આપનારના હક્ક, હિતના રક્ષણ માટે આવા લેખમાં કિંમતી અવેજ આપવામાં આવેલ હોય તો તે સંજોગોમાં પાવર આપનારના મૃત્યુ પછી પણ પાવર ઓફ એટર્નીનો લેખ રદ થયેલ ગણાય નહીં. આવા સંજોગોમાં પાવર ઓફ એટર્ની આપનારના મૃત્યુ પછી પણ પાવર ઓફ એટર્ની લેનાર તેવા પાવર ઓફ એટર્નીની રૂએ કાર્યવાહી કરી શકે નહીં. અને તેવી કરવામાં આવેલ કાર્યવાહી કાયદેસર ગણાય.

પાવર લેનાર / પાવર ઓફ એટર્ની હોલ્ડરના મૃત્યુ પછી પાવર ઓફ એટર્ની અંગેની કાયદાકીય જોગવાઈઓ :-

જે રીતે પાવર આપનારના મૃત્યુ પછી તેઓ વચ્ચે થયેલ પાવર ઓફ એટર્નીનો કરાર આપોઆપ રદ થયેલો ગણાય તે જ રીતે પાવર ઓફ એટર્ની હોલ્ડર મૃત્યુ પામવાથી અથવા અસ્થિરમગજનો થઈ જવાથી આપોઆપ પાવર ઓફ એટર્નીનો અંત આવે છે. આમ સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની લેનારના મૃત્યુ પછી વારસાગત હક્ક, અધિકાર પ્રાપ્ત થતા નથી પરંતુ જો પાવર લેનારનું હક્ક હિત જે પાવર ઓફ એટર્નીમાં સંકળાયેલુ હોય તેવા પાવર લેનારના મૃત્યુ પછી પાવર લેનારના વારસોના હક્ક, અધિકાર અસ્તીત્વમાં રહે છે. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે નેકી વિરૂદ્ધ સતનારાયણના કેસમાં ઠરાવેલ કે, જનરલ પાવર ઓફ એટર્નીના મૃત્યુથી તેના કાયદેસરના વારસોની તેની જગ્યાએ નિમણૂંક કરવા માટેના હક્કનો અંત આવતો નથી. ઉપર જણાવ્યા મુજબ જો પાવર ઓફ એટર્ની પાવર લેનારના હક્ક, હિત સાથે સંકળાયેલ હોય, તેવા સંજોગોમાં પાવર ઓફ એટર્ની લેનારના મૃત્યુ પછી તેના વારસદારો કે હક્કદારો મૃત્યુ પામનાર વ્યક્તિની જગ્યાએ અન્ય વ્યક્તિને પાવર ઓફ એટર્ની તરીકે નિમણૂક કરવા માંગણી કરી શકે છે.

પાવર ઓફ એટર્નીનો લેખ થયા બાદ એટર્નીનું હિત ઉત્પન્ન થાય તો પણ પાવર રદ કરી શકાય :-

નામદાર સુપ્રિમ કોર્ટે એમ. જોન કોટેહૈયા વિ. એ. દિવાકરના કેસમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, પાવર ઓફ એટર્નીનો લેખ કર્યા બાદ કોઈ કૃત્ય કે કાર્યવાહીના કારણે જો એજન્ટની તરફેણમાં હિત ઉત્પન્ન થાય તો તે સંજોગોમાં પાવર ઓફ એટર્નીનો લેખ રદ થઈ શકે તેવો યાને રીવોકેબલ ગણાય. આ કેસમાં એજન્ટના લેણાં મહેનતાણાના ચુકવણા માટે પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરતા દરમ્યાન એજન્ટની તરફેણમાં હિત ઉત્પન્ન થયેલું અને ઉદભવ્યું હતું. તેથી નામદાર કોર્ટે જણાવેલ કે, ઉપરોક્ત સંજોગોમાં ૧૦ વર્ષ પછી પાવર ઓફ એટર્નીમાં પાવર પાછો ખેંચવાની સ્પષ્ટ શરત હોય તો પણ તે ઈરરીવોકેબલ યાને રદ ન થઈ શકે તેવો પાવર ઓફ એટર્ની ગણાય નહીં.

ઉપરોક્ત તમામ મુદ્દાઓ વિશે ચર્ચા કર્યા બાદ સ્પષ્ટ કહી શકાય કે, પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરતાં પહેલા અને પાવર એટર્નીના લેખમાં દર્શાવેલ શરતોમાં સ્પષ્ટ યા ગર્ભિત રીતે જો પાવર લેનારની તરફેણમાં હિત ઉત્પન્ન કરવામાં આવેલું હોય યા પાવર આપનારના હિતના રક્ષણ માટે પાવર ઓફ એટર્નીના લેખમાં કિંમતી અવેજ આપવામાં આવેલ હોય તો તે તમામ સંજોગોમાં પાવર ઓફ એટર્ની ઈરરીવોકેબલ યાને રદ ન શકે તેવો ગણાય અન્યથા કોઈપણ પાવર ઓફ એટર્નીનો લેખ પાવર આપનારના મૃત્યુ સાથે પાવર ઓફ એટર્નીનો લેખ રદ થાય છે.

શહેરના વિકાસમાં સ્ટીલ ઉદ્યોગના યોગદાનને નવી દિશા આપતા ધી સુરત આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ્સ એસોસિએશન - SISMAની 38મી AGM

વિરલ શાહ ફરીથી SISMAના પ્રમુખપદે, એકતા અને વિકાસના વિઝન સાથે નવી લીડરશીપ ટીમ આગળ વધવા માટે તૈયાર

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત સ્ટીલ ઉદ્યોગનું મહત્વ અને SISMAની ભૂમિકા

લોખંડ અને સ્ટીલ ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અર્બન ડેવલપમેન્ટનો આધારસ્તંભ છે. દેશ જેમ અમૃતકાળ@2047 સુધીમાં $35 ટ્રિલિયનની અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યો છે, તેમ તેમ મજબૂત અને ટકાઉ બાંધકામ મટીરિઅલની ભૂમિકા અતિમહત્વપૂર્ણ બની રહી છે. દક્ષિણ ગુજરાત, ખાસ કરીને સુરત, આ વિકાસયાત્રામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. આ યાત્રાના કેન્દ્રમાં છે સુરત આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ્સ એસોસિએશન (SISMA), જે વર્ષોથી આ ઉદ્યોગના વિકાસ અને નૈતિક વ્યવસાય માટે સફળતાપૂર્વક કાર્યરત છે.

દક્ષિણ ગુજરાતના સ્ટીલ સેક્ટરનો ઔદ્યોગિક વિકાસ

2001 પહેલા સમગ્ર ગુજરાતમાં સ્ટીલના ક્ષેત્રમાં ખૂબ ઓછા મેન્યુફેક્ચરર્સ હતા અને બજારમાં Non-ISI TMT બાર હાવી હતા. કચ્છ ભૂકંપ બાદ શરૂ થયેલા ટેક્સ ફ્રી ઝોનના ફાયદાથી ઉદ્યોગમાં મોટા પાયે થયેલા રોકાણથી ISI માર્ક વાળા TMT બારનું ઉત્પાદન શરૂ થયું અને જોતજોતાંમાં 2007 સુધીમાં કચ્છમાં 17 ઇન્ટીગ્રેટેડ કંપનીઓમાં TMTના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ ધમધમતાં થયા. અમદાવાદ અને સિલવાસાથી પણ દક્ષિણ ગુજરાતમાં સળિયાનું સપ્લાય શરૂ થયું. 2017 બાદ 'વન નેશન વન ટેક્સ' GST લાગુ થયા પછી ઓડિશા, છત્તીસગઢ અને જાલના-મહારાષ્ટ્રમાંથી માલ સુરત - દક્ષિણ ગુજરાતમાં આવવા લાગ્યો. આજે દક્ષિણ ગુજરાતમાં 80થી વધુ TMT મેન્યુફેક્ચરર્સ વિવિધ રેન્જ અને ક્વોલિટી TMT બાર્સ સાથે બજારમાં હાજર છે.

વર્ષોથી વ્યવસાય માટે SISMA ની અડગ કમિટમેન્ટ

1988થી કાર્યરત SISMA દક્ષિણ ગુજરાતની લોખંડ અને સ્ટીલ માર્કેટનું મુખ્ય પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે જેમાં હાલમાં લગભગ 250 કરતા વધારે મેમ્બર્સ સક્રિય પણે સામેલ છે. જકાત હટાવવાની લડતથી લઇને આજના ટ્રાન્સપોર્ટ અને ટેક્સ ઇશ્યૂઝ સુધી; વર્ષોથી એસોસિએશન વેપારીઓના હિતો માટે કાર્યરત રહી છે. આ યાત્રા દિવસો, અઠવાડિયાઓ, મહિનાઓ નહિ પરંતુ પેઢીઓની મહેનત અને સક્રિય પ્રવૃત્તિઓનું પરિણામ છે.

37મી AGM : નવા નેતૃત્વ સાથે ભવિષ્ય તરફ પાયાનું પગલું

2 ઓગસ્ટ 2025ના રોજ યોજાયેલી SISMAની 38મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ઉદ્યોગના ભૂતકાળ, વર્તમાન સમસ્યાઓ અને ભવિષ્ય માટેની દિશા અંગે અત્યંત નોંધપાત્ર ચર્ચાઓ સાથે સંપન્ન થઈ. કાર્યક્રમમાં સુરત અને આસપાસના વિસ્તારોમાંથી 170થી વધુ સભ્યોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિરલ શાહ (કાર્યકારી પ્રેસિડેન્ટ), લક્ષ્મીલાલ બાફના (પ્રેસિડેન્ટ), મગનભાઇ જીંજાળા (ખજાનચી) અને નરેશભાઇ ડેલીવાલા (સેક્રેટરી)ની કાર્યકારી સમિતિએ નવી લીડરશીપ ટીમની ઘોષણા કરી હતી. જેમાં વિરલ શાહની ફરીથી પ્રેસિડેન્ટ તરીકે નિયુક્તિ થઇ અને નવી લીડરશીપ ટીમ પણ જાહેર કરવામાં આવી.

વજન ઘટ અને ચોરી સામે નવા નિયમોનું અમલ

AGMનું મુખ્ય આકર્ષણ હતું માલના પરિવહન દરમિયાન વજન ઘટ્ટ અને કાંટા પર થતી ચોરીઓના દૂષણ અંગે વિસ્તૃત ચર્ચા; માલના પરિવહન દરમિયાન થતી વજન ઘટ અને કાંટા પર થતી ચોરીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. હરીનભાઇ વાસા (વૈષ્ણવ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.)એ એસોસિયેશન દ્વારા નક્કી કરાયેલ નવા નિયમોની માહિતી આપી અને સુરતમાં TMT ચોરીના વધતાં કેસો અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે જણાવ્યું કે, "પોલીસ દ્વારા અવારનવાર ચોરીના માલની રીકવરી થાય છે, જેની કિંમત લાખોમાં હોય છે. સ્ટીલ ઉત્પાદક કંપનીઓ તરફથી ડાયરેક્ટ સપ્લાયમાં થતી ચોરીનું નુકસાન બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોને થાય છે."

ધી સુરત આયર્ન & સ્ટીલ મર્ચન્ટ્સ એસોસિયેશન (SISMA) તરફથી રજૂ કરાયેલા નિયમોનો ઉદ્દેશ વજન ઘટ અને ચોરી સામે અસરકારક કામગીરી કરવાનો છે. આ નિયમોને સ્ટીલ ઉત્પાદકો, બિલ્ડર એસોસિયેશનો, કોન્ટ્રાક્ટર એસોસિયેશન અને PMC એજન્સીઓ અપનાવે તો તમામ માટે રક્ષણ શક્ય બને. વિચાર વિમર્શના અંતે ઠરાવ લેવામાં આવ્યો કે વજન અને માલના વહનમાં પારદર્શિતા અને નૈતિકતા જાળવી રાખવા એસોસિયેશન આ મુદ્દે ગંભીરતાપૂર્વક અમલ કરશે, જેથી બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોને ખોટ ન સહેવી પડે અને તેમને સંપૂર્ણ માલ મળે.

GST અંગે ઉદ્યોગના પ્રશ્નોની રજૂઆત

ઘણી વખત GST વિભાગ તરફથી લીગલ ટ્રાન્ઝેક્શનમાં સમજણના અભાવે થતી નાની ભૂલોના લીધે વેપારીઓએ આકરો દંડ ભરવો પડતો હોય છે એ અંગે GST કમિશનરને સંસ્થા તરફથી વિરલ શાહ, વિજય મેહતા, રઘુ તેજાણી અને હરિન વાસાએ મળીને સચોટ માહિતી લઈને ઇ-ઇનવોઇસિંગ અને ઈ-Way બિલ વિષે તેમનું માર્ગદર્શન પણ મેળવ્યું હતું. AGMમાં આ વિષે સભ્યોને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

મેમ્બર્સ અને સમાજ માટે SISMA ની રચનાત્મક પ્રવૃત્તિઓ

વ્યવસાયીક કાર્યક્રમો ઉપરાંત, SISMA પોતાના સભ્યો અને સમાજ માટે પ્રેરક કાર્યો કરે છે. વર્ષ દરમિયાન ચાર મહત્વના કાર્યક્રમો યોજાય છે: AGM-એન્યુઅલ જનરલ મિટિંગ, ક્રિકેટ ટુર્નામેન્ટ, નવરાત્રીમાં ફેમિલી ગેધરિંગ અને મૂવી/ડ્રામા ડે. ઉપરાંત, બ્લડ ડોનેશન કેમ્પ અને જરૂરિયાતમંદોની સંસ્થામાં પણ યોગદાન આપે છે.

AGMનું વિશિષ્ટ પ્રતીક – સહયોગ અને દિશા

આ AGM એ માત્ર એજન્ડા નહીં પરંતુ દક્ષિણ ગુજરાતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રિઅલ એસ્ટેટ ઉદ્યોગ માટે સહયોગ, નિયમન અને આગળ વધવાની દિશા નિર્ધારિત કરી. લોખંડ અને સ્ટીલ ઉદ્યોગ આજે પણ આ પ્રદેશની ગતિશીલ સ્કાયલાઇનના પાયાના પત્થર તરીકે આગળ વધી રહ્યો છે.

ન્યુ લીડરશીપ વિઝન – સંગઠનથી વિકાસ તરફ

વિરલ શાહે, SISMAના નવા પ્રેસિડેન્ટ તરીકે પુનર્નિયુક્તિ બાદ યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "ધી સુરત આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ્સ એસોસિએશન - SISMA ફક્ત એક એસોસિએશન નથી - તે પ્રગતિ માટેનું પ્લેટફોર્મ છે. હવે અમારું લક્ષ્ય છે વધુ પારદર્શી વ્યવસ્થાઓ, મેમ્બર્સ વચ્ચે એકતા અને ઉદ્યોગ માટે વધુ મજબૂત આધાર રચવાનું છે. વધુમાં વધુ મેમ્બર્સને સંસ્થા સાથે જોડીને સંગઠનને મજબૂત બનાવવાનું છે."

રઘુ તેજાણી, સેક્રેટરી SISMA (શુભમ બિલ્ડ માર્ટ પ્રા. લી.) કહે છે કે, "સંગઠનને મજબૂત અને વિસ્તૃત બનાવવાનું અમારું મુખ્ય ધ્યેય છે. વેપારીઓના રોજબરોજના પ્રશ્નો અને સમસ્યાઓનું સમયસર નિરાકરણ લાવવું અમારી જવાબદારી છે. ઉદ્યોગ સાથે જોડાયેલા બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટર્સ, લેબર અને

વેપારીઓને એક એવી પ્રણાલી મળે, જ્યાં તેઓ પ્રામાણિકતા અને વ્યવસાયીક નૈતિકતાથી કાર્ય કરી શકે અને ટ્રેડને લગતા પ્રશ્નોનું યોગ્ય સમયે સમાધાન થાય – એ જ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ છે."

સ્ટીલ ફક્ત ઈમારતો નથી બનાવતું - તે દેશનું ભવિષ્ય બનાવે છે.

એરિયા લીડર્સ

કિમ - સાયણ
સુનિલભાઈ શાહ & બાલુભાઈ કયાડા.

ઓલપાડ
સાગરભાઈ ખેની & બીપીનભાઈ માણીયા

હજીરા
નિર્મલભાઈ જૈન

પુણાગામ
નીતિનભાઈ સાવલિયા & હેમંતભાઈ મોદી

કડોદરા
અરવિંદભાઈ સાવલિયા & કીર્તિભાઈ બચ્ચન

ઉધના - પાંડેસરા
ચિરાગભાઈ ગાલા, હાર્દિકભાઈ પટેલ & ધવલભાઇ મહેતા

કામરેજ - વરાછા
વિશાલભાઈ નાકરાણી

વેસુ - સુરત સીટી
હાર્દિકભાઈ શાહ

ડીંડોલી
પ્રદીપભાઈ સુતરીયા

સચીન
શૈલેષભાઈ પટેલ

પાલ - રાંદેર રોડ
જયપાલ ભાઈ જયસ્વાલ
રમેશભાઈ રાજાઈ

મોટા વરાછા
કેતનભાઈ મેરુલિયા

ધી સુરત આયર્ન એન્ડ સ્ટીલ મર્ચન્ટ્સ એસોસિએશન SISMA નવા પ્રમુખ અને લીડરશીપ ટીમ

ચેરમેન : લક્ષ્મીલાલજી બાફના (શાહ એન્ડ કો.)

પ્રેસિડેન્ટ : વિરલ શાહ (કશીશ એન્ટરપ્રાઇઝ)


સેક્રેટરી : રઘુ તેજાણી (શુભમ બિલ્ડ માર્ટ પ્રા. લી.)

વાઇસ પ્રેસિડેન્ટ : હિતેશ સોલંકી (જય શ્રી ખોડિયાર સેલ્સ)

વાઇસ પ્રેસિડેન્ટ : શૈલેષ બાફના (શાહ એન્ડ કો.)

ટ્રેઝરર : મગનભાઇ જીંજાળા (શીવ સ્ટીલ)

સહમંત્રી : આદિત્ય મણિયાર (સીતારામ કોર્પોરેશન)

સહખજાનચી : હરીન વાસા (વૈષ્ણવ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ.)

સલાહકાર : વિજય મહેતા (શ્રીજી સ્ટીલ)


સલાહકાર : નરેશ ડેલીવાલા (ઓમ સ્ટીલ કોર્પોરેશન)

પાસ્ટ પ્રેસિડેન્ટ્સ


મદનલાલ લોખંડવાલા - ફાઉન્ડર પાસ્ટ પ્રેસિડેન્ટ

મહેન્દ્રભાઈ ગાલા - પાસ્ટ પ્રેસિડેન્ટ



ભૂગર્ભ બાંધકામમાં સ્થિરતાનું મહત્ત્વ : ડાયાફ્રામ વૉલ અને પાઈલ સિસ્ટમ્સની ભૂમિકા

શહેરો ઊંડા જાય છે, તો તંત્ર પણ મજબૂત હોવું જોઈએ - અર્બન ડેવલપમેન્ટમાં સેફ્ટીની જરૂરિયાત

શહેરોની સ્કાયલાઇન જેમ ઊંચાઈએ વધી રહી છે, તેમ ભૂગર્ભ બાંધકામ વિકાસનું અભિન્ન અંગ બન્યું છે. સુરત જેવી ઝડપી વૃદ્ધિ ધરાવતી સિટીમાં મેટ્રો, ટનલ અને ઊંડા બેઝમેન્ટના કામ વધતા, Slope Stability અને Shoring Systems જેવી ટેક્નિકલ પદ્ધતિઓ હવે દરેક ઇજનેરિંગ પ્લાનનો મૂળભૂત ભાગ બની ગઈ છે. સુરક્ષા, ટકાઉપણું અને સમયસર પતાવટ માટે તેમની પસંદગી અને અમલ ખૂબ જ જરૂરી બની ગયો છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત જેવા ઝડપી વિકસતા શહેરોમાં વધતી વસ્તી અને જમીનની અછતને કારણે ઊંડા બાંધકામ, જેમ કે બેઝમેન્ટ, અંડરગ્રાઉન્ડ પાર્કિંગ, મેટ્રો, ટનલ અને કેબલ લાઇનનું પ્રમાણ વધી રહ્યું છે. ખાસ કરીને સુરત, અમદાવાદ, વડોદરા જેવા શહેરોમાં જ્યાં માટી ચીકણી કે કાંપવાળી હોય છે અને ચોમાસામાં પાણીનું સ્તર વધે છે, ત્યાં ખોદકામ વધુ જોખમભર્યું બને છે. સૌથી મોટો પડકાર છે – જમીન ધસી ન પડે એ જોવાનું. જો યોગ્ય ટેકનિક અપનાવવામાં ન આવે તો માટી ખસવા, દીવાલો તૂટવાની અને પડોશના ઘરોને નુકસાન થવાની સંભાવના રહે છે. આ માટે "Slope Stability" અને "Shoring Systems" નું પૂરતું જ્ઞાન અને યોગ્ય અમલ આવશ્યક છે. હવે આવું બાંધકામ કેવી રીતે સુરક્ષિત બને તે સમજીએ.

Slope Stability : શા માટે તે બાંધકામનો પાયો છે?

દરેક માટીનો સ્લોપ એક ચોક્કસ મર્યાદા સુધી જ સ્થિર રહી શકે છે. આ મર્યાદા માટીના પ્રકાર (રેતાળ, ચીકણી), તેમાં રહેલા ભેજનું પ્રમાણ, સ્લોપ નો ખૂણો અને તેના પર આવતા આસપાસ ના રોડ, બિલ્ડીંગ અથવા અન્ય સ્ટ્રક્ચર ના વજન પર આધાર રાખે છે. સ્લોપ સ્થિરતાની આવશ્યકતા નીચે મુજબ છે :

- **જીવન સુરક્ષા :** સાઇટ પર કામ કરતા મજૂરો અને આસપાસના લોકો માટે સૌથી પહેલાં સુરક્ષા. માટી ધસી પડે તો ગંભીર દુર્ઘટનાઓ થઈ શકે.
- **પ્રોજેક્ટની સમયસર પતાવટ :** જો ઢાળ સરકી જાય તો આખું કામ અટકી જાય છે, સમય અને પૈસા બંને વધે છે.
- **પડોશી ઈમારતોનું રક્ષણ :** ઊંડા ખોદકામથી તિરાડો કે જમીન બેસી શકે છે – સ્થિરતા એ અટકાવે છે.
- **ખર્ચ બચાવે :** માટી ધસે તો ફરીથી કામ કરવું પડે, નુકસાન થાય – એ બધામાંથી બચી શકાય.
- **કાયદાકીય જવાબદારી :** નિયમ મુજબ બાંધકામમાં આસપાસનું રક્ષણ ડેવલપર્સની જવાબદારી બને છે – અને ઢાળ સ્થિર રાખવી તેનો મોટો ભાગ છે.

Shoring Systems : જમીન સરકતી અટકાવવાના ઉપાય

જ્યારે કુદરતી ઢાળ (Slope) ખસવા માટે સંભાવનાશીલ હોય અથવા ખોદકામ ખૂબ ઊંડું હોય ત્યારે માટી ધસી ન જાય એ માટે બહારથી સપોર્ટ આપતી પદ્ધતિ એટલે Shoring System. આ સિસ્ટમ ખોદકામની દીવાલને ટેકો આપે છે અને આસપાસની માટીને અંદર ખસતા અટકાવે છે. આજકાલ શહેરોમાં ઘણી જગ્યાએ આવી સિસ્ટમ જરૂરી બને છે. ચાલો, તેમાં સૌથી વધુ ઉપયોગ થતી ડાયાફ્રામ વૉલ વિશે સમજીએ :

1. ડાયાફ્રામ વૉલ (Diaphragm Wall)

એ એક ખૂબ મજબૂત કૉંક્રિટની દીવાલ છે જે જમીનની અંદર ખાઈ (ટ્રેન્ચ) ખોદીને બનાવવામાં આવે છે. ખાસ મશીનો દ્વારા પહેલી ખાઈ તૈયાર થાય છે જેમાં બેન્ટોનાઇટ સ્લરી (એક ખાસ પ્રવાહી) નાખી માટી ખસે નહીં એવું થાય છે. પછી સ્ટીલના કેજ મૂકીને તેમાં કૉંક્રિટ ભરી દીવાલ તૈયાર થાય છે.

મુખ્ય ઉપયોગ : ઊંડા અંડરગ્રાઉન્ડ પાર્કિંગ (ડબલ , ટ્રિપલ, ચાર બેજમેંટ), મેટ્રો સ્ટેશનના નિર્માણ, નદી કિનારે દીવાલો (રીટેનિંગ વૉલ), ટનલ પોર્ટલ, અને જ્યાં વોટરટાઇટનેસ અત્યંત આવશ્યક હોય તેવા પ્રોજેક્ટ્સમાં.

ફાયદા :

- ઉચ્ચ લોડ વહન ક્ષમતા, જે ખૂબ ઊંડા ખોદકામ માટે આદર્શ છે.
- સંપૂર્ણપણે વોટરટાઈટ દીવાલ બનાવે છે, જે ભૂગર્ભજળને ખોદકામ વિસ્તારમાં પ્રવેશતા અટકાવે છે.
- ઓછી જગ્યા રોકે છે, જે શહેરી વિસ્તારોમાં જ્યાં જગ્યાની અછત હોય ત્યાં ફાયદાકારક છે.
- બાંધકામ પૂર્ણ થયા પછી તે કાયમી સ્ટ્રક્ચરનો ભાગ બની શકે છે (જેમ કે બેઝમેન્ટની દીવાલ).

ગેરફાયદા :

- થોડી વધારે ખર્ચાળ શોરિંગ સિસ્ટમ છે.
- નિષ્ણાત સાધનો અને અત્યંત કુશળ માનવબળની જરૂર પડે છે.
- બાંધકામ પ્રક્રિયા પ્રમાણમાં ધીમી હોઈ શકે છે.
- ગ્રાઉંડ વોટર સાથેની રેતાળ માટી માં એન્કર ની ક્વોલિટી જાળવવી અને કેપેસિટી મેળવવી મુશ્કેલ છે. (સુરત ના વિસ્તારો જેમ કે પાલ અને વેસુ)
- જો ક્વાલિટી કંટ્રોલ ના રાખવા માં આવે તો ભયાનક પરિણામો મળી શકે છે.
- આસપાસના વિસ્તારમાં સ્પંદનો (વાઇબ્રેશન) ઉત્પન્ન કરી શકે છે.

2. ટચ પાઈલ્સ / કૉન્ટિગ્યુઅસ પાઈલ્સ – નાની જગ્યાએ ઝડપી ઉકેલ

આ પદ્ધતિમાં જમીનમાં બોર કરીને કૉંક્રિટ પાઈલ્સ બેસાડવામાં આવે છે – એકબીજાની ખૂબ નજીક, પણ ભળ્યા વિના. પાઈલ્સ વચ્ચે સામાન્ય રીતે 4 થી 8 ઇંચ જેટલી નાની જગ્યા રહે છે.

મુખ્ય ઉપયોગ : મધ્યમ ઊંડાણના ખોદકામ માટે, જ્યાં સંપૂર્ણ વોટરટાઈટનેસ એટલી આવશ્યક ન હોય. પાર્કિંગ બેઝમેન્ટ, ઇમારતોના ફાઉન્ડેશન માટે.

ફાયદા :

- ડાયાફ્રામ વૉલ કરતાં પ્રમાણમાં ઓછા ખર્ચાળ.
- બાંધકામ પ્રક્રિયા ઝડપી હોય છે.
- સારા લોડ ટ્રાન્સફર ગુણધર્મો.

ગેરફાયદા :

- પાઈલ્સ વચ્ચે નાની જગ્યાઓ હોવાથી, પાણી કે ઝીણી માટી લીક થવાની શક્યતા રહે છે. જો પાણીનો પ્રવાહ વધુ હોય તો વોટરપ્રૂફિંગની વધારાની વ્યવસ્થા કરવી પડે છે.
- વરસાદ દરમિયાન ફેલ થવાના ચાન્સ વધારે છે.
- ડાયાફ્રામ વૉલ જેટલી વોટરટાઇટ નથી.

3. સિકન્ટ પાઈલ્સ – વોટરપ્રૂફ અને મજબૂત પણ ઠેકાણે ખર્ચ

આ ટચ પાઈલ્સનો સુધારેલો અવતાર છે. પાઈલ્સ એકબીજાને ઓવરલેપ થાય છે, એટલે કે ભળી જાય છે. પહેલા 'female' પાઈલ બનાવે છે (સ્ટીલ વગર), પછી વચ્ચે 'male' પાઈલ તૈયાર કરે છે (સ્ટીલ સાથે). બંને ભળી ને વોટરટાઈટ દીવાલ બને છે.

મુખ્ય ઉપયોગ : જ્યાં ઉચ્ચ વોટરટાઈટનેસ આવશ્યક હોય તેવા મધ્યમથી ઊંડા ખોદકામ માટે, જેમ કે ભૂગર્ભ પાર્કિંગ, મેટ્રો શાફ્ટ, ટનલ.

ફાયદા :

- ઉત્તમ વોટરટાઈટનેસ, જે ડાયાફ્રામ વૉલની નજીક આવે છે.
- ઉચ્ચ લોડ વહન ક્ષમતા.
- કોમ્પેક્ટ ડિઝાઈન, ઓછી જગ્યામાં દીવાલ બનાવી શકાય છે.
- ડાયાફ્રામ વૉલ કરતાં થોડી ઓછી ખર્ચાળ હોઈ શકે છે.

ગેરફાયદા :

- ટચ પાઈલ્સ કરતાં વધુ જટિલ અને ધીમી બાંધકામ પ્રક્રિયા (સચોટ પ્રોજેક્ટ પ્લાનિંગ ની જરૂરિયાત).
- ચોકસાઈની ઊંચી જરૂરિયાત.
- જો ડ્રિલિંગ ચોકસાઈથી ન થાય તો વોટરટાઈટનેસ જાળવવામાં મુશ્કેલી પડી શકે છે.

4. ગનાઈટિંગ / શોટક્રીટ – ઝડપી અને ટૂંકા ગાળાનો ઉકેલ

સિમેન્ટ, રેતી અને પાણીનું મિશ્રણ પાઈપમાંથી જોરથી છાંટવામાં આવે છે, જેથી સપાટી પર ચોંટે અને એક મજબૂત કોટિંગ બને. ગનાઈટિંગમાં સૂકો મિશ્રણ વપરાય છે, શોટક્રીટમાં ભીનું.

મુખ્ય ઉપયોગ :

- તાત્કાલિક અને કામચલાઉ સ્લોપ સ્થિરતા માટે.
- રોક સ્લોપ (પથ્થરના ઢોળાવ) ને સ્થિર કરવા અને ધોવાણ અટકાવવા.
- ખોદકામ કરેલી માટીની દીવાલો પર પાતળું રક્ષણાત્મક આવરણ બનાવવા.
- અનિયમિત સપાટીઓ પર મજબૂતીકરણ માટે.
- પાઈલ દીવાલોની ફેસ ને સુરક્ષિત કરવા.

ફાયદા :

- ઝડપી એપ્લિકેશન, જે તાત્કાલિક સ્થિરતા પૂરી પાડે છે.
- પ્રમાણમાં ખર્ચ ઓછો.
- અનિયમિત સપાટીઓ પર પણ સરળતાથી લાગુ કરી શકાય છે.
- જમીનના ધોવાણને અટકાવે છે.

ગેરફાયદા :

- વરસાદ દરમિયાન ફેલ થવાના ચાન્સ વધારે છે.
- મોટા લોડ વહન માટે યોગ્ય નથી, મુખ્યત્વે સપાટીના રક્ષણ માટે વપરાય છે.
- મોટાભાગે કામચલાઉ ઉકેલ છે, કાયમી માળખાકીય આધાર પૂરી પાડતો નથી.
- એપ્લિકેશન દરમિયાન ધૂળ અને રીબાઉન્ડ (છાંટેલો માલ પાછો ઉછળવો) નો પ્રશ્ન.

યોગ્ય શોરિંગ સિસ્ટમ પસંદ કરવાનો નિર્ણય : એન્જિનિયરિંગ વિચાર વિમર્શ

શોરિંગ સિસ્ટમ પસંદ કરવી એ સરળ બાબત નથી – એ ઘણા તકનિકી મુદ્દાઓ પર આધાર રાખે છે :

- જમીનનું સર્વેક્ષણ (Geotechnical Investigation) : માટી કે પથ્થરની જાત, તેની મજબૂતી, ભેજ, પ્લાસ્ટિસિટી, પાણીનું લેવલ વગેરે તપાસવું જરૂરી છે.
- ખોદકામ કેટલી ઊંડી છે? ઊંડાઇ અને પહોળાઇ જેટલી વધારે, તેટલી મજબૂત ટેક્નિકની જરૂર પડે.
- આસપાસની ઇમારતોની સ્થિતિ : તેમના પાયા ક્યાં સુધી ગયા છે? શું તેમની સલામતી માટે ખાસ ધ્યાન લેવું પડશે?
- પ્રોજેક્ટની ગતિ અને લક્ષ્યાંક : કામ કેટલી ઝડપથી કરવાનું છે? શું શોરિંગ કાયમી બાંધકામનો ભાગ બનશે?
- બજેટ : દરેક પદ્ધતિનો ખર્ચ અલગ હોય છે, તે પ્રમાણે પસંદગી કરવી જરૂરી છે.
- કાયદાકીય અને પર્યાવરણીય નિયમો : બિલ્ડિંગ કોડ અને પર્યાવરણીય માનદંડોનું પાલન જરૂરી છે.
- આ બધાની સમીક્ષા કરીને, અનુભવ ધરાવતા જિયોટેકનિકલ એન્જિનિયરની સલાહથી યોગ્ય શોરિંગ પસંદ કરવી જોઈએ.

સુરક્ષા અને ટકાઉપણું એ વિકાસનો પાયો છે

શહેરી વિસ્તારોમાં ઊંચા બાંધકામ હવે આવશ્યક બની ગયા છે. આવા સમયે સ્લોપ સ્થિરતા અને શોરિંગ ટેક્નોલોજી એ project's safety અને quality માટે ખૂબ અગત્યની છે.

ડાયાફ્રામ વૉલથી લઈને શોટક્રીટ સુધીની દરેક પદ્ધતિ એન્જિનિયરોને ઊંડા અને જોખમભર્યા કામને સુરક્ષિત રીતે પામવા માટે સાધન આપે છે.

તુશાલ દિયોરા – ભરોસાપાત્ર ટેક્નિકલ માર્ગદર્શક

ભૂગર્ભ બાંધકામના ક્ષેત્રમાં 11 વર્ષના અનુભવ સાથે એક નિષ્ણાત એન્જિનિયર છે. D-વૉલ, ટચ પાઈલ અને સ્લોપ સ્ટેબિલિટી જેવા જટિલ વિષયોમાં તેઓનો સંકલિત જિયોટેકનિકલ અને સ્ટ્રક્ચરલ અભિગમ, દરેક પ્રોજેક્ટ માટે કાર્યક્ષમ, સુરક્ષિત અને ટકાઉ ઉકેલ પૂરું પાડે છે.

"Safety First" માત્ર નીતિ નથી, તે અર્થશાસ્ત્ર અને સામાજિક જવાબદારી છે. યોગ્ય યોજના, નિષ્ણાત માર્ગદર્શન અને નવી ટેક્નોલોજી સાથે આપણે એવું બાંધકામ કરી શકીએ છીએ જે મજબૂત પણ હોય, સુરક્ષિત પણ હોય અને આવનારી પેઢી માટે વારસો બની રહે.

System	ડાયાફ્રામ વૉલ (Diaphragm Wall)	ટચ પાઈલ્સ (Touch Piles) / કૉન્ટિગ્યુઅસ પાઈલ્સ	સિકન્ટ પાઈલ્સ (Secant Piles)	ગનાઈટિંગ (Guniting)
મુખ્ય ઉપયોગ	ખૂબ ઊંડા ખોદકામ, વોટરટાઈટ	મધ્યમ ઊંડા ખોદકામ	મધ્યમથી ઊંડા ખોદકામ, વોટરટાઈટ	સપાટી સ્થિરીકરણ, અસ્થાયી
વોટરટાઈટનેસ	ઉત્તમ (સંપૂર્ણપણે વોટરટાઈટ)	નબળી (પાણી લીક થઈ શકે)	ખૂબ સારી (વોટરટાઈટ)	લાગુ પડતું નથી (સપાટી પર)
લોડ વહન ક્ષમતા	ખૂબ ઊંચી	સારી થી મધ્યમ	ઊંચી	નબળી (માત્ર સપાટી માટે)
બાંધકામ ખર્ચ	સૌથી વધુ	મધ્યમ	ઊંચો	નીચો (અસ્થાયી ઉપયોગ માટે)
બાંધકામની જટિલતા	ખૂબ ઊંચી (વિશેષ સાધનો)	મધ્યમ	ઊંચી (ચોકસાઈ જરૂરી)	નીચી (સરળ એપ્લિકેશન)
બાંધકામનો સમય	ધીમો	પ્રમાણમાં ઝડપી	ધીમો થી મધ્યમ	ખૂબ ઝડપી
શહેરી વિસ્તાર યોગ્યતા	ઉત્તમ (ઓછી જગ્યા)	સારી	સારી	મધ્યમ (ધૂળ/ રીબાઉન્ડ)
કાયમી ઉપયોગ	હા (Structureનો ભાગ બની શકે)	હા	હા	ના (સામાન્ય રીતે અસ્થાયી)
ભૂગર્ભજળ નિયંત્રણ	ઉત્તમ	નબળું (વધારાના ઉપાયો જરૂરી)	ખૂબ સારું	લાગુ પડતું નથી
મુખ્ય ફાયદા	મજબૂત, વોટરટાઈટ, કાયમી	ખર્ચ-અસરકારક, પ્રમાણમાં ઝડપી	વોટરટાઈટ, મજબૂત, કોમ્પેક્ટ	ઝડપી, સસ્તું, અનિયમિત સપાટી
મુખ્ય ગેરફાયદા	ખર્ચાળ, ધીમું, જટિલ	પાણી લીક થવાની શક્યતા	જટિલ, ખર્ચાળ	અસ્થાયી, ઓછી લોડ ક્ષમતા

RMIX Vadod
Sub Plot No.A/3, Block NO. 124, T.P., No.71, F.P. No.81/A, Vadod Gam, Pandesara, Surat, Gujarat, 394221

RMIX Magdalla
Block No. 37, Plot No. 69, Pithawala College Road, Vanta, Gaviyer, Surat, Gujarat, 395007

RMIX Navsari
Plot No-69-70, Phase-5, Rajhans Zesto, Surat-Navsari Highway, Near Ashok Leyland, Workshop, Navsari-396415, Gujarat

+91-7096758930
admin@rmix.in
www.rmix.in

#1 on Google for Ready-Mix Concrete SURAT

Smart Project Management & Comprehensive PMC Solutions for Real Estate & Infrastructure

Seamless Coordination Between Clients, Architects & Contractors For Timely, Cost-Efficient & Quality-Driven Execution

rigveda PMC Pvt. Ltd.

Your Trusted Project Management Partner

We Manage What Matters : Residential | Commercial | Hospitality | Healthcare | Educational Projects

Site Control | Planning & Scheduling | Contract Management | Work Execution | Material Management | Quality Management | On-Site Supervision | Cost Management

Scan for more Info
therigvedapmc.com

Turning Concepts into Landmarks
Precision-Driven PMC for Civil & Interior Project Excellence

info@therigvedapmc.com
510, SNS Business Park, Opp. JH Ambani School Udhana Magdalla Road, Piplod, Surat - 395007.

93772 25805
96874 75805

ISO 9001:2015 CERTIFIED COMPANY

ISO/IEC 17025 Accredited Testing Laboratory by NABL vide Certificate Number TC-14449

TC-14449

PRAMUKH TEST HOUSE
PTH CONSULTANCY SERVICES LLP

"GEO-Technical Design Consultancy (Diaphragm Wall Design)"

OUR SERVICES :
- GEOTECHNICAL INVESTIGATION (SOIL TESTING)
- CONCRETE MIX DESIGN
- BUILDING MATERIAL TESTING (PHYSICAL & CHEMICAL)
- ROAD MATERIAL TESTING
- NON-DESTRUCTIVE TESTING
- GEOTECHNICAL DESIGN CONSULTANCY
  - DIAPHRAGM WALL (DWALL) DESIGN
  - SECANT PILE DESIGN
  - CONTEGIOUS PILE (TOUCH PILE) DESIGN
  - SLOPE STABILITY ANALYSIS & OTHER RETAINING STRUCTURE DESIGN

CONTACT US : PRAMUKH TEST HOUSE
PLOT NO. 40/1, Manshukh Nagar, Nana Varachha, Surat-395006, Gujarat.
Phone : +91 99099 31937
Email : pthlab.surat@gmail.com
Visit us at www.pramukhtesthouse.in

INQUIRY :
- Sales & Marketing : 90163 29736
- For Dwall/Touchpile Design : 85115 03332
- Technical Queries Regarding Building Material : 97247 89693
- Technical Queries Regarding Geotechnical Investigation : 95868 60853

ICEA સુરત અને હાથી સિમેન્ટના સંયુક્ત ઉપક્રમે કોંક્રિટ ટેક્નોલોજીમાં ઇનોવેશન્સ પર ટેકનિકલ સેમિનારનું આયોજન

કોંક્રિટ એક્સપર્ટ ડૉ. શિવાંગ જયસ્વાલનું "નેક્સ્ટ જનરેશન સ્ટ્રક્ચર્સ માટે સ્પેશિયલ કોંક્રિટમાં ઊભરતાં ટ્રેન્ડ્સ" વિષય પર પ્રેઝેન્ટેશન

યુગેન રિયલ્ટી, સુરત.

સુરતના સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ (ICEA) સંસ્થાએ હાથી સિદ્ધિ સિમેન્ટના સહયોગથી **CONCRETE PULSE - The Engineers' Meet**ના ભાગ રૂપે **"નેક્સ્ટ જનરેશન સ્ટ્રક્ચર્સ માટે સ્પેશિયલ કોંક્રિટમાં ઊભરતાં ટ્રેન્ડ્સ"** વિષય પર માહિતીસભર ટેકનિકલ સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કર્યું. આ કાર્યક્રમમાં ICEAના મેમ્બર સિવિલ એન્જિનિયરો, આર્કિટેક્ટ્સ, કોન્ટ્રાક્ટરો અને ટેકનિકલ પ્રોફેશનલ્સને કોંક્રિટ ટેક્નોલોજીના વિકસતા ક્ષેત્રની જાણકારી મળી.

આ કાર્યક્રમમાં **ICEAના પ્રેસિડેન્ટ કમલેશ વૈષ્ણવ, ઓન. સચિવ નરેન્દ્ર કોટડિયા** સહિત સંપૂર્ણ લીડરશીપ ટીમ ઉપસ્થિત રહી હતી. **ડૉ. જીગર સેવાલિયા**એ કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું. કી-નોટ સ્પીકર **ડૉ. શિવાંગ જયસ્વાલ, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલૉજીના જુનિયર સાયન્ટિફિક ઓફિસર** દ્વારા આપવામાં આવ્યું હતું. ડૉ. જયસ્વાલ ખાસ કોંક્રિટ અને ફોરેન્સિક સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં તેમના ઊંડા સંશોધન અને કુશળતા માટે જાણીતા છે. તેમણે કોંક્રિટના જુદા-જુદા વિષયો પર 12થી વધુ સંશોધન પેપર પ્રકાશિત કર્યા છે અને ઇમેજ એનાલિસિસની મદદથી હાર્ડન્ડ કોંક્રિટમાંથી ઘટકો શોધવા માટે માન્ય પેટન્ટ ધરાવે છે.

હાથી સિધ્ધી સિમેન્ટના ટેકનિકલ સર્વિસીસ હેડ શિવકુમાર વ્યાસે "એન્જિનિયર્સને સશક્ત બનાવવી અને સંબંધો મજબૂત બનાવવી" વિષય પર વિસ્તૃત વાત કરી. તેમણે નવીન મટિરિઅલ, ટેકનિકલ માર્ગદર્શન અને કસ્ટમાઇઝ સોલ્યુશન્સ દ્વારા એન્જિનિયર્સને સહાયરૂપ થવા કંપનીની પ્રતિબદ્ધતા રજૂ કરી. તેમના પ્રવચને ગુણવત્તા, સહયોગ અને સતત નવીનતા તરફ બ્રાન્ડની દૃઢ પ્રતિબદ્ધતા સ્પષ્ટ કરી. ભુવન શર્મા, હાથી સિદ્ધિ સિમેન્ટ સેલ્સ સુરત હેડ સુરત પણ હાજર રહ્યા હતા.

ડૉ. જયસ્વાલનું વિગતવાર પ્રેઝન્ટેશન કોંક્રિટ ટેક્નોલોજીમાં ઇનોવેશન્સ પર કેન્દ્રિત હતું. સ્પીકરની રજૂઆત ખાસ હેતુ માટેની કોંક્રિટ ટેક્નોલોજીમાં નવીનતાઓ પર કેન્દ્રિત હતી, જેમાં પૂરક સિમેન્ટિયસ મટીરિઅલનો ઉપયોગ કરીને શક્તિ અને ટકાઉપણું યથાવત્ રાખવામાં આવ્યું હતું, અને સાથે સાથે કુદરતી સંસાધનોના ક્ષયને ટાળીને પર્યાવરણીય સંતુલન જાળવવામાં આવ્યો હતો – જેનો મુખ્ય હેતુ સસ્ટેનેબિલિટી છે.

1. કોંક્રિટની યાત્રા :

ડૉ. જયસ્વાલે કોંક્રિટના ઇતિહાસથી લઇને તેની આજ સુધીની યાત્રા વિષે રસપ્રદ માહિતી આપી, કોંક્રિટને હવે માત્ર બેઝિક સ્ટ્રક્ચરલ મટિરિઅલ તરીકે જોવામાં આવતું નથી પરંતુ સાથે પ્રોજેક્ટ્સ ની ચોક્કસ જરૂરિયાતોને અનુરૂપ હાઇલી એન્જિનિયર્ડ સોલ્યુશન્સ તરીકે જોવામાં આવે છે.

2. નેક્સ્ટ જનરેશન સ્ટ્રક્ચર્સ માટે સ્પેશીયલ કોંક્રિટ: આધુનિક સમયમાં વપરાતા કોંક્રિટની વિશાળ શ્રેણી રજૂ કરી જેમ કે :

- સેલ્ફ-કોમ્પેક્ટિંગ કોંક્રિટ (SCC)
- અલ્ટ્રા હાઇ પર્ફોર્મન્સ કોંક્રિટ (UHPC)
- ફાઇબર-રિઇનફોર્સ્ડ કોંક્રિટ
- નેનો એન્જિનિયર્ડ અને જીઓપોલિમર કોંક્રિટ
- 3D પ્રિન્ટેડ અને ટ્રાન્સલુસન્ટ કોંક્રિટ

દરેક પ્રકારને વાસ્તવિક દુનિયાના એપ્લિકેશનો સાથે સમજાવવામાં આવ્યો હતો જેમાં બુર્જ ખલીફા, બાંદ્રા-વર્લી સી લિંક, સ્ટેચ્યુ ઓફ યુનિટી અને યુકેમાં ચેનલ ટનલ રેલ લિંક જેવા આઇકોનિક પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

3. સ્ટ્રેન્થ, ટકાઉપણું અને પર્યાવરણીય અસર :

પ્રેઝેન્ટેશનનો મુખ્ય ભાગ વૈકલ્પિક બાઇન્ડર મટીરિઅલની જરૂરિયાત અને ફ્લાય એશ, સિલિકા ફ્યુમ અને GGBS જેવી પૂરક સિમેન્ટિયસ મટીરિઅલ (SCMs)ની ભૂમિકાને સમર્પિત હતો. ડૉ. જયસ્વાલે સમજાવ્યું કે બ્લેન્ડેડ કોંક્રિટના ઉપયોગ દ્વારા કેવી રીતે હાઇ સ્ટ્રેન્થ અને અલ્ટ્રા હાઇ સ્ટ્રેન્થ કોંક્રિટ ડિઝાઇન કરી શકાય છે, જે સાથે સાથે કાર્બન ફૂટપ્રિન્ટ અને ઊર્જાની ખપત પણ ઘટાડે છે.

4. અર્ધપારદર્શક કોંક્રિટ અને આર્કિટેક્ચરલ એપ્લિકેશન્સ :

ફંક્શનાલીટી સાથે એસ્થેટિક્સના એકીકરણ પર પ્રકાશ પાડતા, અર્ધપારદર્શક કોંક્રિટની ચર્ચા નોન-સ્ટ્રક્ચરલ પરંતુ નવીન મટિરિઅલ તરીકે કરવામાં આવી હતી જે કુદરતી પ્રકાશને દિવાલોમાંથી પસાર થવા દે છે, કૃત્રિમ પ્રકાશ પર નિર્ભરતા ઘટાડે છે.

5. ટેસ્ટિંગ એન્ડ અને પરફોર્મન્સ મેટ્રિક્સ :

સેમિનારમાં સેલ્ફ-કોમ્પેક્ટિંગ કોંક્રિટ (SCC) માટે વિવિધ ફ્રેશ પ્રોપર્ટી ટેસ્ટ્સ જેમ કે સ્લમ્પ ફ્લો, J-Ring, L-Box, U-Box અને V-Funnelની પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, જે ગુણવત્તા નિયંત્રણ અને મિક્સ ડિઝાઇન ઑપ્ટિમાઇઝેશનના મહત્વને વધુ મજબૂત બનાવે છે.

6. ભવિષ્યની દિશા :

ડૉ. જયસ્વાલે આધુનિક બાંધકામની માંગને પહોંચી વળવા માટે ઉભરતી તકનીકોને અપનાવવામાં ઇન્ડસ્ટ્રી-એજ્યુકેશન સહયોગ, સતત સંશોધન અને અનુકૂલન ક્ષમતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

શિક્ષણ અને નેટવર્કિંગ માટેનું પ્લેટફોર્મ

આ કાર્યક્રમે ઉપસ્થિત લોકોને ટેક્નોલોજિકલ આંતરદૃષ્ટિથી સમૃદ્ધ બનાવ્યાની સાથે વિવિધ શાખાઓમાં વ્યાવસાયિકો માટે એક ઉત્તમ નેટવર્કિંગ પ્લેટફોર્મ પણ પૂરું પાડ્યું. હાથી સિદ્ધિ સિમેન્ટના HOD - ટેકનિકલ સેવાઓએ વ્યાપક સિમેન્ટિંગ સોલ્યુશન્સ દ્વારા એન્જિનિયરોને સશક્ત બનાવવા, ક્ષેત્ર એપ્લિકેશન સાથે તકનીકી જ્ઞાનને સંરેખિત કરવા વિશે પણ વાત કરી.

સેમિનારનો અંત આભારવિધિ અને સહભાગીઓ વચ્ચે ઉત્સાહપૂર્ણ વાર્તાલાપ સાથે થયો, જેમાં નેક્સ્ટ જનરેશન સ્ટ્રક્ચર્સ માટે કોંક્રિટની વધતી જતી સુસંગતતાને સમર્થન આપવામાં આવ્યું.

The Institute of Civil Eng. & Arch. SURAT ICEA
HATHI CEMENT
Sidhee CEMENT

HIGH PERFORMANCE RECHARGE WELLS
IN SMART CITIES PARKS & TOWNSHIPS METRO & FLYOVERS
SOLUTIONS FOR URBAN FLOODING
LETS USE RAINWATER
furaat
Contact : +91 98252 29832 | 96620 00502
Email : mamsaibrahim832@gmail.com

Bigger. Bolder. Better Than Ever.

The Institute of Civil Engg. & Arch. ICEA SURAT

स्थापत्य®
6 7 8 9 FEBRUARY 2026

28 EDITION

South Gujarat's Foremost Exhibition of
BUILDING MATERIALS | ARCHITECTURAL - INTERIOR INNOVATIONS & PRODUCTS

Date : February 6 - 7 - 8 - 9, 2026 | Venue : SIECC, Sarsana, Surat

BOOK YOUR STALL NOW

- Connect with Thousands of Visitors - B2B & B2C Both
- Meet Top Architects, Builders, Designers & Developers
- Launch New Products To Your Targeted Audience
- Build Strong Brand Visibility In Western India
- Network With Decision-makers From Across The Country

Be Part of A Legacy! With 27 Successful Editions Behind Us, Sthapatya 2025 Is Gearing Up To Break New Ground In Scale, Creativity, And Industry Reach.

Book Now And Get Noticed By The Industry's Finest!

Hurry up!
Limited Stalls Available

Scan to Download Brochure for more details

CONTACT FOR STALL BOOKING
+91 98244 99477 | 98244 99466 | 98244 99455

ORGANISED BY :
The Institute of Civil Engineers & Architects, Surat.

"કોંક્રીટ મેજિશિયન" એન્જિનિયર રિયાઝ પટેલે ICEA સેમિનારમાં ભારતના પ્રથમ 4.5 મીટર ઊંચા ઈન્ડસ્ટ્રિઅલ રાફ્ટ ફાઉન્ડેશન સાથેના નેશનલ રેકોર્ડ વિશે ચર્ચા કરી

યુગેન રિઅલ્ટી, સુરત.

તાજેતરમાં આયોજિત ICEA સેમિનારમાં, **"કોંક્રીટ મેજિશિયન ઓફ ઇન્ડિયા"** તરીકે જાણીતા **ઇજનેર રિયાઝ પટેલે** એક ઐતિહાસિક સિદ્ધિ વિશે માહિતી આપી – જે હવે India

Book of Recordsમાં નોંધાઈ છે: કેવી કેબલ્સ, સાણંદ, ગુજરાત ખાતે માત્ર 29 કલાકમાં 4.5 મીટર ઊંચા ઇન્ડસ્ટ્રિયલ રાફ્ટ માટે 8,700 ક્યુબિક મીટર

કોન્ક્રીટનું સફળ પોરિંગ.

આ તકનિકી રીતે સંપૂર્ણ કામગીરીએ ભારતીય બાંધકામ ઇજનેરીમાં એક નવો ઐતિહાસિક

માઇલસ્ટોન સ્થાપિત કર્યો છે. આવો જાણીએ કે આ અદ્વિતીય સિદ્ધિ પાછળ કઇ નવીનતા અને કાર્યપદ્ધતિઓ રહેલી છે:

કોંક્રીટ સેટ રિટેન્શન : સમય અને જગ્યા પર સમરૂપતા

આ મોટા પાયાના પોરિંગમાં સૌથી મોટો પડકાર હતો – દરેક વિભાગમાં કોંક્રીટનો એકસરખો સેટિંગ સમય સુનિશ્ચિત કરવો. સંપૂર્ણ આયોજન અને સામગ્રી વિજ્ઞાનના સહારે, પ્રોજેક્ટની શરૂઆતમાં અને અંતમાં પોર કરાયેલ કોંક્રીટ એ એકસાથે સેટ થવાનું સિદ્ધ કર્યું. આ સમરૂપ સેટિંગ પદ્ધતિએ "કોલ્ડ જોઇન્ટ્સ" ટાળી દીધી અને મોનોલિથિક મજબૂતી અને ટકાઉપણું પ્રાપ્ત કરાયું.

હીટ અને હાઇડ્રેશન કંટ્રોલ માટે HVFA કોન્ક્રીટનો ઉપયોગ

માસ કોંક્રીટમાં થર્મલ ચેલેન્જ્સને પહોંચી વળવા માટે High Volume Fly Ash (HVFA) Concreteનો ઉપયોગ થયો. આ કોંક્રીટ ઓછા હીટ ઓફ હાઇડ્રેશન માટે જાણીતું છે, જેના કારણે આંતરિક તાપમાન નિયંત્રણમાં રહે છે અને લાંબા ગાળે સ્ટ્રક્ચરની ટકાઉપણું પણ વધે છે. ફ્લાય એશ વડે સીમેન્ટના પ્રભાવશાળી સ્થાને પરિવર્તન કરીને, HVFA કોંક્રીટ એ પ્રમાણે વધુ ટકાઉ, વધુ કાર્યક્ષમ અને પર્યાવરણ મિત્ર છે.

રેડિયન્ટ કૂલિંગ : 1 KM GI પાઇપલાઇન અને ઠંડા પાણી દ્વારા શમન

મોટા પોરિંગ દરમિયાન ઊંચા તાપમાનથી બચવા માટે એક રેડિયન્ટ કૂલિંગ સિસ્ટમ અમલમાં મૂકાઈ. 1 કિમી લાંબી ગેલ્વેનાઇઝ્ડ આયર્ન પાઇપલાઇન મારફતે ઠંડું પાણી 1 મહિનાની મુદત માટે વહેતું રાખવામાં આવ્યું હતું, જે આંતરિક તાપમાનને નિયંત્રિત કરે છે. આ પદ્ધતિ નદીઓ પર બનેલા ડેમોમાં વપરાતી પદ્ધતિ જેવી છે, જે થર્મલ ક્રેકિંગથી બચાવે છે.

HDPE શીટ અને થર્મોકોલ વડે ઇન્સ્યુલેટેડ ક્યોરિંગ

પોરિંગ પછીના ક્યોરિંગ દરમિયાન 100mm જાડા થર્મોકોલ અને HDPE શીટ્સ વડે સંપૂર્ણ ઇન્સ્યુલેશન કરવામાં આવ્યું. આ પદ્ધતિએ બહારના વાતાવરણના તાપમાન અને ભેજના કોંક્રીટ પર અસર થતી અટકાવી, આંતરિક તાપમાન સ્થિર રાખવામાં મદદ કરી, જે કોંક્રીટની મજબૂતી માટે અત્યંત જરૂરી છે.

થર્મલ મોનીટરીંગ : 170 થર્મોકપલ દ્વારા સચોટ નિરીક્ષણ

ક્યોરિંગ દરમિયાન તાપમાનનું સચોટ અવલોકન કરવા માટે 170થી વધુ થર્મોકપલ્સ અલગ અલગ સ્તર અને સ્થળે ગોઠવવામાં આવ્યા. મહત્તમ આંતરિક તાપમાન 76°C નોંધાયું, જે માસ કોંક્રીટ માટે સુરક્ષિત મર્યાદા હેઠળ હતું. આ વૈજ્ઞાનિક મોનીટરીંગને કારણે યોગ્ય સમયે ઠંડક પદ્ધતિને અનુરૂપ ફેરફારો શક્ય બન્યા.

શૂન્ય બ્લીડિંગ કોન્ક્રીટ : કમજોરી માટે સ્થાન નહીં

મોટા પોરિંગમાં મોટો પડકાર હોય છે બ્લીડિંગ — જે કોંક્રીટની સપાટી અને મજબૂતીને હાનિ પહોંચાડી શકે છે. આ માટે, એક વિશિષ્ટ **"Zero Bleeding"** કોન્ક્રીટ મિક્સ અપનાવવામાં આવ્યો હતો, જે ખૂબ જ સમરૂપતા અને ગુણવત્તા સાથે પોર્ય સુધી પહોંચાડી શકાય તેવો હતો.

માઇક્રોસ્ટ્રક્ચર કોન્ક્રીટ અને ક્રશ્ડ સેન્ડ : ટકાઉપન અને મજબૂતી સાથે

એન્જિનિયર રિયાઝ પટેલે માઇક્રોસ્ટ્રક્ચર કોંક્રીટ વિશે પણ વિગતે ચર્ચા કરી. IS 383 અનુસાર, કુદરતી રેતીમાં 75 માઇક્રોનથી નાની 3% તત્વો સુધી મંજૂર છે જ્યારે M-sand (ક્રશ્ડ સેન્ડ) માટે 15% મંજૂર છે. M-sand નો કણાકૃતિય સ્વરૂપ અને શ્રેષ્ઠ ગ્રેડેશન ITZ (Interfacial Transition Zone) ને પૂરો કરે છે અને પોરીયતાને બંધ કરે છે, જેના કારણે કોન્ક્રીટ વધુ ઘન અને મજબૂત બને છે.

M-sand એ પર્યાવરણમિત્ર વિકલ્પ પણ છે - તે કુદરતી રેતીનો બચાવ કરે છે, પાણીની જરૂરિયાત ઘટાડે છે અને ઊર્જા બચાવે છે.

ભારતીય કોન્ક્રીટ ઇજનેરીમાં નવો બેંચમાર્ક

માત્ર 30 કલાકમાં ભારતનો પ્રથમ 4.5 મીટર ઊંચો રાફ્ટ પોર કરવો એ સાબિત કરે છે કે જ્યારે તકનીકી પારંગતતા અને દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ મળે ત્યારે અશક્ય લાગતી સિદ્ધિઓ પણ શક્ય બને છે. એન્જિનિયર રિયાઝ પટેલનું સૂત્ર **"ટેકનિકલી કરેક્ટ માસ કોન્ક્રીટ : ભરો અને જીવનભર ભૂલી જાઓ"** એ માત્ર નારો નથી, પણ આ સિદ્ધિ પાછળનો Driving Philosophy છે.

કાર્યક્રમને અમરદીપ એગ્રીગેટ્સ અને AC પ્લસ કોન્ક્રીટ સહયોગ આપવામાં આવ્યો હતો.

એન્જિનિયર રિયાઝ પટેલ

ઇજનેર રિયાઝ પટેલ, "કોંક્રીટ મેજિશિયન ઓફ ઇન્ડિયા" તરીકે ઓળખાતા, કોંક્રીટ ટેક્નોલોજી ક્ષેત્રે દેશના અગ્રણી નિષ્ણાત છે. તેઓ બે વખતના ગોલ્ડ મેડલિસ્ટ છે, જેઓએ Construction Managementમાં માસ્ટર અને Civil Engineeringમાં બેચલર્સ કર્યું છે. ISTE તરફથી તેમને રાષ્ટ્રીય એવોર્ડથી પણ નવાજવામાં આવ્યા છે. હાલમાં તેઓ "Problem Solving માટેનું રેશનલ પદ્ધતિ" વિષય પર Ph.D. પણ કરી રહ્યા છે. તેમની દરેક સિદ્ધિ ટકાઉપણું, સચોટતા અને ટેક્નિકલ ઉત્કૃષ્ટતાની સાક્ષી છે.

AMARDEEP AGGREGATES
CORE OF INFRASTRUCTURE
www.amardeepaggregates.com

AC Plus
Ready Mix Concrete Provide & Solution

bronco®
build smart

SCAN QR TO KNOW MORE

CONSTRUCTION CHEMICALS FOR YOUR BUILDING NEEDS

Certified
ISO 9001:2015
IS 15477:2019

4 Manufacturing Plants Nationwide

Presence Across India

OUR PRODUCTS

Tile Adhesives & Plasters
Block Adhesives
Tile & Stone Adhesives
Plasters

Repair & Rehabilitation
Repair Mortars
Stuctural Repair
Protective Coating

Waterproofing
Preformed Membrane
Integral
Liquid Applied Membrane

Grouts
Cementitious Grouts
Epoxy Grouts
Anchor Grouts

Concrete Admixture & Flooring
Floor Hardeners
Epoxy Flooring/
Mortar/Coating

Expansion & Construction Joint System
Expansion Joint System
Cold Joint System
Joint Sealants

INNOVATIVE | CONSTRUCTION | CHEMISTRY

BRONCO BUILDWELL PVT. LTD.

213-215, Symmers Business Park, B/w. Sarkhej-Shantipura Cross road,
Opp. Hotel Yellow Lime, Sarkhej, Ahmedabad-382210
M: +91 88660 71009 | www.bronco.in | E: info@bronco.in

અર્બન ચેલેન્જ ફંડ માટે સુરત પાલિકા તરફથી 2 હજાર કરોડના પ્રોજેક્ટ રજૂ કરવાની તૈયારી

તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ, ગ્રીન બોન્ડના પ્રોજેક્ટો અને ડ્રેનેજનાં કામો રજૂ કરવા વિચારણા અર્બન ચેલેન્જ ફંડ : ૨ હજાર કરોડના પ્રોજેક્ટ રજૂ કરી પાલિકા ૫૦૦ કરોડનું ભંડોળ મેળવશે

ગ્રીન બોન્ડ યોજના બાદ આર્થિક સક્ષમતા પુરવાર કરવા સુરત મહાનગરપાલિકા માટે નવો પડકાર અર્બન ચેલેન્જ ફંડ અને ગ્રીન બોન્ડ યોજના દ્વારા સુરત મહાનગરપાલિકાનું મજબૂત નાણાકીય અને પાયાભૂત આયોજન : વિઝન 2030 તરફ મજબૂત પગલાં

યુગેન રિયલ્ટી, સુરત.

શહેરી સુરક્ષા અને સમૃધ્ધિ માટે કેન્દ્ર સરકારનો નવીન પ્રયાસ

વડોદરા બ્રિજ દુર્ઘટનાને પગલે દેશમાં શહેરી સુરક્ષા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુધારાની દિશામાં કેન્દ્ર સરકારે 'અર્બન ચેલેન્જ ફંડ' યોજના શરૂ કરી છે. આ યોજનાનું મુખ્ય ઉદ્દેશ શહેરોની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વધુ મજબૂત, સુરક્ષિત અને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો છે. સુરત મહાનગરપાલિકા પણ આ દિશામાં મહત્વાકાંક્ષી યત્નો કરી રહી છે.

2,000 કરોડના પ્રોજેક્ટ દ્વારા સુરત પાલિકાનું નાણાકીય ઘડતર

અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત સુરત મહાનગરપાલિકા રૂ. 2,000 કરોડના વિવિધ વિકાસ પ્રોજેક્ટ રજૂ કરવાની તૈયારીમાં છે. આમાંથી રૂ. 500 કરોડનું ભંડોળ કેન્દ્ર સરકાર તરફથી મેળવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. યોજના અનુસાર ભંડોળ વહેંચણીનું પ્રમાણ 25% કેન્દ્ર સરકાર, 25% પાલિકાનું પોતાનું ફંડ અને બાકી 50% લોન દ્વારા ઉઠાવાશે. આ આયોજન માટે પાલિકા માટે આર્થિક સક્ષમતા દર્શાવવો નવો પડકાર બની રહેશે.

મુખ્ય પ્રોજેક્ટ: તાપી રિવરફ્રન્ટ, ડ્રેનેજ, ગ્રીન બોન્ડ અને સ્પેશિયલ સેલ

આ ફંડ હેઠળ કેવા પ્રોજેક્ટ રજૂ થશે તેની વાત કરીએ તો તેમાં મુખ્યત્વે તાપી રિવરફ્રન્ટ, ડ્રેનેજ સિસ્ટમ, ગ્રીન બોન્ડના અનુસંધાનમાં આવનારા પરિયોજનાઓ તથા C.E. સ્પેશિયલ સેલ જેવા વિકાસકામોનો સમાવેશ થાય છે. તાપી રિવરફ્રન્ટ માટે સમગ્ર ખર્ચ રૂ. 8,000 કરોડ જેટલો અનુમાનીત છે, જેમાં પ્રથમ તબક્કામાં પિપલોદથી નાનપુરા જજીસ બંગલા સુધીના 4.8 કિ.મી. વિસ્તારમાં રૂ. 1,200 કરોડનો પ્રોજેક્ટ હાથ ધરાશે. આ ઉપરાંત ગ્રીન બોન્ડ હેઠળની અંદાજે રૂ. 200 કરોડના પાંચથી છ પરિયોજનાઓ તથા અન્ય રૂ. 600 કરોડના વિવિધ વિકાસકામો પણ અર્બન ચેલેન્જ ફંડ હેઠળ રજૂ કરવામાં આવશે.

ભવિષ્યનું આયોજન : વિઝન 2030 ને ધ્યાને લઈ નીતિગત ઘડતર

આ યોજના સાથે શહેરના "વિઝન 2030"ને આગળ ધપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેમાં આવનારી દાયકાની શહેરી જરૂરિયાતો અને નીતિગત પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવશે.

SEBI મંજૂરી માટે રૂ. 200 કરોડના ગ્રીન બોન્ડના અંતિમ પ્રયાસો

અન્ય એક મહત્વની આગળવઢી તરીકે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ. 200 કરોડના ગ્રીન બોન્ડ માટે SEBI પાસેથી મંજૂરી મેળવવા માટેનો અંતિમ પ્રયાસ ચાલી રહ્યો છે. અગાઉ પણ એક ગ્રીન બોન્ડ લાવવામાં આવ્યો હતો, પરંતુ આ વખતના પ્રયત્નો વધુ તૈયાર અને વ્યવસ્થિત છે. કમિશનર શાલિની અગ્રવાલના નેતૃત્વમાં પાલિકા તંત્ર SEBI સમક્ષ સતત રજૂઆત કરી રહ્યું છે અને અંતિમ મંજૂરી માટે પ્રક્રીયા હવે છેલ્લાં તબક્કે છે. આ મંજૂરી મળતાં જ પાલિકા પોતાની નાણાકીય પારદર્શિતા અને વહીવટી ક્ષમતા વધુ મજબૂતીથી સાબિત કરી શકશે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુરક્ષા: બ્રિજ અને સરકારી ઇમારતોની સમીક્ષા

વડોદરા બ્રિજ દુર્ઘટના પછી રાજ્યભરમાં બ્રિજ અને સરકારી ઇમારતોની તાત્કાલિક સમીક્ષા શરૂ થઈ છે. સુરત જિલ્લામાં પણ પ્રભારી સચિવ રાજીવ ટોપનાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ હતી જેમાં કમિશનર, કલેક્ટર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટોપનાએ ડિઝાઇન મુજબની કામગીરી અને IRC કોડ મુજબ સુરક્ષા ચકાસણી માટે સૂચનાઓ આપી હતી. ફૂટ ઓવર બ્રિજ, હાઇવે અને રેલવેના બ્રિજોની પણ વિશેષ તપાસ કરવાનો આદેશ અપાયો છે. SMC દ્વારા 121 બ્રિજના હેલ્થ કાર્ડ રજૂ કરવામાં આવ્યા છે અને જણાવાયું કે હાલ કોઈ બ્રિજ જર્જરિત સ્થિતિમાં નથી. NH-53ના 25, મેટ્રોના 7, SUDAના 7 અને રેલવેના 45 બ્રિજ ઉપરાંત અનેક સરકારી ઇમારતોની સમીક્ષા રિપોર્ટ પણ બેઠકમાં રજૂ કરવામાં આવ્યો હતો.

આ તમામ પ્રયાસો સંકેત આપે છે કે સુરત મહાનગરપાલિકા ન માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની દિશામાં આગળ વધી રહી છે, પણ નાણાકીય રીતે પણ પોતાની વિશ્વસનીયતા અને જવાબદારી સાબિત કરવા માટે સક્રિય છે.

વીવનીટ એક્ઝિબિશનમાં 11 હજારથી વધુ મુલાકાતીઓ - આગામી 6 મહિનામાં 500 કરોડથી વધુના વેપારની અપેક્ષા

રિઅલ એસ્ટેટ હાઈટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેક્સટાઇલ ગ્રોથનો જોરદાર મોમેન્ટમ

યુગેન રિઅલ્ટી, સુરત.

સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે SGCCI દ્વારા આયોજિત ત્રિદિવસીય **"વીવનીટ" ટેક્સટાઇલ એક્ઝિબિશન** સફળતાપૂર્વક યોજાયું, જેમાં સમગ્ર ભારતમાંથી 1000થી વધુ વેપારીઓએ ભાગ લીધો અને કૂલ 11,885થી વધુ લોકોએ મુલાકાત લીધી. એક્ઝિબિટર્સ અનુસાર, આગામી 6 મહિનામાં 500 કરોડથી વધુના વેપારની અપેક્ષા છે.

એક્ઝિબિશનના ચેરમેન કિરણ ઠુંમરે જણાવ્યુ હતું કે એરજેટના પ્લેન વિસ્કોસ તથા રેપિયરના વિસ્કોસ ફેબ્રિક્સ માટે ખાસ ડિમાન્ડ જોવા મળી. ટેક્નિકલ ટેક્સટાઇલ્સ, હોમ ફર્નિશિંગ, નાયલોન સાડી, ડાયબલ નાયલોન ફેબ્રિક અને વેલ્યુ એડિશન પ્રોડક્ટ્સ માટે પણ સારો પ્રતિસાદ મળ્યો. ગારમેન્ટ ઉત્પાદકો દ્વારા ડેનિમ માટે પણ નોંધપાત્ર માંગ નોંધાઇ.

ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું કે ઇન્દોર, પૂણે, લુધિયાણા, મુંબઇ, ચેન્નાઇ સહિતના શહેરો પરથી આવ્યા હતા જેન્યુન ખરીદદારો અને કોર્પોરેટ મેનેજર્સ. આવી સફળતાનો એક મુખ્ય આધાર સુરતની આધુનિક અને સુવિધાસભર ઇન્ફ્રાસ્ટ્રક્ચર વ્યવસ્થાઓ છે, જેમાં રિઅલ એસ્ટેટના વિકાસનો મહત્વનો ફાળો છે. સુરતની અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલપર કામનીઓ જેવી કે રુંગટા ડેવલપર્સ અને એનથેમ્સ કોર્પોરેશન તેમના ટેક્સટાઇલ ઇન્ફ્રા પાર્ક્સ પ્રોજેક્ટ સાથે હાજરી આપી હતી.

અંકુર રૂંગટા – રુંગટા ડેવલપર્સ એ યુગેન રિઅલ્ટી ન્યુઝપેપર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "ટેક્સટાઈલ ઉધોગ સુરતની આર્થિક લાઈફલાઈન છે, અને એના વિકાસ માટે વર્લ્ડક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુપરત કરવું એ અમારું દાયિત્વ છે. રુંગટા ડેવલપર્સ તરીકે અમે માત્ર ઇન્ડસ્ટ્રિયલ પાર્ક બનાવતા નથી, પરંતુ એક ધમધમતી ઇકોસિસ્ટમ ઊભી કરીએ છીએ જ્યાં ઉધોગોને વિકાસ માટે સપોર્ટ મળે. અમે ગૌરવ અનુભવીએ છીએ કે ટેક્સટાઈલ ઉધોગના 'સાઈલન્ટ પાર્ટનર' બની શક્યા છીએ."

નિકુંજ ગજેરા – એનથેમ્સ કોર્પોરેશન એ જણાવ્યું હતું કે, "કોઈપણ ઉધોગ મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પાયા વગર આગળ વધી શકે નહીં. એનથેમ્સ કોર્પોરેશન ટેક્સટાઈલ સેક્ટર માટે એવા ઇન્ડસ્ટ્રિઅલ સ્પેસ બનાવી રહ્યું છે જે ટેક્નોલોજી, એફિશિયન્સી અને એસ્થેટિક્સનો પરિપૂર્ણ સમન્વય કરે છે. અમારા માટે આ પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમનેટ એક ટેક્સટાઈલ ઉધોગના વિકાસ માટેનું સોપાન છે – અને એ ભવિષ્યને આગળ ધપાવવાનો અમને ગર્વ છે."

વૃદ્ધિ પામતાં રિઅલ એસ્ટેટ સેક્ટર હવે માત્ર રેસિડેન્શિઅલ કે કોમર્શિયલ બિલ્ડીંગ્સ પૂરતું સીમિત નથી રહ્યું, પણ ઇન્ડસ્ટ્રીઅલ સેગમેન્ટમાં ટેક્સટાઇલ ઉધોગ માટે વર્લ્ડક્લાસ ઇન્ડસ્ટ્રીઅલ પાર્ક્સ, શેડ્સ, ગોડાઉન, મોલ અને લોજિસ્ટિક્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરીને તેનો પાયો મજબૂત કરી રહ્યું છે. સુરતનું કન્સ્ટ્રક્શન ઇકોસિસ્ટમ હવે ટેક્સટાઇલ ઉધોગના નવા યુગની પાછળ ઊભું રહેલું "સાઈલન્ટ એન્જિન" બન્યું છે.

અંકુર રૂંગટા - રુંગટા ડેવલપર્સ

નિકુંજ ગજેરા - એનથેમ્સ કોર્પોરેશન

SEBA
SURAT EAST
BUILDERS
ASSOCIATION

Shaam - E - Seba

સુરત ઈસ્ટ બિલ્ડર્સ એસોસિએશન SEBAની પ્રથમ વર્ષગાંઠની ભવ્ય ઉજવણી

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત ઈસ્ટ બિલ્ડર્સ એસોસિએશન (SEBA) ની સ્થાપનાને એક વર્ષ પૂરુ થયું. રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં સુરતના પૂર્વ વિસ્તારમાં ડેવલપર્સને સામનો કરવી પડતી નીતિગત અને આયોજન બાબતી સમસ્યાઓને ઉકેલવા માટે, SEBA એ 1 ઓગસ્ટ 2024ના રોજ એક મહત્વપૂર્ણ પહેલ તરીકે સેબાની સ્થાપના થઇ હતી. એક વર્ષની સફળ યાત્રા બાદ, SEBA એ તેના પ્રથમ સ્થાપના દિવસ નિમિતે 'શામ-એ-સેબા' કાર્યક્રમ સાથે ભવ્ય ઉજવણી કરી.

1 ઓગસ્ટ, 2025ના રોજ મનોરથ બેન્ક્વેટ હોલ ખાતે યોજાયેલી આ ખાસ સંધ્યામાં પ્રખ્યાત કલાકાર ઓસ્માન મીર અને આમિર મીરની લાઇવ મ્યુઝિકલ કોન્સર્ટ આયોજન કરવામાં આવ્યું હતું. આ સુપ્રસિદ્ધ સંગીતમય સાંજમાં 2200થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના જાણીતા બિલ્ડરો, તેમના પરિવારજનો અને રાજકીય આગેવાનો સહીત સુરતના મેયર દક્ષેશ માવાણી, કૌશિકભાઇ વેકરીયા (નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા), સુરત BJP શહેર અધ્યક્ષ પરેશ પટેલ, SMCના વરિષ્ઠ અધિકારીઓની ટીમ અને ચીફ ફાયર ઓફિસર પણ ઉપસ્થિત રહ્યા હતા.

SEBA ના SEBA, સ્થાપક સંગઠન મહામંત્રી અને પાયાના પથ્થર એવા પુનીતભાઈ કુંભાણી (ભાગવત ગ્રુપ)એ યુગેન રિઅલ્ટી સાથે વાત કરતા જણાવ્યું કે, "SEBA એ એક વિચાર તરીકે જન્મ લીધો હતો જ્યારે સુરત પૂર્વ વિસ્તારના બિલ્ડર્સ માટે કોઈ અલગ પ્લેટફોર્મ ન હતું. વિપુલભાઈ રાદડીયાના વિચાર બીજથી પ્રેરિત થઈ આ સંસ્થા ઉભી થઈ અને આજે સુરત ઇસ્ટ ડેવલપર્સના વિકાસ માટે એક સશક્ત સંગઠન અને અવાજ બનીને ઉભરી છે. આ તો હજુ શરૂઆત છે જાહુ લાંબી મઝલ કાપવાની છે."

SEBA ના સ્થાપક પ્રમુખ શ્રેયસ સવાણી (એન્થેમ ગ્રુપ) એ આ પ્રસંગે કહ્યું હતું કે, "આ એક વર્ષમાં સૌના સહયોગથી SEBA એ જે સ્થાન મેળવ્યું છે તે પ્રસંશનીય છે. આજે સંગઠન સુરત મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર સમક્ષ વિકાસકાર્યો માટે પૂરજોશમાં રજૂઆત કરે છે અને હજુ વધુ સક્રિય થવાની તૈયારીમાં છે. આશરે 200 સભ્યોથી શરુ થયેલુ સંગઠન આજે 750+ મેમ્બર્સની ટીમ સાથે આગળ વધી રહ્યું છે."

SEBA ને સફળ બનાવવામાં મોટી ભૂમિકા ભજવનાર નેતૃત્વ ટીમ — પુનીતભાઈ કુંભાણી, શ્રેયસ સવાણી, વિપુલભાઈ રાદડીયા, દીપેશ ધાનાણી, નિકુંજભાઈ ગજેરા, હિરેન પટેલ, કમલેશ કોરાટ, સંજયભાઈ ચોડવડીયા, ભાવેશભાઈ ગજેરા, શરદ આણદાણી, કૌશિક વરતેજ, અભય બરવાળિયા, ધનશ્યામ નસિત, કાર્યકારી સમિતિ અને સક્રિય સભ્યોએ અદભૂત આયોજન કરી આ ઉજવણીને યાદગાર બનાવી.

કાર્યક્રમ દરમિયાન SEBA ની આગામી નોલેજ સિરીઝ કાર્યક્રમોની પણ જાહેરાત કરવામાં આવી જે યુગેન રિઅલ્ટી મીડિયા સાથે સહયોગમાં યોજાશે. SEBA વતી હિરેન પટેલ અને યુગેન રિઅલ્ટી મીડિયા વતી મનીષ તોમર નોલેજ સિરીઝ કાર્યક્રમોનું સંયોજન કરશે. પ્રથમ કાર્યક્રમ ગ્રીન બિલ્ડીંગ સર્ટીફીકેશન પર ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા ઈન્સેન્ટિવ વિષે ટૂંક સમયમાં યોજાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

ડાયાણી ગ્રુપ, સિંધી ફાઇનાન્શિયલ એડવાઈઝર્સ, શ્રી કૃષ્ણા છલેક્ટ્રિકલ, આવકાર કોર્પોરેશન, આર્કિટેક્ટ મહેશ સવાલિયા અને કલ્પેશ દેવાણી, ફોર્મિનિક એલિવેટર કંપની, બી. એલ. મણિયા, છટાલિક ડોર્સ, નાકરાણી એન્ડ સોનાની કંપની, રાધે કૃષ્ણા હાર્ડવેર, મેપલવુડ ઇન્ટરનેશનલ સ્કૂલ, હેલી કેબ, કેસરીયા નવરાત્રી, મનોરથ બેન્ક્વેટ એન્ડ પાર્ટી લોન્સ. જેવી કંપનીઓએ આ ભવ્ય ઉજવણીને સફળ બનાવવા માટે સ્પોન્સહર્ષિપરૂપે અભૂતપૂર્વ યોગદાન આપીને કાર્યક્રમને યાદગાર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. SEBA તરફથી તમામ સ્પોન્સર્સનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી.

આ પ્રથમ વર્ષગાંઠ માત્ર એક ઉજવણી નહોતી, પણ સુરત પૂર્વના બિલ્ડર્સની એકતા, દ્રઢ નિશ્ચય અને સંગઠિત વિકાસ અને વિઝનમાટેના સંકલ્પની ઉજવણી હતી. SEBA હવે માત્ર એક એસોસિએશન નહીં, પણ સુરત પૂર્વના વિકાસ માટે આશાની કિરણ બની ઊભરી રહી છે.



પુનીતભાઈ કુંભાણી (ભાગવત ગ્રુપ)
SEBA, સ્થાપક સંગઠન મહામંત્રી

શ્રેયસ સવાણી (એન્થેમ ગ્રુપ)
સ્થાપક પ્રમુખ, SEBA

વિપુલભાઈ રાદડીયા
સ્થાપક મંત્રી

દીપેશ ધાનાણી,
સ્થાપક મંત્રી

દક્ષેશ માવાણી
મેયર - સુરત

આ પ્રથમ વર્ષગાંઠ માત્ર એક ઉજવણી નહોતી, પણ સુરત પૂર્વના બિલ્ડર્સની એકતા, દ્રઢ નિશ્ચય અને સંગઠિત વિકાસ અને વિઝનમાટેના સંકલ્પની ઉજવણી હતી. SEBA હવે માત્ર એક એસોસિએશન નહીં, પણ સુરત પૂર્વના વિકાસ માટે આશાની કિરણ બની ઊભરી રહી છે.

SHREE RIDDHI CORPORATION

Crafting Landmarks. Empowering Cities. **Trusted by Generations.**

1 Crore+ Sq. Ft. Built. **17+ Years** of Trust. Countless Landmarks Ahead.

Surat | Ahmedabad | Vadodara. (Work in Pan Gujarat)

• Highrise Residential Projects

11 - Surat

03 - Ahmedabad

Commercial Projects •

05 - Surat

Government & Redevelopment Projects •

03 - Surat | 02 - Vadodara | 01- valsad

• Public Administration & Community Projects

05 - Surat

01 - Nilkanthdham Poicha

02 - Ahemdabad

01 - valsad

Trusted By Renowned Clients:

SHREE RIDDHI CORPORTION
riddhiprojects09@gmail.com
D-202, Aagam Shopping World, 2nd VIP Road, Vesu, Surat - 395007

CONTACT: +91 9099 198198

WHITE WINGS GROUP
we transform space

COMING SOON

WHITE WINGS
ATULYA
BUSINESS PARK

IDEALLY SUITED FOR :

Textile - Business Houses | Warehouses | Stitching & Packaging Units
Jari Udhyog | Rental House | Digital Print House | Transport House
Embroidery Works | IT Park | Electronic Assembly Units
Handicrafts & Artisanship | Small IT Back-end Offices

LOCATION

SITE OFFICE | Near Mansi Residency, Beside Pramukh Park Bridge, 45m CR Patil Road, Opp. Vari Gruh BRTS, Dindoli, Surat.

Book Now +91 93167 22742

Residential Projects
Torrance – Canal Road, Vesu
flamingo – Althan Canal Road
Bella casaa – Althan Canal Road
તિરુપતી – Althan Canal Road

Commercial Projects
massiMo – Althan Canal Rd
zenon – Ring Road
valentino – Udhna Magdalla Road
orleaans – Sosyo Circle, U-M Road

Land Development Projects
ovalleaf – Sarai,Navsari -Surat
BROOKLYN – Dati, Ubharat

Ongoing Projects
MĀJORIS – Majura Gate, Surat
WHITE WINGS VIVAAN RESIDENCY – Saroli Jahangirpura Rd

MEMBER OF CREDAI SURAT SGCCI
www.whitewingsgroup.com

PROJECT VIDEO

BlackInk Architect

H.O. : White Wings Group, Torrance, B-302, GD Goenka Road, Opp. Riga Street, Vesu, Surat - 395007. Gujarat Web : www.whitewingsgroup.in

INQUIRY CONTACT 96247 38900 98240 99444

anthems
આવિષ્કાર
હોમ્સ
તમારા સપનાનું ઘર
અહીંથી શરૂ થાય છે!
અમે લાવીએ છીએ એક એવું ઘર, જ્યાં શાંતિ , સુરક્ષા અને જીવન સરળ બને.
વિશાળ રૂમો, આધુનિક સુવિધાઓ અને શાંત વાતાવરણ – બધું એક સાથે તમારા નવા નિવાસ-સ્થાને.
આજે મુલાકાત લો અને આપનું નવું ઘર પસંદ કરો!
+91-6358324210


anthems
આવિષ્કાર
ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-4
17' x 100'
શું તમે વ્યવસાય વધારવા માટે એક પરફેક્ટ
ઈન્ડસ્ટ્રિયલ પ્લોટ શોધી રહ્યા છો?
તો હવે સમય આવ્યો છે એક યોગ્ય નિર્ણય લઈને, વ્યવસાયને આગળ વધારવાનો!
તમારા ઉદ્યોગના વિકાસ માટે પરફેક્ટ સ્થળ હવે તમારી રાહ જોઈ રહ્યું છે!
આવિષ્કાર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-1
ની સામે, ન્યુ આઉટર રીંગ રોડ.
+91-6358324210

KAILASH
LAKE CITY
દેવધનો સૌથી અફોર્ડેબલ પ્રોજેક્ટ!
એક નવી શરૂઆત કરો અને ભવિષ્ય માટે યોગ્ય નિર્ણય લો.
જ્યાં તમારું સપનાનું ઘર હકીકત બની શકે છે.
Residential Open Plots 12' x 38'
Devadh
ઘર નહીં, હવે ઈન્વેસ્ટમેન્ટ opportunities શોધો – તે પણ યોગ્ય જગ્યાએ!
આજે જ સંપર્ક કરો અને સ્થળ ની મુલાકાત લો.
+91-6358324210
Block No. 39, 40, 41, 43, Near Devadh
Talav, Devadh Gam, Surat.

anthems
CORPORATION
ANTHEMS
ARICA
મોટા વરાછાનું સૌથી પ્રાઈમ લોકેશન
જ્યાં સુવિધાઓ તમારા ઘરની આસપાસ જ છે.
DMart
1 KM
School
WALKING DISTANCE
Petrol Pump
NEAR 1 KM
Hospital
NEAR 2 KM
+91-6358324210
Near DMart, Mota Varachha, Surat.